॥ सा विद्या या विमुक्तये ॥

શ્રી સતપંથ જ્ઞાન સાહિત્ય સંગમ

યાને

ટુંકા ટુંકા ગદ્ય-પદ્ય સાર સંગ્રહ

આગમ (ભવિષ્ય) વાણી

: સંકલન કર્તા :

શ્રી શંકરલાલ સંપત અથર્વવેદી

ગુજરાતી વિભાગ

॥ सा विद्या या विमुक्तये ॥

卐 ॐ 卐

શ્રી સતપંથ જ્ઞાન સાહિત્ય સંગમ

યાને

ટુંકા ટુંકા ગદ્ય-પદ્ય સાર સંગ્રહ

આગમ (ભવિષ્ય) વાણી

: સંકલન કર્તા :

શ્રી શંકરલાલ સંપત અથર્વવેદી

ગુજરાતી વિભાગ

સમય સંજોગે એક આશાવાદ.

વર્તમાન સ્વદેશ ભારતીય માનવ સમાજમાં પ. પૂ. મહાત્મા ગાંધીજી જેવા ધર્મ ન્યાય નિતિના કર્મવીર પ્રગતિના પાવર હાઉસની ગરજ સારે છે. પરન્તુ પાવર હાઉસમાં ગમે તેટલી ઇલેકટ્રીક પેદા થાય, પણ એને દૂર દૂર સુધી પહોચાડનાર વિજળીના દોરડા અને તેના બીજા સાધનો ન હોય, ત્યાં સુધી તેનું અજવાળું સમાજમાં ફેલાતું નથી.

એજ પ્રમાણે—ઇદમ સત્ય સનાતન આર્ય—પવિત્રોત્તમ આદર્શ યુક્તમ; શ્રી સતપંથ ધર્મ જીજ્ઞાસુ માનવ મિત્રોએ સમજવાનું છે કે—

"પાવર હાઉસ, યાને શ્રી સતપંથ ધર્મ નિતિ દર્શક ધર્મ સંસ્થા અને તેને લાગતા વળગતા દોરડા એટલે—પ. પૂ. શ્રી સાધુઓ, મુખીઓ, મુસાફરો તથા અન્યોન્ય સમજદારો બન્ધુઓ અને ભગિનિયો આછે અન્યોન્ય સાધનો જેવાજ આપણે બધાય છે પણ કયારે ?

શ્રી સતપંથ સનાતન આર્ય પવિત્ર આદર્શ યુક્ત સદવિચારોનું જ્ઞાનરુપી અજવાળુ "ઇમાનસરીખા દીવડો અને અજવાળો ગુરૂજીના પાય" એવા યોગ્ય રીતે કરવાયોગ્ય કર્મ કરવાની ધગશ હિંમત રાખીશું ત્યારે ?

આશા સેવાય છે કે—વર્તમાન યુગના નવયુવકો માનવ અને માનવતાના જ્ઞાન પ્રસારક માનવ મિત્રો આપણે સ્વદેશ ભૂમિ ભારતવર્ષના ધર્મ કર્મ વીર બનવા, ફલે માસ્મગમઃ પ્રમાણે નહીં પણ, કર્મણ્યેવાધિકારાઃ પ્રમાણે એક માનવ ફરજ બજાવવા ભાગ્યશાળી થશે, હાલ એજ. (અપૂર્ણાંક)

આપ શ્રીમાનજીનો એક
સત્ય શોધક એવં સતપંથ પ્રચારક

ૐ નમો જયશ્રી તત્સત્ હરિ ૐ

ધર્મસ્ય તત્વમ્ નિહિતં ગુહાયામ્:
મહાજનો યેન ગતઃ સ પંથાઃ ॥
ઇદમ્ સત્ય સનાતનાર્ય શ્રી સતપંથ શ્રી જય
પવિત્રોત્તમ આદર્શયુક્ત સ્વધર્મ નિધનમ્ શ્રેયસ ॥

卐

—: આત્મશ્લાઘા, અથવા આપવખાણ :—

ચાલુ જમાનામાં જેટલાં પુસ્તકો પ્રગટ થાય છે, તે દરેક પુસ્તકોની યાદીમાં ભૂમિકા ઉપોદ્ઘાત, પ્રસ્તાવના, સૂચના, વાચકોને બે બોલ, પ્રવેશિકા કે પ્રયોજન લખવામાં આવે છે. આ પુસ્તકમાં માત્ર ટુંકે ટુંકું ગદ્ય–પદ્ય સાર–સંગ્રહ હોવાથી ઉપરના કોઈપણ વિશેષણ અથવા નામ આપી શકાય તેમ નથી. તેમ વર્તમાન કાળના ચાલતા પ્રવાહ પ્રમાણે કંઈપણ લખ્યા વિના રહી શકાય એમ નથી. એટલા માટે બીજો કોઈ શબ્દ ન લખતાં..."આત્મ-શ્લાઘા" ના મથાળા હેઠળ બે બોલ લખવા ધારું છું, કારણકે મારું કામ બીજાને પસંદ પડે કે ન પડે અને તેથી તેના વખાણ કોઈ કરે, અથવા ન કરે તેની વાટ જોવા કરતાં મારાં વખાણ મારી જાતે કરવાં એજ વધારે મને તો પ્રિય લાગે છે. કારણકે મનુષ્ય માત્રનો સ્વભાવ છે કે, કોઈપણ કામ પોતાને પસંદ પડ્યા વિના કોઇ પણ માણસ કરતો નથી. તેમ પોતે પોતાનું કામ પૂરું કર્યા પછી, મારુ કામ ખામી ભરેલું છે એમ કોઈ માનતું નથી. જેમ....

એક બાદશાહે પોતાના કાળા હબશી ગુલામને એક ફરમાન કર્યું કે :–સારામાં સારો, રુપાળામાં રુપાળો, દેખાવડામાં દેખાવડો એક છોકરો શોધી લાવ. તે હબશીએ આખા શહેરમાં ગરીબ અને તવંગર, અમીર અને ઉમરાવ ઊંચ અને નીચ. બલવાન નિર્બળ તથા ધનવાન અને નિર્ધનના હજારો છોકરા જોયા. પરંતુ જેવી રીતના ગુણ, કર્મ, સ્વભાવ કે અંગોપાંગ કે આકાર વાળો છોકરો લાવવાનું બાદશાહનું ફરમાન હતું. તેવો એક પણ છોકરો તેની નજરમાં આવ્યો જ નહીં, પરંતુ, સકળ ગુણ સંપન્ન, રૂપાળો અને દેખાવડો તેને પોતાનો જ પુત્ર લાગ્યો, એટલે પોતાના પુત્રને બાદશાહ આગળ રજૂ કર્યો અને તેના વખાણ સંપૂર્ણ રીતે કર્યાં. તેમ આ મારા ગદ્ય-પદ્ય, સાર, સંગ્રહમાં ગમે તેટલી ખામી હોય. મારા શુદ્ધ આલેખનમાં ગમે તેટલા દોષ હોય, મારા માનેલા સાર સિદ્ધાંતમાં ગમે તેટલી ભૂલ હોય, તો પણ આ મારા ગદ્ય—પદ્ય, સાર—સંગ્રહ જેટલો મને નિર્દોષ લાગે એટલો બીજાને લાગે નહિ, એ સ્વાભાવિક છે, અને તેથી જ આ પ્રસ્તાવનાનું નામ "આત્મશ્લાઘા" રાખવામાં આવ્યું છે.

સાયન્સનો એક સિધાન્ત છે કે, એક રબરના દડાને જેટલા જોરથી ફેંકવામાં આવે એટલા જોરથી સામી ભીંતે અથડાઈને પાછો આવે, પણ દડા જેવડા ગોળ પથ્થરને કે લોખંડના ગોળાને ગોફણમાં કે ગલોલે ચઢાવી ફેંકવામાં આવે તો તે જ્યાં જાય ત્યાંથી અથડાઈને પાછો આવે નહીં.

પણ ત્યાં ખાડો પાડી ને આખર સુધીની યાદગીરી કાયમ રાખે, બીજાને ભલે મારે આ ગદ્ય—પદ્ય સાર—સંગ્રહ રબરની દડા જેવા લાગે પરંતુ મારા વિચાર પ્રમાણે એ ગદ્ય—પદ્ય, સાર—સંગ્રહ ગલોલથી ફેંકેલા લોખંડના ગોળા બરાબર અસર ઉત્પન કરશે જ !

જગતની ઉત્પતિથી માંડીને આજ સુધીમાં અનેક વિદ્વાનોએ અનેક ભાષામાં પોત પોતાના સિદ્ધાંતને પ્રતિપાદન કરીને ધર્મ શાસ્ત્રના નામથી પુસ્તકો લખ્યાં છે. અથવા ગ્રંથો બનાવ્યા છે. પણ તેવો ઈશ્વર, પ્રકૃતિ અને આત્મા સિવાય બીજાનું પ્રતિ પાદન કરી શકયા નથી, તે આત્મા ત્રણ ગુણ સહિત પરા, પશ્યતિ, મધ્યમા, અને વૈખરી વાણી વાળો છે. તે આત્મા જાગૃત, સ્વપ્ન, સુપુપ્તિ અને તુર્યાવસ્થા વાળો છે, તે આત્મા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર વાળો હોઇને મહા કારણરૂપે રહેલો છે. તે આત્મા મન બુદ્ધિ, ચિત્ત અને અહંકાર તથા શબ્દ, સ્પર્શ, રૂપ રસ અને ગંધ એવી પાંચ તન્માત્રા સાથે નવ તત્વના લિંગ રૂપ સૂક્ષ્મ શરીરમાં રહીને જન્મ, જરા અને મરણના સુખ દુઃખ ભોગવતો ચોર્યાસી લાખ જીવયો-નીમાં પોતાના કર્મ પ્રવાહથી વહ્યા કરે છે. તેનું તારણ કરવા માટે આખા જગતમાં મહાત્માઓએ, વિદ્વાનોએ નહીં ગણી શકાય એટ-લા ધર્મગ્રંથો લખેલા છે અને તે ધર્મગ્રંથોને ન્યાયવત્ તપાસતાં જણાઈ આવે છે કે, દરેક મહાત્માએ, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ પાંચ વસ્તુમાં ધર્મનો સમાવેશ કર્યો છે. મતલબ કે હિંસા કરનાર, જૂઠું બોલનાર, ચોરી કરનાર, અને વ્યભિચાર કરનાર, પરિગ્રહ એટલે લોભથી વસ્તુઓનો સંગ્રહ કરનારાઓ, આસુરી પ્રકૃતિના, અધર્મી અને પાપી હોવાથી તેને નર્કના અધિ-કારી માનેલા છે. અને હિંસા નહીં કરનાર, જૂઠું નહિ બોલનાર, ચોરી નહિ કરનાર, વ્યભિચાર નહિ કરનાર, તથા લોભની વસ્તુમાં નિર્મોહી રહેનાર, દૈવી પ્રકૃતિના, ધર્મીષ્ટ અને સ્વર્ગના અધિકારી માનેલા છે એવી રીતે આખી દુનિયામાં દુનિયાના ધર્મ–ગુરૂઓએ જગતને સ્વર્ગે અથવા મોક્ષે જવા માટેનો સરલ, સીધો અને નિર્ભય માર્ગ બતાવવાથી જગત તેની પાછળ પડેલું દેખાય છે પણ તેને અનુગામી થયેલું દેખાતું નથી.

જેમ એક મનુષ્યની આંખમાં વિકાર હોવાથી તે એક વસ્તુને બે વસ્તુ દેખે છે અને પોતાના હાથે બેઉ વસ્તુને પકડવા પ્રયત્ન

કરે છે જેથી એકે વસ્તુ હાથમાં આવતી નથી. તેમ જગતની દૃષ્ટિમાં વિકાર હોવાથી તેની આંખે ધર્મ ગુરૂઓએ બતાવેલા સીધા માર્ગના બે ફાંટા દેખાય છે એટલે સત્ય માર્ગથી ચૂકી જઇ અસત્ય માર્ગે ઠરખાતા હેરખાતા દોડતા ચાલ્યા જાય છે. તેને ઉલટે માર્ગે જતાં જોઈને ધર્મ ગુરૂઓ તેને પાછા વાળવાના સતત પ્રયત્ન કરી રહ્યા છે પરંતુ પ્રવાહમાં પડેલા ઉન્માર્ગ ગામીઓ કોઈની વાત સાંભળતા નથી. એટલે જેમ મહાત્માઓ, મહર્ષિઓ ધર્મગુરૂઓ અને તત્વ-જ્ઞાનીઓએ અનુભવેલા, જોયેલા, વિચારેલા, અને અનુમાનથી સિદ્ધ કરેલા સુખના સાધનો તેઓના રચેલા ગ્રંથોમાં જ રહી ગયા છે તેમ મારા આ ગદ્ય—પદ્ય સાર—સંગ્રહમાં લખાયેલા અને ગોઠવાયેલા વિચારો આ પુસ્તકમાં જ રહી જાય તો તેથી મારે આશ્ચર્ય પામવાનું કારણ નથી, પરંતુ એક પ્રશ્ન ખડો થાય છે. કે જ્યારે જગતમાં લખવાનું હોય પણ તે વાત સાંભળવાને અથવા સમજવાને જગતને રુચતું નથી. અને તે ઉપરાંત તે બાબત ધર્મ શાસ્ત્રમાં એવી રીતે લખેલી છે કે જેમાં સુધારાને સ્થાન નથી, તો પછી આ ગદ્ય-પદ્ય; સારસંગ્રહ પુસ્તકથી વધારે શું લાભ થવાનો છે? તેના જવાબમાં મારે કહેવું જોઈએ કે, સાયન્સના સિદ્ધાન્ત પ્રમાણે શબ્દનો લય થતો નથી એટલે વૈખરી-વાણીએ ઉચ્ચાર થયેલા શબ્દોનો આકાશમાં લય થતો દેખાય છે પણ તે શબ્દો નાશ પામતા નથી. જેમ પાણીથી ભરેલા સરોવરમાં એક પથ્થર નાખીએ તો પાણીમાં તરંગ ઉત્પન્ન થાય છે તે ઉપરથી કુંડાળાં દેખાય છે. તે પાણી પાછું સ્થિર રૂપને પકડે છે. તેમાં ઉપરથી જોનાર ને નાખેલા પથ્થર દષ્ટિએ પડશે નહિ, એ ખરૂ છે પણ પાણીમાં પડેલો પથ્થર નાશ પામતો નથી. તેમ વૈખરી વાણીમાં બોલાયેલા શબ્દો મહા પ્રાણના સરોવરમાં ધ્રૂજારી ઉત્પન કરીને સમાઈ જાય છે. પરંતુ તેનો નાશ થતો નથી. એટલે જેમ જેમ મનુષ્યોના વિચાર અને ચારિત્ર્ય બદલાતા જાય, તેમ તેમ મનુષ્યોને સત્યને માર્ગે ચઢાવવા

માટે જૂના ગ્રંથો કરતાં તેના સાર રૂપ વિચારોને ગ્રહણ કરી ગદ્ય–પદ્ય રૂપમાં ગોઠવી જગતની વૈખરી વાણી દ્વારા એ મહા પ્રમાણમાં ધ્રૂજારી ઉત્પન્ન કરાવી, શબ્દ સમૂહમાં વધારો કરવો જ જોઇએ; એવુ મારૂ માનવું હોવાથી આ મારા ગદ્ય—પદ્ય સાર સંગ્રહને નિરર્થક કે અરણ્યરૂદનવત હું માનતો નથી.

મારા આ ગદ્ય—પદ્ય, સાર–સંગ્રહમાં કોઇપણ નિશ્ચિત એક શાસ્ત્રનાં પ્રમાણ આપીને વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું નથી, પણ માત્ર અનુવાદ અને યુક્તિથી વિષયનું સ્વરૂપ રચવામાં આવ્યું છે. કારણ કે જો શબ્દવાદમાં ઉતરું તો શબ્દના અનેક અર્થ હોવાથી શબ્દની મારા મારી થાય. જો શાસ્ત્રના પ્રમાણ આપુ તો; તે પ્રમાણથી ઉલટા પ્રમાણ વાળા શાસ્ત્રોનો અપવાદ આવે, જેમ બ્રાહ્મણ શબ્દ લઇને બ્રાહ્મણ વર્ણનું સ્થાપન કરી તેની પુષ્ટી માટે વેદ આદિ શાસ્ત્રોનો પ્રમાણ આપવામાં આવ્યા હોય તો વેદ આદિ શાસ્ત્રોને નહિ માનનારાઓ તેને પ્રમાણ માને નહિં. એટલે આદિ શાસ્ત્રો પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્ર એ ચાર વર્ણની વ્યવસ્થા ગોઠવવા માટે દરેક દેશમાં ઉત્પન્ન થતા જ્ઞાનવાન, બલવાન, શ્રીમાન અને બુદ્ધિમાન, એવા ચાર વર્ગ પાડવામાં આવ્યા કે જેથી વર્ણાશ્રમનો વિષય દરેક મનુષ્યને ઉપયોગી થાય, અને તેથી જ મારા તમામ આ ગદ્ય–પદ્ય, સાર સંગ્રહનો યુક્તિવાદ અને તર્કવાદ ઉપર લખાયેલા છે અથવા કહેવાયેલા છે. જેમ ઇતિહાસના લખનારાઓના હાથમાં તામ્ર પત્ર અથવા એક શિલાલેખ અથવા થોડાક જુના સિક્કાઓ આવે, કોઈ શહેરના જુના ખંડેરો જોવામાં આવે કે તે ઉપરથી તર્ક કરી તે તર્ક ઉપર યુક્તિ ચઢાવી, તે યુક્તિ પ્રમાણે પ્રત્યક્ષમાં ઈતિહાસ બનેલો હોય, તેવા રૂપમાં તેઓ તરફથી આખો ઇતિહાસ તૈયાર કરવામાં આવે છે. તેમ વેદ ધર્મને શિલાલેખ જેવો, ઉપનિષદોને તામ્રપત્ર જેવા દર્શન શાસ્ત્રોને જુના સિક્કાઓ ધર્મને અને ચાલતા પૌરાણિક ધર્મ ઉપરથી વિકાસ પામીને જૈન

સમાજની કૃતિમાં આવીને, ધર્મના ઉપર બલવાન થઈને જે રૂઢીરૂપે મોટા મોટા ખંડેરો જોવામાં આવે છે. તેની બનાવટ; અને તેની ગોઠવણી તેની આકૃતિ અને તેના દઢ થઈ ગયેલા રિવાજ ઉપર કલ્પના કરીને મેં મારા આ ગદ્ય-પદ્ય, સાર-સંગ્રહની ગોઠવણ કરી છે. અને તે કલ્પનાનું ખંડન કરે એવો કોઈ વાદી મળશે કે ઉત્પન્ન થશે નહીં. અને કદાચ ઉત્પન્ન થાય તો મારા વિરુદ્ધ મારા જેવી સચોટ કલ્પના કરી શકશે નહીં એવી મારી દૃઢ માન્યતા છે.

મનુષ્ય ગમે તેવો હોય, પણ તેને માથે દેવઋણ. પિતૃઋણ અને ઋષિઋણ અદા કરવાનું હોય છે. તે પ્રમાણે દેવઋણ, પિતૃઋણ કરતાં વર્તમાન સમયે આ પુસ્તકમાં "સત્યનું શોધન, કરતાં સમજવામાં આવ્યું છે કે, વેદ-માનવ-ધર્મ સનાતન-માર્ગ નિતીક-રૂપ જે-સતપંથ-સાહિત્યમાં ભૂત-વર્તમાન અને ભવિષ્યનું ચિત્ર રૂબરૂ આપણા સમક્ષ શ્રી સતગોર પાત્રબ્રહ્મા ઈન્દ્ર ઈમામ શાહે તથા અન્યોન્ય વિભૂતિઓ એ ઊભુ કર્યું છે. અને તે સાહિત્ય-પદ્ય રૂપ માતૃભાષા ગુજરાતીમાં હોવાથી તેમ કરતાં અનેકને સમજવામાં આવે માટે સરલ હિન્દી-દેવ નાગરી લીપીમાં વર્તમાન સમયની ભાવી પેઢી માટે કે તે આજે હિન્દી ભાષાનો અભ્યાસ કરી રહેલ છે. તેમને માટે સતપંથ શું છે? સમજવા માટે આ વર્તમાન પુસ્તકમાં હિન્દી, ગુજરાતી, મરાઠી ભાષાઓ સાથે ગદ્ય-પદ્ય રૂપ વાચન-પાઠ અને કાવ્ય રૂપ કે જેમાં સત્યનું મંડન કરેલું છે. પણ અસત્યનું ખંડન કર્યું નથી. ધર્મનું મંડન કરેલું છે, પણ અધર્મનું ખંડન કર્યું નથી. પરંતુ શુદ્ધ સનાતન આર્ય (પવિત્ર) વૈદિક ધર્મથી આપણે કેટલા વેગળા ગયા છીએ. અને ધર્મ રૂપ માતાના પ્રેમને ભૂલીને રૂઢી રુપ અપરમાતાના કેવા ગુલામ બન્યા છીએ. તે બતાવીને સદરહુ પુસ્તક—શ્રી સનાતન આર્ય (પવિત્ર) ધર્મ માર્ગ શ્રી સતપંથ—સમાજને ભેટ આપી હું આજે ઋષિઋણથી મુક્ત થાઉં છું.

કોઈપણ જાતનું પુસ્તક કોઈપણ તરફથી પ્રગટ કરવામાં આવે કે રચવામાં આવે તેના ત્રણ વર્ગ પાડી શકાય છે જે પુસ્તકમાં સર્વ વિદ્યાનાં મૂળ-તત્ત્વો હોય છે. દુનિયામાં ગમે તેવી વિદ્યાંની શોધ થાય તો પણ તેનું મૂળ તે પુસ્તકમાં હોય જ, તેવાં પુસ્તકને સર્વજ્ઞ ઇશ્વર નિર્મિત માનવામાં આવે છે. ટૂંકમાં કહીએ તો આખી દુનિયાના ગ્રંથકારોએ જેનો આશ્રય લીધો હોય. પરંતુ તે પુસ્તકે કોઈનો પણ આશ્રય ન લીધો હોય એવા પુસ્તકને ઈશ્વરી પુસ્તક માનવાં પડે છે. અને તેવાં પુસ્તકમાં આર્ય સમાજે તથા સનાતન વેદને માનભરી પ્રજાએ અપૌરુષ્ય બોધ એવાં વેદને જ માનેલ છે એટલે સિવાય કોઈપણ પુસ્તક પ્રાચીન કે ઈશ્વરકૃત કહી શકાતું નથી.

બીજા વર્ગમાં ઋષિકૃત પુસ્તકોનો સમાવેશ થાય છે એટલે જે પુસ્તકમાં કોઈના પણ સ્વાર્થ વિના, કોઈપણ જાતના પક્ષપાત વિના માત્ર મનુષ્યને ધર્મ-અર્થ કામ અને મોક્ષનું જ્ઞાન મળે અને તે જ્ઞાન કોઈપણ દેશના, કોઈપણ વર્ણના, કોઈપણ ધર્મના કોઈપણ મનુષ્યને પ્રતિકૂળ પડે નહિ એવું જ્ઞાન જે પુસ્તકોમાં લખેલું હોય તે પુસ્તકને ઋષિકૃત માનવામાં આવે છે. પરંતુ જે પુસ્તકમાં એકનું સ્થાપન અને બીજાનું ઉત્થાપન હોય, બીજાના સુખને ભોગે એકને સુખ મળવાના સાધન હોય અથવા કહો કે જે પુસ્તકોમાં પરસ્પર વિરોધી વાતો લખાઈને માન-બડાઈ અને ઈર્ષ્યાનું સ્થાપન હોય અને મારામારી, કાપાકાપી, લૂંટફાટ, છલકપટ, પ્રપંચ, કામ, ક્રોધ, લોભ, મોહ, લજ્જા, ભય, શોક અને માયાની જાળ બીછાવેલી હોય તે પુસ્તકો મનુષ્યકૃત કહેવાય છે, જેથી આ મારા ગદ્ય-પદ્ય, સાર-સંગ્રહના પુસ્તકને હું ઋષિકોટીમાં ગણાવું તો તેમાં કંઈ ખોટું કહેવાય નહિ.

વર્તમાન કાળમાં કોઈપણ મત-પંથ સંપ્રદાય, તરફથી જન સમૂહને ઉપદેશ આપવા માટે પુસ્તક પ્રગટ કરવામાં આવતું

હોય છે અથવા ઉપયોગી કે નિરુપયોગી કથા વાર્તા કે નોવેલ કે રાગ રાગણી, ગીત કે રાસડાના જે જે પુસ્તકો પ્રગટ થાય તે દરેક પુસ્તક ઉપર પહેલેજ આને લખેલું જોવામાં આવે છે કે આ પુસ્તકના સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે. આ પુસ્તકનો કોપી રાઈટ બીજાને નથી, આ પુસ્તક ૧૮૬૭ના ૨૪માં એક્ટ પ્રમાણે રજીસ્ટર કરાવેલું છે. તે વાંચીને મને આશ્ચર્ય થાય છે, કે જે પુસ્તક વાર્તાના કે નોવેલના હોય ગરબી ભજન ના હોય, હુન્નર વિદ્યાની કળા ના હોય, મતલબ કે જે પુસ્તકમાં એકજ મનુષ્યનો લાભ સમાયેલો હોય અથવા એકજ મનુષ્યનો સ્વાર્થ સમાયેલો હોય તે પુસ્તકના હક્કો ભલે સ્વાધીન રાખે; પરંતુ જે પુસ્તકો ધર્મ સંબંધી હોય. પુસ્તક લખનારનો હેતુ પોતાના ધર્મને આખી દુનિયામાં ફેલાવવાનો હોય તેવા વિસ્તૃત હેતુવાળા પુસ્તકનો સર્વ હક્ક સ્વાધીન રાખીને તેનો ફેલાવો થતો અટકાવવો એ શું વ્યાજબી ગણાય ? તેમાં વળી સનાતન ધર્મ સમાજ અને આર્ય સમાજ કે સત પંથ કે જે વેદને ભણવાં ભણાવવાનો મનુષ્ય માત્રનો હક્ક સાબિત કરે છે. અને વેદ ધર્મ આખી દુનિયામાં ફેલાવવાનો દાવો કરે છે. તે સમાજ પોતાના પુસ્તકના કોપીરાઈટ રાખીને પોતાનું અંતિમ લક્ષ બિંદુ શી રીતે સિદ્ધ કરશે ? તે સમજી શકાતું નથી !!! દુનિયામાં ચાલતા તમામ ધર્મ મત પંથ સંપ્રદાયો "વસુધવં કુટુંબકમ્" એવો દાવો કરે છે એટલે આખી દુનિયામાં મારું કુટુંબ છે એમ માન્યા પછી પોતા તરફથી પ્રગટ થયેલા પુસ્તકને રજીસ્ટર કરાવો તેનો ફેલાવો થતો કે પ્રચાર થતો અટકાવીને પોતાના કુટુંબીઓમાં જ વૈમનસ્યતા ઉત્પન્ન કરે છે એ શું વ્યાજબી ગણાય ? આ પ્રશ્નનો જ. સનાતન સમાજ શ્રી. આર્ય સમાજ, શ્રી. સતપંથ સમાજ કે અન્યોન્ય સમાજના નેતા અને આગેવાન ગણાતાં વિદ્વાન મનુષ્યો એવા જવાબ આપે છે કે જો રજીસ્ટર કરવામાં ન આવ્યું હોય, તો તે પુસ્તકોનું અસ્તિત્વ અખંડિત પણે જળવાઈ શકે નહિ. પરંતુ

એવું કહેનારા ભૂલે છે કે, મુંબઈ શહેરના સદ્‌ગત શ્રી શેઠ પ્રયાગજી ઠાકરશી સુળજી જેણે અથાગ પરિશ્રમ કરીને અનેક શાસ્ત્રોનું દોહન કરીને "પ્રમાણ સહસ્ત્રી" નામનું પુસ્તક લખી આ ગ્રંથ કંઈપણ ફેરફાર વગર છાંપવાની તથા તેનું ભાષાન્તર કરવાની સર્વને છૂટ છે, એવી છૂટ આપીને તે પુસ્તકની કિંમત રૂા. ૨–૫૦ પૈસા રાખી વાચનના શોખીન અને અધિકારીને ભેટ આપવા ઠરાવેલ છે. અને એ પ્રમાણે તેની પાંચમી [આજે વર્તમાન સમયે વિશેષ વધારાની] આવૃત્તિ ઈ. સ. ૧૯૦૬માં બહાર પાડવામાં આવી હતી છતાં તે પુસ્તકને છપાવવાની આજે કોઈની હિંમત ચાલતી નથી. જો ગ્રંથકર્તા નિઃસ્વાર્થ પણે પોતાનું પુસ્તક છપાવે અને નફાની આશા રાખ્યા સિવાય તે પુસ્તકની કિંમત ઠરાવે તો કોઈપણ વેપારી તે પુસ્તકને છપાવવાની હિંમત કરી શકે નહીં, તે પ્રમાણે નહિ કરતા જેવો પોતાનો સ્વાર્થ સાધવા માટે નફો ચઢાવીને પુસ્તકનું કોપીરાઈટ રાખે છે, તેવો પોતાનું તથા સમાજને કેટલું નુકસાન કરે છે તે નીચેનાં એક જ દાખલાથી સમજાશે.

જ્યારે વેદનો અધિકાર પોતાને માટે રાખ્યો અને ત્રણ વર્ણને વેદશાખા રહિત બનાવી, જેથી વેદનું અખૂટ જ્ઞાન સંકુચિત દશામાં આવી ગયું. અને ત્રણ વર્ણના લોકો પુરાણ ધર્મ તરફ વળી જઈ ને, વેદોનાં નામ સુદ્ધાં પણ ભૂલી ગયા. અને વેદને નામે વેદથી અજ્ઞાત લોકોમાં સ્વાર્થી અને પાખંડી—મત-પંથ અને સંપ્રદાયોનો એટલો પ્રચાર થઈ ગયો કે કેટલાક બ્રાહ્મણોને પોતાનો સ્વાર્થ સાધવા માટે અથવા પોતાનો નિર્વાહ ચલાવવા માટે પોતાનો સ્માર્તધર્મ—સ્વાર્થ—સાધવા માટે ધર્મ મૂકીને પોતાને તે તે સંપ્રદાયની કંઠી બંધાવવી પડી અને બ્રાહ્મણેત્તર જાતિના અથવા બ્રાહ્મણ સમાજથી બહિસ્કૃત થયેલા ધર્મગુરૂઓને પોતાના ગુરૂ માનવાની ફરજ પડી. જો બ્રાહ્મણોએ વેદનો કોપીરાઈટ પોતાની પાસે ન રાખ્યો હોત, અને વેદધર્મ

પ્રમાણે વર્ણાશ્રમ ધર્મ ચાલુ રાખ્યો હોત તો આજે આપણો ધર્મ પરદેશીઓથી પદચલિત થઈ રહ્યો છે તેવી દશા પામ્યો હોત નહિ. બ્રાહ્મણોએ ગુરૂપણું મૂકીને ગોરપણું લેવાનો વખત આવવાનું કારણ એ જ કે સર્વહક્કસ્વાધિનનું ફળ મારી નજરે દેખાય છે અને એટલા જ માટે મારી આ ગદ્ય–પદ્ય સંગ્રહનો મેં કોપી રાઈટ રાખ્યો નથી. અને આશા રાખું છું કે ધર્મને ફેલાવવાની આશા રાખતી ધર્મ સંસ્થાઓએ પોતાના ધર્મનો ફેલાવો કરવાની આશા રાખનારાઓએ પોતાના ધર્મગ્રંથોનો અથવા પોતાના કર્મ ગ્રંથોનો અથવા પોતાના મર્મ–ગ્રંથોનો ફેલાવો કરવા માટે દુનિયાને પોતાનું કુટુંબ જાણી સર્વને પોતાનો હક્ક આપી દેવો અથવા દુનિયા મારું કુટુંબ છે એવું પીછું પોતાના માથામાં ઘાલીને ફરવા કરતાં "પૈસા મારા પરમેશ્વર અને બૈરી મારી ગુરુ, છૈયાં છોકરાં શાલીગ્રામ, ત્યાં સેવા કોની કરું ?' એ કહેવત પ્રમાણે પોતાનું ખરું સ્વરૂપ પ્રગટ કરી, દુનિયા મારું કુટુંબ છે એવું પીછું કાઢીને ફેંકી દેવું એવી મારી સર્વેને આગ્રહપૂર્વક ભલામણ છે. કારણ કે જ્યાં સુધી મનમાં ભય છે. ત્યાં સુધી ત્યાં ધર્મજ નથી એમ મારું માનવું છે. અને તે જ સત્ય છે.

હું ભણેલો નથી, પણ વિદ્વાન છું. કારણ કે વિદ્યા અને અવિદ્યાને ઓળખી શકું છું. હું પ્રખ્યાત નથી, પણ પંડિત છું. કારણ કે કોઇ પણ વાતનો પરિચ્છેદ કરી શકું છું. હું સંસ્કૃત ભણેલો નથી, પરંતુ શાસ્ત્રી છું, કારણ કે શાસ્ત્રનું રહસ્ય સમજાવી શકું છું, મારી ભાષા ઉત્તમ પ્રકારની નથી, છતાં હું વાદી છું કારણ કે હું કોઇપણ વિષય પર વ્યાખ્યાન આપી શકું છું. હું લેખક નથી. પણ સાક્ષર છું. હું ધનવાન નથી–પણ ઉદાર છું કારણ કે જિન્દગીની જરૂરીઆત કરતાં વધારે પૈસા એકઠા થવા દેતો નથી એટલે ? આજિવિકાને માટે જે ધંધો ચલાવું છું. [illegible]

માંથી જેટલા પૈસા ફાજલ પડે તેનો સંગ્રહ નહીં કરતા ફાટેલું લુગડું-કપડું પહેરું છું પણ સ્વધર્મ-સંગ્રહ-સાહિત્ય ખરીદી કરી ધર્મ મંથન, સ્વધર્મ કર્મ ઉપાસનાદિનું મન્થન કરું છું તેમજ સહચારી મિત્રોને પણ તેમ કરવા સમજાવું છું, ઉપરથી કોઈને એમ લાગે છે, કે હવે તે આત્મશ્લાઘા અથવા આપ વખાણ, કે બડાઈની હદ થઈ ગઈ કેમકે શ્રી કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઈએ એક ઠેકાણે લખ્યું છે કે, "આપ વડાઈ આપ મુખ ગાંડુ લોકો ગાય, એટલે ગાંડુ લોકો હોય તેજ સ્વયં આપ બડાઈ કરે છે. પણ હવે હું પૂછું છું કે આ જગતમાં આપ બડાઈ કોણ કરતું નથી ? સત્યનો ફાંકો રાખનાર જગતને મિથ્યા માનનાર હું અહં બ્રહ્માસ્મિ છું એમ કહી પોતે બ્રહ્મ બની જાય છે ! ! એ શું આપ બડાઈ નથી ?

જેનામાં બ્રાહ્મણ પણાનો છાંટો નથી અને જેઓ શેઠિયાઓના રસોડામાં ચા બનાવવાનું કામ કરે છતાં કહે છે કે હું બ્રાહ્મણ છું એ શું આપ બડાઈ નથી ?

પારકી આશા પર જિવનાર, પારકા ભયથી થરથરનારા, કુતરાં અને બિલાડાં જેવા પ્રાણીથી બીનારા પોતાનાં નામ પહાડસિંહ-પર્વતસિંહ-ભીમસીંહ, અર્જુનસિંહ રાખીને કહે કે અમે ક્ષત્રિય છીએ. એ શું આપ બડાઈ નથી ?

વેપારીઓ પોતાના માલનાં વખાણ કરે, શરાફો પોતાના આંટને વખાણે, ન્યાતના શેઠીઆઓ ચત્તાનું ઉંધું, ખરાનું ખોટું કરી એક કુટુંબને દુઃખના દરિયામાં ડૂબાવી પોતે સત્યવાદી અને ન્યાયી પણાનો ડોળ બતાવે એ શું આપ બડાઈ નથી ? પોતાનામાં કે પોતાની વસ્તુમાં કોઈપણ પ્રકારનો ગુણ ન હોવા છતાં વર્તમાન પત્રોમાં મૂર્ખાઓને મુગ્ધ કરનારી, લોભિયાઓને લલચાવનારી, અનુત્સાહીઓને આશા આપનારી મોટી મોટી જાહેર ખબરો આપીને પોતાની તથા પોતાની વસ્તુની બડાઈ મારે છે.

તે શું આપ બડાઈ નથી ? અર્થાત એકંદરે જોતાં આખી દુનિયા આજકાલ "આત્મશ્લાઘા એટલે આપ બડાઈની પાછળ જ લાગેલી છે તો પછી મારા જેવો એક માણસ આપ બડાઈ કરે તેમાં આશ્ચર્ય શું ? કારણ કે બીજાઓની આપ બડાઈ તે લોકોને ગાવા માટે છે ત્યારે મારી "આત્મ શ્લાઘા" લોકોના કલ્યાણ માટે છે કારણ કે આજદિન સુધીમાં મોટા મોટા પંડિતો મોટા મોટા શાસ્ત્રીઓ મોટા મોટા વકતાઓ અને મોટા મોટા ધનવાન શેઠીઆઓ જે કામ કરી શકયા નથી તે કામ મારા જેવા વગર ભણેલા એક પણ ભાષાનું સંપૂર્ણ જ્ઞાન વિનાના, એક પણ શાસ્ત્રનું સંપૂર્ણ અધ્યયન કર્યા વિનાના પૈસાની મારા મારીમાં દારિદ્ર અવસ્થા ભોગવતાં છતાં કોઇની મદદ લીધા વિના જે કામ કર્યું છે, કરું છું અને મારે હાથે થશે. પણ જેટલી ઉતાવળ કરશો, તેટલું મોડું થશે, છતાં એ કોઈ સહજ વાત નથી તો પછી આ મિથ્યાભિમાનના જમાનામાં હું અભિમાની બની જાઉં, આ માન, બડાઈ અને ઈર્ષ્યાના જમાનામાં મારામાં માન કે બડાઈ ઉત્પન્ન થાય. આ પ્રવૃતિના જમાનામાં હું નિવૃતિને નહી પામું આ એકલ પેટા જમાનામાં મારામાં ઉદારતા નહીં આવે આ સ્વાર્થી જમાનામાં મારામાં નિસ્વાર્થીપણું નહિ આવે તે છતાં હું "આત્મશ્લાઘા કે આપ બડાઇનો દોષ મારામાં વ્હોરી લઉં તેથી કંઈ દોષને પાત્ર કે ગંડકની ઉપમાલાયક થઈ શકું નહીં.

આ ગદ્ય-પદ્ય, સાર-સંગ્રહ માળાનું સંપૂર્ણ અવલોકન કરતાં આપને સમજાશે કે સમસ્ત ધર્મ શાસ્ત્રોનાં સિદ્ધાંતનું પ્રતિપાદન કરતાં જેનાથી પાંચ યમનું જેમ જેમ પાલન થતું જાય તેમ તેમ તે મનુષ્યત્વને પામતો જાય હું પોતે પણ સંપૂર્ણ મનુષ્ય ગણવાને લાયક છું. એમ મારું મન કહેતું નથી, પરંતુ માત્ર મનુષ્ય થવાનો પ્રયત્ન કરું છું. એટલું મારું મન કબૂલ કરે છે. ઇશ્વરની કૃપાથી અને પૂર્વ જન્મના સંસ્કારથી ધંધો જે હાથ લાગ્યો છે. તે ધંધો એવા રૂપમાં ગોઠવી મેં realpatidar.com

થયા કરે છે કે જેમાં પાંચે યમનું સંપૂર્ણ પાલન થઇ શકે, તો જોકે સ્થૂલરૂપ પાંચે યમમાં પૂર્ણતા મેળવી શકાય; પરંતુ એમાં મનેચ્છાને બદલે હરિચ્છા બલવાન છે. આ અનુભવ સાથે હરિચ્છા અનુસાર સ્થૂલરૂપે પાંચે યમમાં પૂર્ણતા મેળવી શકાશે પણ સૂક્ષ્મ રૂપમાં એટલે લિંગ શરીરથી પાંચે યમ પાળવાનું હરિચ્છાનુસાર અશક્ય છે, શક્ય નથી. અને તે યમની પૂર્ણતા થયા વિના હું જરયુજ ખાણુનો મનુષ્યાકૃતિનો એક પ્રાણી છું. પરંતુ મનુષ્યના ગુણ, કર્મ, સ્વભાવ, પ્રમાણેનો મનુષ્ય કહેવડાવવાને અધિકારી હજી થયો નથી, અને તેથી હું મારા વખાણ મારા મોંઢે કરું તેમાં દોષને પાત્ર ગણાઈ શકું તેમ નથી.

આ મારું પુસ્તક દુનિયાને ભેટ આપવાનું હોવાથી બીજા પુસ્તકોની પેઠે 'અર્પણ પત્રિકા', લખવામાં આવી નથી, તેમ મેં મારા આત્મ બલથી ઉપાર્જન કરેલા દ્રવ્યનો વ્યય કર્યો છે. જેથી કોઈ ધનવાનનો ઉપકાર માનવામાં આવ્યો નથી, પરંતુ જેના તેજથી હું પ્રકાશમાન થયેલો છું. જેની વિદ્યાના પ્રકાશથી હું વિદ્વાન બનેલો છું, જેના નિષ્પાપ અંતઃકરણના વિચારથી મારું અંતઃકરણ દેશનું જે છે તે તમામ મારું છે. તેમ જ મારું જીવન તમામ મારા દેશ માટે છે અને આખા દેશની વિભૂતિ મારા માટે છે.

એવું તત્ત્વ મારામાં ઉમેરાયું તે શ્રી સત પંથ સનાતનાર્ય પવિત્ર માર્ગ દર્શક શ્રી સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઇમામશાહજી કે જેઓએ વર્તમાન ચતુર્થ કલજુગ સંઘે

एक सद्‌विद्या बहुधा वदन्ती, स एष एकं वृदेक,
आचारे प्रभवो धर्म, तस्माच्छास्त्रो प्रमाणम् ॥

સર્વોપનિષદો ગાવો વગેરે પ્રમાણે વેદઉપનિષદોનું ભૂત, વર્તમાન અને ભવિષ્યનું ચિત્ર ચીતરી દીધું તે વન્દે મહા પુરુષાય ચરણારવિંન્દ એવાં આ ત્રીકાલજ્ઞાની શ્રી સતગોરે

ઉપવેદની સાગર-સરીતા અને ઝરણાઓનું દર્શન માતૃભાષા (સંસ્કૃતમાંથી-પ્રાકૃત) ગુજરાતીમાં 'હંસોયથા' પ્રમાણે સાર અસાર બતાવી દીધું છે. પરંતુ તે આ વાણીનો લાભ સહિષ્ણુતાથી અમે નહીં લઈએ. તો વાંક કોનો ?

જે છે તે સત્ય છે. જેના તરફથી આ ગદ્ય-પદ્ય, સાર-સંગ્રહ કરવાની બુદ્ધિ મળી છે. તે શ્રી સતગોર પાત્રના એક શ્રી શુભવરદ્દહસ્ત એટલે વર્તમાન શ્રી મહંત સતપંથી આચાર્ય કાકાશ્રી. રામજી લક્ષ્મણજીના પ્રેમમાં પ્રેરાઈને તેમના સ્વરૂપનું ચિત્ર આ પુસ્તકના પ્રથમ પૃષ્ઠે મૂકીને પુસ્તકને શોભાવ્યું છે.

વર્તમાન કાળમાં આખું જગત જરાક ભૂલમાં ગોથાં ખાઈ રહ્યું છે. અને દરેકના મુખથી એવું સાંભળવામાં આવે છે કે, "જરાક ભૂલ થઈ ગઈ એ એટલી ભૂલ ન થઈ હોતતો હું આટલું કામ કરી શકત, પરંતુ દુનિયા તે જરાક ભૂલ તરફ ધ્યાન નહિ આપતાં તે ભૂલને આંખ આડા કાન કરી નીભાવી લે છે. તેવી રીતે આ પુસ્તકમાં બોલનારની, લખનારની, ટાઈપ ગોઠવણારની કે પ્રુફ સુધારનારની જરાક ભૂલ થઈ ગઈ હોય અને તે ભૂલ જેની દૃષ્ટિએ દેખાય તેને જે સુધારીને વાંચશે તેઓને ધન્યવાદ આપું છું. એટલું લખ્યા પછી હું મારી 'આત્મા શ્લાઘા, અથવા આપ વખાણને લંબાવીને વાંચક વર્ગને કંટાળો આપવા ઇચ્છતો નથી, જેથી વિરામ પામી તે પરમકૃપાળુ, અખંડાનંદ, સર્વજ્ઞ, સચ્ચિદાનંદ, સર્વાન્તર યામિ અને સર્વ શક્તિમાન પરમાત્મા પાસે એટલી યાચના (ગુન્હા) કરું છું કે, મારામાં મનુષ્યત્વને ઠેકાણે જ્યાં જ્યાં જેટલી જેટલી પાશવવૃત્તિ રહેલી હોય તેને, તથા મનુષ્ય માત્રમાં જ્યાં જ્યાં પશુવૃત્તિ રહેલી હોય તેને તારા સર્વ શક્તિમાન ગુણે કરી. વિરામ પમાડી જગતના તમામ મનુષ્યો પોતાના ગુણ કર્મ સ્વભાવથી મનુષ્યપણાને પામે અથવા મનુષ્યતા ધારણ કરી, એક સંપથી, એક દિલથી જેમ

હાથ પગ, આંખ શરીરને અથવા તમામ શરીરના જુદા જુદા આકારવાળી, જુદાં જુદાં ગુણ કર્મ સ્વભાવવાળી, જુદાં જુદાં કામ કરનારી ઈન્દ્રિયો જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે એક બીજાને સહાય કરવા દોડી જાય છે અને એક બીજાને સુખે સુખી અને દુઃખે દુઃખી જણાઈને કોઈપણ જાતના સ્વાર્થ વિના એક બીજાના રક્ષણ કરે છે. તેવી રીતે મનુષ્ય માત્રમાં તેવો ગુણ–કર્મ સ્વભાવ પ્રકટ થાય એટલી પ્રાર્થના કરી હું વિરામ પામું છું તથાસ્તુ.

.. ... લેખ સંગ્રાહક એવં પ્રકાશક......

શ્રી માન્યવર પંડિતો, શાસ્ત્રીઓ સદ્દધર્મ સંતપંથ પ્રચારક ધર્મગુરૂઓ, ઉપદેશકો, સાક્ષરો, વકતાઓ, અને લેખકો મુનિઓવગેરેના દાસાનુંદાસ

પંડિત શ્રી શંકરલાલજી સંમ્પત અથર્વવેદી

ખાનદેશ (કાહુરખેડે) વાલા

મુ. પો. હરતાલા તા. ભુસાવળ (E. K)

હું છું પોતે એક આપશ્રીનો,

હે સનાતનાર્ય સતપંથ ધર્મ–પ્રેમી માનવ– મિત્રો :— મારા વિશેની તમારી ચિન્તા આખરી ફરીથી તાજી થઈ છે. તેને લીધે હું પ્રભુમાં ઘણો આનંદ કરું છું. તે બાબતમાં તમે ચિન્તા રાખતા હતા, પણ તમને આવો પ્રસંગ મળ્યો ન હતો, હું કાંઈ તંગાસને લીધે બોલું છું એમ નહીં, એમ હું કહી શકું છું કે નહિ :—તેની મને શંકા નહીં કેમ કે :—જે અવસ્થામાં હું છું તેમાં સન્તોષથી રહેવાને હું શીખ્યો છું. ગરીબ થવું હું જાણું છું તથા ભરપૂર હોઉં એ પણ જાણું છું. હર પ્રકારે તથા સર્વ બાબતમાં તૃપ્ત થવાને, તથા ભૂખ્યો રહેવાને હું શીખ્યો છું તેમજ પુષ્કળ પામવાને, અને તંગીમાં રહેવાનું હું શીખ્યો છું. બહુમાન મળવાને, તેમજ અપમાન સહન કરવાને

હું શીખ્યો છું. સન્માન થતાં હું ફુલાતો નથી, અને અપમાન થતાં હું કરમાતો નથી. વિગેરે એવી મારી "સત્ અને સબુરી" ના આધારે, તેમજ જાતે અને પોતે સ્વાનુભવોથી દેશ પર્યટન અદૃશ્ય રૂપાંતરમાં કેળવણી મને મારા :—પ. પૂ. શ્રી સત્ગોર સનાતન આર્ય (પવિત્ર) ધર્મ પાત્ર ઈન્દ્ર ઈમામશાહજીના વેદ–ઉપવેદ [શાસ્ત્ર પુરાણ–કુરાન બાઈબલાદિ] વાણી કે જેને શ્રી. સતપંથ સાહિત્ય યજ્ઞ વિધિ, ગોરવાણી ભવિષ્યવાણી સો–૧૦૦ ક્રિયા તેમજ સૌ ક્રિયા કર્મ—કર્માન્તર સાહિત્ય કે જેને "કૃષ્ણં વન્દે જગદ્ગુરુ" શ્રી દ્વાપરયુગનું "મચ્યા અદયક્ષેન" પણ થી તથા "નમો સ્તુતે વ્યાસ વિશાલ બુદ્ધે" એવા મહાન પરમ પૂજ્ય અવતાર, વેદ પાત્ર ગોરનરના વાણી [વિલાસ]થી જે કંઈ "યોગઃ કર્મસુ કૌશલમ્," "સંભવામિ યુગે યુગે ગુહ્યાદગુહ્ય" નાશ પામી ગયેલ ફરીથી સમજાવ્યું. મળી ગયું એમ જણાય છે. દેશ પર્યટન કરતી વખતે કુદરતના ખુલ્લા બોધપાઠો મારી સામે તરવરે છે. તે આ છે. (૧) સૃષ્ટિ સૌંદર્ય (૨) સૃષ્ટિ નિરિક્ષણ (૩) સૃષ્ટિ જ્ઞાન આ ત્રણ સાહિત્યો બોધપાઠોમાંથી જ હું જે કાંઈ કહું છું તે :—સર્વે "શ્રી. સત્ગુરુ કૃપા હી કેવલમ્" યાને સત અને સબુરી" તેમજ દેશાટન કારણે :—સ્વાનુભવેલા સ્વાનુભવો છે. જે મને "હરી તે હરિજન અને હરિજન તે હરિ" રૂપે સામર્થ્ય આપે છે. તેની સહાયતાથી હું બધુંય કરી શકું છું જેમ બધાય કરનારાઓ કરે છે તેમ "તો પણ તમે મ્હારા સંકટમાં ભાગીદારી કરો છો તે સારું જ છે. અને તે જે કંઈ તમે કરો છો તે સારાના માટે જ કરો છો.

આ મ્હારા વિચારો પ. પૂ. શ્રી. સનાતન આર્યધર્મના મહામાર્ગ માનવતા રૂપંરૂપ કલીયુગે (સમ્ભવામિ યુગે યુગે) પ્રમાણે શ્રી સતગોર–નર પાત્રનો બતાવેલ શ્રી સતપંથાશ્રય થી સત્ય છે. આ મારો અભિમાન કે ગર્વ નથી પણ તેઓ તો "સ્વધર્મ નિધનમ શ્રેયસ અને "સ્વે સ્વ કર્મણ્યે વાભિરતઃ" યાને શાસ્ત્રાધ્યયનના

એટલે "તસ્માચ્છાસ્ત્ર" પ્રમાણે સ્વાભિમાન છે. માત્ર આરંભમાં જ્યારે હું પ્રથમ પ્રવાસે નિકળ્યો છું ત્યારે આપવા–લેવાની બાબતમાં એકલા તમારા વિના બીજા કોઈપણ મંડળીએ મારા સુખ અને દુઃખમાં સંપૂર્ણ રૂપે ભાગ લીધો ન હતો, તેમજ મારે અનેકવાર જે જે જોઈતું હતું તે બધુય તમે મોકલી આપ્યુ છે હું આજે (સુધી ભૂતકાળમાં પણ) કંઈ દાન માગતો હતો કે માગુ છું એવું નહિ સમજતાં, પણ તમારા આપણા લાભમાં ઘણું ફળ થાય એવું સમજીને માગું છું. આપની દયાથી હું ભરપૂર છું

અન્યોન્ય મિત્રો

તમો કેવા છો ? એ જાણવા હું તમારી મુલાકાત નહિ લઉં. એતો તમારા મિત્રો –સ્નેહિઓ કેવા છે ? એ બધુય જાણી લઈશ. એટલે આપોઆપ સમજાઈ જશે. ખ્યાલ આવી જશે.

સૂર્ય એ કેવો છે? તે તેની તેજસ્વીતા પરથી ખ્યાલ આવે છે.

ચંદ્ર કેવો છે ? એ તેની શીતલતાથી ખ્યાલ આવે છે......

એમ તમે કેવા છો ? એ તમારી આસપાસના વાતાવરણથી ખ્યાલ આવશે. કાં તો તમે એ વાતાવરણને, રંગી નાખ્યું છે. કાં તો એ વાતાવરણમાં તમો રંગાઈ ચૂકયા છો. અને એક વાત એ આપને કહી દઉં......? આપ વાતાવરણથી રંગાયા હો.—છો. તે આપની એ નિર્બળતા જ સૂચવે છે...... અને આપેજ વાતાવરણને રંગી નાખ્યુ હોય–છે તે પરથી આપણી શકિતનો, સામર્થ્ય નો ખ્યાલ આવે છે. અને લોકો એને જ માને છે જે વાતારણમાં રંગાયા નહિ અને નવું જ વાતાવરણ ઉત્પન્ન કરે આપ સહુ એવી શકિતને પ્રાપ્ત કરો, એ જ્ઞાનને પ્રકાશને પ્રાપ્ત કરો, એજ સદ્‌ભાવના સાથે અર્પણ.

★

ૐ નમો જયશ્રી તત્સત હરિ ૐ

એક વિનમ્ર નિવેદન સહ વિજ્ઞપ્તિ

આત્મ શ્લાઘામા અતિશયોક્તિ જણાતી હોય એટલા માટે :—

ધર્મસ્ય તત્ત્વ નિહિતમ, ગુહાયામ । મહાજનો યેન ગતઃ સ પન્થાઃ
સ્વધર્મે નિધનમ શ્રેયઃ સ સ્વેસ્વ કર્મણ્યેવાભિ રતઃ
ઈદમ સત્ય સનાતન આર્ય પવિત્ર આદર્શયુક્ત ધર્મજ્ઞાન માર્ગક્ષેત્ર.

—: શ્રી સંતપંથ કી જય :—

આપ શ્રી માન્યવર સતપંથ જીજ્ઞાસુ બંધુ ભગીનીઓ આપ માન્યવર શ્રી જીઓની સમક્ષ કાંઈક વિચારો રજૂ કરવાની મારી મહત્ત્વાકાંક્ષા અને કાંઈક અંશે કહો કે અથવા પૂર્ણઅંશે કહો પ. પૂ. શ્રી. સતગોર પાત્ર (લાયક) બ્રહ્માવતાર ઈન્દ્ર ઈમામ-શાહજીના વાયરલેશ જેવા ગુહયાદ ગુહય વિચારો અને વીલ (શક્તિ)ના પ્રોત્સાહનના પરિણામે આ ટૂકે-ટૂકે ગદ્ય પદ્ય સાર સંતપંથ જ્ઞાન—સાહિત્ય સંગમ લખવાની યોજના કોઈપણ ભાષાનું વ્યાકરણ ન આવડતું હોવા છતાં પ. પૂ. મહાત્માઓની પવિત્ર વાણીનું સંકલન કરવાના વિચારોથી શરૂ થઈ. પરન્તુ છપાવવા માટે શું ? આવા વિચારો અનેકાનેક ઉદ્‌ભવવા લાગ્યા. ઉદભવેજને ? કારણ તે નારાયણ વિષ્ણુ ભગવાન પ્રત્યે ગાઢ પ્રેમ ધરાવનાર માણસોને શ્રી લક્ષ્મી માતા બહુ પ્રેમાળ દૃષ્ટિએ નિહાળતાં નથી. એ તો સામાન્ય અનુભવ છે. પરન્તુ તે નારાયણ વિષ્ણુ ભગવાનના નામે વિચરનાર મૂઢ પ્રાણી માટે પણ તેને કેટલાક કાર્યો છેવટ પોતાની આબરૂ ખાતર પણ કરવાં

પડે છે. પોતાના પતિદેવની લાજ રાખવા ખાતર કહો કે પોતાના વાત્સલ્યથી પ્રેરાઈને કહો પણ છેવટે શ્રી. લક્ષ્મી માતા પધાર્યા ત્યારે નિમિત્ત માત્રં:—ભવ, તરીકે પ. પૂ. શ્રી. કાનજીબાપુના

તરફથી આ પુસ્તક સાહિત્ય છપાવવાના પૈસા વગર વ્યાજે મળ્યા...એમનો અપૂર્વ ઉત્સાહ અને ઉત્તેજન ન હોત તો આમારા હસ્ત લેખિત સાહિત્ય, સંગ્રહ મારી પાસે હજીએ પણ ઘણા વરસો સુધી પડયા જ રહેત માટે એમની અદ્‌ભૂત શ્રદ્ધાની સાથે એ કામ પાર પડયું એટલે સાભાર સ્વિકાર.

પ્રથમ તો સાહિત્યની અમુક એટલીજ પ્રતો છપાવી સમાજ સમક્ષ રજૂ કરવાનો વિચાર હતો. પરન્તુ એવા મોટા ગ્રન્થ જેવા ન હોવા છતાં તેની નજીવી પુસ્તકની ભારે કિંમત ન હોવા છતાં આપણા ધનીક વર્ગ શ્રી સતપંથ જીજ્ઞાસુઓમાં પણ કોઇ નહીં આપી શકે? છતાં એવા જ કેટલાક આત્મવત, આત્મપ્રેમી, સુવિચારી, મિત્રોના અભિપ્રાયથી પ્રેરાઈને સંસ્કૃત, હિન્દી; મરાઠી, ગુજરાતી એવા ચાર ભાષામાં લખાણ આપવાનું ઠીક જણાયું છે. વળી છુટક ખંડની બાંધણી પણ વધારે ટકાઉ થવાનું સંભવ છે. તથા વાંચનારને વધારે સગવડ મળે તે પણ બનવા જોગ છે. એમ હોવા છતાં આપના શ્રી સતપંથ જીજ્ઞાસુ ધનિક વર્ગમાં આવા વિષયો પ્રત્યે તથા આવા પુસ્તકોને વેચાતા લઈ યોજનાને ઉત્તેજન આપવા વિષે ઉદાસીનતા છે, એ ઘણો શોકજનક છે. સંસ્કારિતા, સદ્‌વિદ્યા, કલા તથા લોકહિતના કર્મોમાં ધનનો ઉપયોગ ન થાય તો પછી કેવળ સુવર્ણના સંચયમાં જ શી મહત્તા રહી છે?

વિના સહકાર; નહિ ઉદ્ધાર, આ મંત્રને ખ્યાલમાં લઈને જેમણે આ વર્તમાન સાહિત્યને ઉત્તેજન આપ્યું છે. તેમનો અહીં અંતઃકરણ પૂર્વક ઉપકાર માનવાની તક લઉ છું. અને ખાસ કરીને આ સાહિત્યના કારણે પ. પૂ. શ્રી. કાનજીબાપુના

તરફથી નાણાં છુટા ન થયા હોત તો આ સાહિત્ય આટલું જલદી છપાવી શકાત નહિ.

વિશ્વની ઉપાધિ મૂળ સૂક્ષ્મ બીજમાંથી ક્રમે ક્રમે વિસ્તરે છે. તે પ્રમાણે આ પુસ્તક છપાવવા સંબંધે પણ થયું. અમુક પ્રતો છપાવવાના વિચારો પછી અનુભવી સલાહકારોએ સૂચના કરી કે હજાર પ્રત કઢાવવામાં આવે તો પુસ્તક કંઈક સસ્તું પડશે. શ્રીલક્ષ્મી માતા પ્રત્યે તો મારી યાચના હંમેશની ઉભેલી જ છે.

તેમાં વળી ઉમેરો કરી તેઓ જે થોડો ઘણો પણ અનુગ્રહ કરતા હોય તે પાછો વાળી દેવાનો ભય તો હજી પણ મને છે કારણ મેં તો મારા પોતાની "આત્મ શ્લાઘા"માં ઉમેરી દીધો છે કે—હું ફાટલા, ટુટલાં કપડાં પહેરૂ છું તેમજ આપશ્રીના તરફથી વગર માગે મળેલી રકમ રૂપિયા નાણું ગમે તે સત્સાહિત્યમાં ખર્ચ પેટે મૂકયા કરૂ છું, અને વળી વધારાની જ્યારે જરૂર પડે એટલે જ આપશ્રીજીની પાસે ફરીવાર માગવા માટે હાથ પસારકર્યા કરૂં છું. તે પણ આપશ્રીમાનજીની ભલાઈ માટે જ છે.

પરન્તુ આપ શ્રીમાનજી એવું કંઈક માની લેશો નહીં કે આ વ્યક્તિ કોઈ ભિક્ષુક હશે, અને કદાચ માનતા હો તો પણ એટલો—વધારાનો સમજી સોચી લેવાની કૃપા મહેર કરશો તો બહુજ સારૂ થશે કે—

ભિક્ષુક ન ફરે ભિખવા: ફરે જ દેવાજ્ઞાન
જુવો આ મારી દશા: મેં કદિયે ન દીધું દાન

એમ છતાં તો પણ મારા સ્વભાવના લીધે સુલભ દ્રઢતાથી મેં તો જંપલાવ્યું. આ ઉપરની બધી વાતો મારા એક હવાઈ કિલ્લામાંથી ઉપજાવેલ જેવી ન હોવાં છતાં તેવી જ છે. એટલે જ મેં આ સંગ્રહને શ્રી સતપંથ જ્ઞાન સાહિત્ય સંગમ સ્થાન તરીકે નામ આપી, અપનાવ્યું છે.

આ વર્તમાન સાહિત્ય સંગમ છપાવતાં અમુક ભૂલો કદાચ

રહી ગઈ હોય એમ જણાતું હોય તો તે આ સાહિત્ય સંગ્રાહકની જ માનવી. નહિ કે મુળ લેખક અથવા કવિશ્રીજીઓની

—: વિજ્ઞપ્તિ :—

આ પુસ્તકમાં છપાવતાં મારા આત્મપ્રિય સ્નેહી ગુરૂબંધું અને સહકાર સહકાર્ય કરનાર શ્રી જે અમૂલ્ય સૂચનાઓ કરી સમય સંજોગોનો સહાય કરી છે તે માટે તેમનો અત્રે આભાર માનવાની તક લઉછું. તેમજ આ સાહિત્ય છપાવામાં પ્રેસના માલિક અને મેનેજર સાહેબે જે ઝહેમત ઉઠાવીછે, અને ત્વરા બતાવી છે તથા જે સંતોષકારક કામ કરી બંતાવ્યુ છે તે માટે તેમનો પણ અહીં ઉપકાર માનુછું. તેમજ બીજા પણ કેટલાક અજ્ઞાત હાથોએ અને અપરીચીત વ્યકિતઓએ આ સાહિત્ય છપાવવામાં સીધી કે આડકતરી રીતે જે મદદ કરી છે તે માટે તેમના નામો ગણાવ્યા વીનાજ તેમનો અનહદ ઉપકાર માની વિરમૂછું. તેમનો પરિશ્રમ પણ તે પરમપુરૂષોત્તમ પ્રભુ વર્તમાન કલીયુગાધ્યક્ષ શ્રી નિષ્કળંકી નારાયણ જનાર્દનને ચરણે અર્પણ થાઓ.

આ વર્તમાન શ્રી સતપંથ જ્ઞાન સાહિત્ય સંગમ નામક સાહિત્ય પુસ્તક ઈદમ સત્ય સનાતન આર્ય પ્રવિત્ર સ્વધર્મ નિધનમ શ્રેયઃ સ, સતપંથ માર્ગદર્શક "સનાતન સત્વ પુરૂષો મતોમે" "શ્રી સતગોર પાત્ર (લાયક) બ્રહ્માવતાર શ્રી ઈન્દ્ર ઈમામશાહજીના શુભ વરદ હસ્ત કે, કાકાશ્રી રામજી લખમણજી સતપંથાચાર્ય મહન્તજીના ભાવભિની યાદગીરી માટે તેમજ સ્વદેશ ભારતના પ. પૂ. રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધીજીની જન્મ શતાબ્દિ નિમિત શ્રધ્ધાંજલી સહ તેમને એક નિમિત્ત બનાવી શ્રી સતપંથ જીજ્ઞાસુ જગત-જનાર્દનની કર કમલમાં અર્પણ કરવામાં આવી છે. પ્રેમ અને મૂર્ખાઇ અનન્ત હોય છે. એકમાં ભાવની અંનતતા અને બીજામાં જ્ઞાનના અભાવની અનંતતા હોય છે એટલોજ ફેર, તેમજ એમનુજ પુસ્તક એમનેજ અર્પણ કર્યું એ પણ એક બનાવજ છે અનંતતાનેજ તે આભારી છે.

ૐ નમો જયશ્રી તત્સત્ હરિ ૐ

ઇદમ્ સત્ય સનાતનાર્ય પવિત્રોત્તમ આદર્શયુક્ત

—: શ્રી સતપંથકી જય : —

卐

પરમ પૂજ્ય શ્રી ઈન્દ્રઈમામ શાહ અને પરમ પૂજ્ય શ્રી રાષ્ટ્રપિતા ગાંધીજી.

દીન-ધર્મના ધાર્મિક નેતાઓએ ધર્માધિકારી સાધુ, સંત, મહંત, આચાર્ય, સંન્યાસી, ફકીરો, પીર, ગુરૂ, બ્રાહ્મણો વગેરે ધર્મના નામે થતો રક્તપાત અટકાવી શકે તો તેઓએ તેમનું ધ્યેય સિદ્ધ કરેલું ગણાશે.

વિશ્વમાં ધર્મના નામે ઘણુંય લોહી રેડાયું છે. માટે, વિશ્વના ધાર્મિક નેતાઓએ ધિક્કારને પાત્ર અને સંકુચિત મનોવૃત્તિઓને નાબૂદ કરવાનો અને પ્રજામાં શાંતિ અને એખલાસ સ્થાપવાનો પડકાર ઝીલી લેવાનો અનુરોધ કર્યા કરવો તેમ જ સ્વયં પોતે પણ ન્યાય-નીતિના માર્ગે આ બાબતમાં સંડોવાઈ રહેવું જોઈએ.

આજથી ૫૦૦-૬૦૦ વર્ષ પહેલાંની આ વાત છે કે જ્યારે સ્વદેશ ભારતમાં હિન્દુ-ઈસ્લામ આ બે કોમો ધાર્મિક બાબત-ધર્મના નામે વાઘ બકરી જેટલી જ દુશ્મનાવટ કરતી હતી. અને સમય આવતાં તેમની નાગી સમસેરો શ્રાવણ-ભાદરવાના ગડ-ગડાડ અવાજ કરતાં આકાશનાં વાદળા જેવી, તેમ જ વાદળામાં ચમકારો કરતી વિજળી સમાન રણાંગણોમાં ધૂમ મચાવતી

હતી. અને એકબીજાના જાન–પ્રાણુ લેવામાં આઘી પાછી ન કરતાં તાત્કાલિક ફેંસલો કરતા હતા.

તે સમયની આ વાત છે કે પરમ પૂજ્ય શ્રી સતગોરપાત્ર (લાયક) બ્રહ્મ ઈન્દ્ર ઈમામ શાહજી તે એકબીજા પ્રતિ મહાન દુશ્મનાવટ કરતી, હિંદુ–ઈસ્લામ આ બે કોમ વચ્ચે કોઈ પણ પ્રકારનો પક્ષપાત ન કરતાં, પક્ષપાત રહિત તેમ જ વર્તમાન સમયના પરમ પૂજ્ય ગાંધીજીએ જેમ સત્ય, અહિંસા અને પ્રેમ, સત અને સબૂરી, ધીરજ, અપકારને બદલે ઉપકાર, દયા, ક્ષમા, શાંતિના માર્ગે એટલો જ ઇદમ સત્ય સનાતન આર્ય પવિત્રોત્તમ આદર્શયુક્ત શ્રી સતપંથનુસાર પોતાનો જીવ, પ્રાણ ગુમાવી, પ્રથમ આત્મોદ્ધાર અને જગદ્ધિતાયચ પંથ ઉપર જીવનયાત્રા સંપૂર્ણ કરી છે, તે આ પ્રમાણે જ પ. પૂ. શ્રી સદગોર પાત્ર (લાયક) બ્રહ્મા ઈન્દ્ર ઈમામ શાહજીએ સુદ્ધા–

સતપંથ સદા યહ હૈ, સચ રાહ સિખા દેના;
કહ કહકે સુના દેના, કર કરકે દિખા દેના—આમુતાબિક
જીવનયાત્રા પૂર્ણાત્ પૂર્ણ કરી છે અને સાથે સાથે :

ધર્મસ્ય તત્ત્વ નિહિતમ્ ગુહાયામ, મહાજનો યેન ગતઃ સત્પન્થાઃ આં-સૂત્રાર્થ, ગુહ્યાત્ ગુહ્ય સંક્ષિપ્ત, ટુંકામાં ઘણું સાર એવા સ્વરૂપમાં સમજાવી આત્મનિર્ભર, આત્મવિશ્વાસુ, આત્મશ્રદ્ધાળુ, નિસ્વાર્થી, ઈમાની, સદ–વિવેકી, સદવિચારી માનવી–મિત્ર.

શ્રી સતપંથ સનાતનાર્ય, પવિત્રાત્તમ ધર્મ જિજ્ઞાસુઓને વેદ, શાસ્ત્ર, શ્રુતિ–સ્મૃતિ, પુરાણ, કુરાન, બાઈબલ આદિ ઈત્યાદિ દુનિયાભરના સત્સાહિત્યનો ધાર્મિક ધર્મ્યામૃતમિદં, રસામૃત પાન કરાવ્યું. તે પણ ભૂત, વર્તમાન અને ભવિષ્ય યુગાયુગનું સર્વ સાધારણ પ્રમાણયુકત ધર્મ જ્ઞાન તત્ત્વસાર સાહિત્ય સુગમ સંગમ કરી.

શાસ્ત્ર સુણીને સારનો, કરીએ સંગ્રહ કેમ ?
રજકણમાંથી શોધીને, જેમ સંગ્રહે હેમ.
સાર શોધીને સંગ્રહ કરે, ધીમન્તા નર ધીર;
હંસ જેમ હુંશિયારીથી, પીયે ક્ષીર; તજે નીર.

આ પ્રમાણે :–સત્સાહિત્ય, "નિર્વૈર સર્વ ભુતેષુ;" અનુકૂળ ગોઠવી જ્ઞાન સાહિત્ય અને ધર્મ સંસ્થા :—

ધર્મ સંસ્થાપનાર્થાયમ....સંભવામિ યુગે યુગે—પ્રમાણે ગોઠવી છે કે જેનો ઉપભોગ માનવ–મિત્રતા સહિષ્ણુતાના માર્ગે ધર્મનો અભ્યાસ કરનારને સુલભ થાય અને એટલા માટે જ એમ સમજી વિચારી જનકલ્યાણાર્થે, જનહિતાર્થે—આ એક

"શ્રી સતપંથ જ્ઞાન સાર સાહિત્ય સંગમ નામે સાહિત્ય 'આગમ ભવિષ્ય–વાણી.' ગદ્ય–પદ્ય સહ સમજુતી પાઠ. તે પરમપિતા પરમેશ્વરના ગુણાનુવાદ ગાતા–ગવાતા ગુણ–મંગલ સ્તુતિ મંગલાચરણ આરતિઓ અને સર્વ. 'સ્વધર્મ નિધનમ શ્રેય.' સંયુક્ત પ. પૂ. શ્રી સાધુસન્ત, મહન્તોના પરમ સુ. વિખ્યાત વાણી પ્રવચનો સહ. આ પ્રકાશન પ્રકાશિત જાહેર કરવામાં આવ્યું છે. માટે :—

વાચક વૃન્દ....હંસ વૃત્તિથી કાંઈક મોતિજેવી જેટલી વાણી હશે તેટલી ગ્રહણ જ કરશે એવી શુભ ચિતના–ત્મક આશા સેવાય છે. અસ્તુ.

વિશેષ : નિર્વૈર સર્વ ભૂતેષુ મહાજનો યેન ગતઃ સ પંથાઃ

ૐ

ૐ નમો, જય શ્રી, તત્સત્ હરી ૐ

શ્રી સનાતન આર્ય (પવિત્ર) સતપંથોપદેશમાલા

હે પરમપ્રિય આત્મવત્, સતપંથ, પ્રેમીબન્ધુ અને ભગિની પ્રતિ :—તમારે સઘળાનો કાંઇક એવો નિશ્ચય થયેલો છે કે પોતાની પ્રાપંચિક સામાજિક, રાજકીય અને ધાર્મિક એ ચારેય સ્થિતિ ઉત્તમ થઇ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેયની પણ સ્થિતિ અને સિધ્ધી અલ્પ કાળમાં થવાનું મુખ્ય સાધન બ્રહ્મવિદ્યાના સનાતનાર્ય (પવિત્ર) સતપંથ ધર્મની મર્યાદામાં રહી સર્વકાર્યમાં પ્રાણી માત્ર ઉપર કરૂણાદષ્ટિ રાખી સઘળા મનુષ્યો સાથે નિષ્કામ, સત્ય, પ્રેમથી માતૃ–ભાવની દઢતા કરી તેમની સાથે એકતાથી વર્તવાનો અભ્યાસ કરવો, એ જ છે કે, કેમ ?

તે માટે જે પ્રમાણે વિદ્યાર્થીઓને વ્યવહારિક સામાન્યજ્ઞાન સમજવાની શક્તિ જે પ્રમાણે હોય તે પ્રમાણે તેમણે શિક્ષણ આપવામાં યોગ્ય અભ્યાસના ધોરણો ઉત્તમ માનસિક જ્ઞાનવાળા વિદ્વાનોએ બાંધેલા છે. તે પ્રમાણે સાંમ્પ્રત સ્થિતિમાં કેવળ નિષ્કામ વૃત્તિથી અધ્યાત્મજ્ઞાન, નિત્યત્વમની પ્રાપ્તિ પોતે કરી લઇ બીજા યોગ્ય જણાવેલા પાત્રોને તે જ્ઞાન કેવળ પરમાર્થ વૃત્તિમાં આપવાની ઇચ્છા રાખનારા આગ્રહી શ્રદ્ધાવાળા ધર્મજિજ્ઞાસુઓ સારું તેને અનુકૂળ આવે તેવા શિક્ષણની અગત્યતા છે.

આધ્યાત્મ વિદ્યાનું મહા અદ્દભૂત અખૂટ જ્ઞાન ઘણું કરી આ પૃથ્વી ઉપરના મુખ્ય ૧. સનાતન હિંદુ–આર્યધર્મ, ૨. જર-

થોસ્તિ-પારસીધર્મ ૩. વિશ્વાસી-ક્રિશ્ચિયન ધર્મ અને ૪. મહમદી-ઇસ્લામ ધર્મ એમુખ્ય ચારસિવાય બીજા સનાતન હિંદુ ધર્મના ફાંટાઓ જો કે—બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ, નાનકનો શીખ ધર્મ એ સાતેમાં છે તેમાંથી અતિપ્રાચીન સનાતન (હિંદુ) આર્ય ધર્મમાં તેને અનેક વિપત્તિઓ આવ્યા છતાંય તેનો અખૂટ ભંડાર ગુપ્ત અદ્‌ભૂત પ્રેરણાથીહજીએ રહેલો છે. બીજામાં તો કાળે કરી ફેરફાર થઈ કેટલી એક સત્યતાનો નાશ થયેલો જણાય છે. એ સઘળું છતાંય કોઈપણ ધર્મમાં સાંપ્રતકાળની ઉછળતી માનસિક જ્ઞાનની પ્રજા સારૂં આધ્યાત્મવિદ્યાનું અખંડ અને અવિનાશી જ્ઞાન પ્રાપ્ત કરવા સારું પ્રથમ શિક્ષણ માટે તેના નિયમસર ધોરણો બાંધેલા જણાતા નથી. તેથી તેમાં પ્રથમ પ્રવેશ કરનારા આગ્રહી વિદ્યાર્થી (જિજ્ઞાસુ)ઓને તેનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવા સારું અતિ આગ્રહ કરવા છતાંય આ ચાલુ જન્મમાં જલ્દી તે જ્ઞાન મળી શકતું નથી.

હે શ્રી સતપંથ પ્રેમી બંધુઓ અને ભગિનીઓ; એ થવું ઘણું કઠણ છે, પણ તમે સઘળા તેને સારું જો દૃઢ શુભેચ્છા રાખશો તો તે આ સ્થૂળ દેહ દ્વારા યથાશક્તિ મળી શકવાનો સંભવ છે.

ધર્મ, એ શબ્દનો સાધારણ અર્થ—કર્તવ્ય, ફરજ એટલે કે કોઈપણ પ્રકારનું કાર્ય કરવાની 'અગત્ય' એવો થાય છે. હવે સઘળા મનુષ્ય પ્રાણીઓને કોઈપણ પ્રકારનું સુખ પ્રાપ્ત કરવા સારું તેને યોગ્ય કાર્યક્રમ એટલે સારામાં સારું કામ પદ્ધતિસર કરવાની અગત્ય છે તેમ છતાં ય જો તે કાર્ય પોતે યથાર્થ રીતે કરે નહિ; પરંતુ થોડું ઘણું કરે તો પણ તેના પ્રમાણમાં તેને લાભ ન્યુન્યાધિક થાય છે. એ કારણ માટે—

સઘળી પ્રજા સારૂં પ્રથમથી કેવળ પરોપકારી ગુપ્ત પ્રેમ પ્રેરણા તે પ. પૂજ્ય શ્રી સતગુરુ સમર્થ સર્વશ્રેષ્ઠ એવા પ્રભુ

દેવમાંથી નીકળી મુખ્ય બે માર્ગરૂપ થયેલી જણાય છે. તેની અલ્પ સૂચના આ વર્તમાન સાહિત્યનાં ગદ્ય-પદ્ય શ્રી સનાતન આર્ય (પવિત્ર) સતપંથ જ્ઞાન સાર, "સાહિત્યસંગમ" પુસ્તકમાં કદાચ મળી રહેશે. એવી સંભાવના છે. તે માટે વાચક વર્ગે હંસવૃત્તિ પ્રાપ્ત કરી મોતીરૂપ ખાદ્ય [શ્રી. સતપંથ વાણી] નું સંશોધન કરવા કરાવવા તે પરમપિતા પરમેશ્વર પરમાત્મા અંશ જો કે—જેમની અધ્યક્ષતામાં આ વર્તમાન ચતુર્થ યુગ કલીકાલ સંપૂર્ણ થવાનો છે. તે આપના શ્રી. સતપંથ જિજ્ઞાસુઓના 'પરમબ્રહ્મ પરમભગવાન' એવા શ્રી. નિષ્કલંકી નારાયણ જનાર્દનને વારંઘડી વિ. વિ. વિ. કે—તે મદદગાર થાય.



ૐ

ૐ નમો જય શ્રી, તત્સત્ હરિ ૐ

"ઇદિમ સત્ય સનાતન શ્રી સતપંથ કી જય"

ધર્મ વિના માનવજીવનમાં—કોઈપણ નિયમન થઈ શકે નહિ. શિક્ષણમાં ધર્મ–હિંદુસ્તાનમાં વર્તમાન સમયે બિનસાંપ્રદાયિકતાની દૃષ્ટિના લીધેજ ધર્મને શિક્ષણમાં સ્થાન નથી મળતું. પણ ધર્મ વિના જીવનમાં નિયમન થતું નથી. અને નિયમન વિનાનો માનવી પશુ સમાન છે. બિનસાંપ્રદાયિકતાની દૃષ્ટિ પાછળ એવી સમજ છે કે—એક માણસ એક ધર્મ પાળશે એટલે બીજો માણસ બીજા ધર્મનો વિરોધ કરશે, અને તેમાંથી ઝઘડો ઊભો થશે. આ માન્યતામાં થોડું ઘણું તથ્યાંશ હશે, પણ ખરી રીતે વાત સાચી નથી, કારણ કે—ભારતનો એંસી ટકા વર્ગ ઉદાર ધર્મનીતિવાળો છે. હું મારી માતાને ચાહું એટલે—બીજાની માતા સાથે ઝઘડો કરૂં એવી માન્યતાવાળો હું નથી.

જો કુટુંબવાળા હોય તો એમાં લાગવગશાહી કદાચ ઉભી થાય એટલે શું પરણવું ન જોઈએ? પણ લાગવગશાહીના ભયથી કાંઈ આપણે પરણવાનું માંડી ન વાળીએ; તેમજ ઝઘડાના ભયથી ધર્મનું શિક્ષણ માંડી ન વળાય. કારણ કે ધર્મ હશે તો જ પ્રજામાં નીતિ, અને સદાચારની ભાવના હશે.

૫. પુ શ્રી સ્વામી વિવેકાનંદજીના વિચારો અને શ્રી સનાતન સતપન્થ શાસ્ત્રને લાગતી વળગતી આગમ (ભવિષ્ય) વાણીનું માત્ર એક જ વાકય પુરતું છે.

સર્વધર્મ સમન્વય યાને **સર્વધર્મમાં સમાનભાવ** રાખવો
સર્વધર્મ પરિષદ :– શિકાગો, અમેરિકા
તારીખ ૨૭ સપ્ટેંબર
ઈ. સ. ૧૮૮૩

[૧] **અ... સર્વધર્મ પરિષદ આ આજે જગતમાં એક મૂર્તિમંત સત્ય ઘટના થઈ બેઠી છે. જો તેને** સત્ય સૃષ્ટિમાં ઉતારવા માટે જંપ્યા તેઓને સહાય કરી તે કરૂણામય પ્રભુએ તેમના નિસ્વાર્થ કાર્યોપર યશનો કળશ ચઢાવ્યો છે.

[૨] **બ... સર્વધર્મનો સમન્વયનો** સામાન્ય અધિષ્ઠાન વિષે અહીં યથેચ્છ ઉહા–પોહ થઈ ગયો છે તત્સંબંધીમાં હમણાં જ મારો મત [સ્વમત] પ્રગટ કરવાનો મારો માનસ નથી, પરંતુ અહીં કોઈ ને જો એવી આશા લાગતી વળગતી હશે કે આ સર્વ ભિન્ન ભિન્ન ધર્મોમાંથી એકનો અભ્યુદય અને બીજાઓનો વિનાશ થઇને જ એવો સમન્વય પ્રસ્થાપિત થઈ શકશે, તો તેને મારું એટલું જ કહેવાનું છે કે હે પ્રિયબંધુ આ તારી આશા સફળ થવું બિલકુલ અશકય છે, ખ્રિસ્તી લોકોએ હિન્દુ થવું એવી કા મારી ઈચ્છા છે? ઈશ્વર કરે અને તેવૃ કદાપિ ન થાય હિંદુઓએ તથા બૌદ્ધોએ ખ્રિશ્ચન થવું એવી કા મારી ઈચ્છા છે?

બીજ જમીનમાં વેરાઈ જાય છે માટી હવા અને પાણી તેના આજુબાજુ રહે છે. ત્યારે તે બીજ કાં માટી અગર પાણી એમનામાંથી કોઈ એકમાં પરિણત થતું જાય છે? નથી. તે બીજમાંથી છોડ (રોપ) ઉગે છે. તે ધીમે ધીમે આપણા સ્વભાવિક નિયમાધીન વધતું જાય છે અને માટી, હવા તથા પાણી એમણે realpatidar.com

આત્મસાથ કરીને તેવા બધાય ઉપાદાનોથી સ્વયં પોતાની શાખા પ્રશાખાઓની બધુ વધતું થઈ જઈ તે વૃક્ષમાં પરિણત થતું જાય છે.

[૩] क.... ધર્મ સંબંધમાં આવું જ ખ્રિસ્તી માણસને હિંદુ અથવા બૌદ્ધ થવાનું નથી, તેમજ હિંદુ અથવા બૌદ્ધોએ પણ ખ્રિશ્ચન બનવાનું પ્રયોજન નથી. ત્યારે હરકોઈએ દરેકને પોતાના વિશિષ્ઠ કાયમ (મુલતવી) રાખીને અન્યોન્ય ધર્મમાંહેનો સારભાગ ગ્રહણ કરવો જોઈએ, અને તદ્ દ્વારા પૃષ્ટ થઈ સ્વયં પોતાના પ્રકૃતિનુસાર વધારતા થઈ જવું જોઇએ.

[૪] ड.... આ સર્વધર્મ પરિષદે જો કશુંક દુનિયાના નિર્દેશનમાં લાવ્યું હશે, તો તે એજ તેને અત્યંત સુંદર રીતીથી એવું સિદ્ધ કરીને બતાવ્યું છે કે પાવિત્રીય, ચિત્તશુદ્ધિ દયા–દાક્ષિણ્યતા, વગેરે ગુણોનો કોન્ટ્રાકટ (મકતો) જગમાંથી કોઈપણ એકાદ વિશિષ્ટ ધર્મ એ લીધેલો નથી. દરેક ધર્મમાં અતિ ઉદ્દાત્ત ચારિત્ર્યના નર–નારીઓના જન્મ થયેલ છે. આ એવડો ભર–ભક્કમ પુરાવો દષ્ટિસામાં હોવા છતાંય, આપણો જ તેટલો ધર્મ અખેર–છેવટ જીવંત રહી અન્ય ધર્મ નષ્ટ થશે, એવો મનોરાજ્ય કોઇએ વતી રચાતો હશે, તો તે અભાગિની દયા જ આપણે કરવી જોઈએ તે બાપડાને હું બિલકુલ સ્પષ્ટ શબ્દોમાં બજાવી રાખું છું. કે તેના જેવા લોકોએ કેટલાય અડથડાઓ ઉભા કર્યા તો તે સર્વ ધ્વજાઓ ઉપર સ્ફૂર્તિથી લખાઈ જશે કે સંઘર્ષ ન જોઇએ, એકબીજાને સહાય થાવ, આત્મસાથ કરો, વિનાશ કરવો નથી, કલહ ન જ જોઈએ. મિત્રતા જ જોઈએ. શાન્તિ જોઈએ.

સર્વમાન્ય શ્રી સ્વામી વિવેકાનંદજી

(બ) પ. પુ. સ્વામીશ્રી વિવેકાનંદજીની ભવિષ્યવાણી ?

અમેરિકા ગયા બાદ–સર્વધર્મ પરિષદ સભાનો સુપ્રસિદ્ધ ભાષણ

પહેલાં ત્યાંના ન્યૂ ઈંગ્લેંડ વગેરે વસાહતો મધ્યે સ્વામીશ્રીજીના વ્યાખ્યાનો થયાં કે, સંપત્તિની લાલચ હાથ ધરીને જે પાશ્ચિમાત્ય રાષ્ટ્રો પૌર્વાત્ય રાષ્ટ્રોને ગુલામગીરીમાં ધકેલે છે, તેમને એનો પ્રાયશ્ચિત ભોગવવું પડશે.

હું બદલો લઈશ. આવું બાઈબલમાં કહેલું છે. અસંખ્ય લોકસંખ્યા વસેલો રશિયા અને ચીન આ દેશો વહેલા જાગૃત થવાના અને તમને તેવો સમુદ્રમાં ફગાવી દેવાના આશ્ચર્ય એવું થાય છે કે–ઈ. સ. ૧૮૯૩ માં એટલે આજે અંદાજે ૭૫ થી ૭૬ વર્ષ પહેલાં આવું ભાખીત તેમણે કર્યું હતું. તે આજે સાચું થતું જોવાય છે. પરંતુ એના આગળનું વાકય (ઉદગાર) તો એના કરતાંય આશ્ચર્યકારક છે. તેઓ ઉચ્ચાર એવો છે, જો કદાકાલે અંગ્રેજોને હિંદુસ્તાન છોડી દેવાનો સમય આવે તો માત્ર હિંદુસ્તાન ઉપર ચીનની સ્વારી હોવાનો સંકટ ખરેખર ઉભુ રહેવાનું છે.


(મેરી લૂઈ બર્ક, એમણે સંશોધન પૂર્વક લખેલા પુસ્તકમાંના આવા ઉદગારો છે.)

(क) સર્વધર્મમાં સમાન ભાવ રાખો :—

આપણે સમજીએ છીએ તે પ્રમાણે હિંદુધર્મ, ઈસ્લામ ધર્મ, જૈનધર્મ, બૌદ્ધધર્મ ખ્રિસ્તીધર્મ વગેરે એવો ધર્મનો સંકુચિત અર્થ નથી. પણ ધર્મ એ આકાશ અથવા પૃથ્વી પ્રમાણે છે. પૃથ્વી ઉપર જેમ જુદા જુદા ઘરો દેખાય છે તેમ સાધનરૂપે ધર્મના રૂપો થયેલા છે. છતાંય સર્વનો ધ્યેય એક જ છે. સાધન માત્ર જુદા જુદા છે. માટે–અમુક શ્રેષ્ઠ અને અમુક કનિષ્ઠ એવો ભેદ માનવાનું કાંઈ કારણ છે. ધર્મનો અર્થ સ્થિરતા આણવી. જગત સ્થિર નથી. ચંચળ નથી. તેમાં પ્રત્યેક ક્ષણે ફેરફાર થાય છે આને જગતનો નૈસર્ગિક સ્વભાવ તેના પ્રવાહને રોકી રાખે, તેમાં સ્થિરતા આણવી, તેને જ ધર્મ કહે છે. મનુષ્યના હૃદયમાં એક

સમતાની ભાવનાના જોર પર વિષમતાને રોકવી એને પણ ધર્મ કહેવાશે.

શાહ અબ્દુલ લતીફને મુસલમાન અનુયાયીએ પ્રશ્ન પૂછયો, હિંદુ અને મુસલમાન બન્ને ધર્મના અનુયાયીઓમાં શ્રેષ્ઠ શિષ્ય કોણ? તરત જ શાહ સાહેબે એક હાથમાં જમીન પરની માટી લીધી અને બીજા હાથમાં રાખ બન્ને સરખા જ છે. તો આ રાખ પ્રમાણે મારા હિંદુભાઈઓ બળીને ભસ્મ થવાના અને મુસલમાન ભાઈઓ દટાઈને માટી થવાના માટે આપણે સર્વે એક જ પરમેશ્વરના ખુદા પાક પરવરદિગારના બાળકો છીએ.



ૐ

ૐ નમો જય શ્રી તત્સત્, હરિ ૐ

સ્વાધ્યાય સાધનનો મહિમા

હે પરમ સુહૃદયી માનવ મિત્રો શ્રી. સતપંથ જિજ્ઞાસુઓ શરીર શકિત વધારવા ખાદ્યની જરૂરિયાત છે. તે પ્રમાણે જ મગજ [બુદ્ધિબળ] વધારવા માટે--સ્વાધ્યાય સાધન [વાચન પાઠ]ની જરૂરિયાત છે માટે—પ્રિય પાઠક [વાચક] વૃંદ [વર્ગને અપીલ કરવામાં આવે છે કે—

આપણા આર્ષ તથા લૌકિક ગ્રંથમાં સ્વાધ્યાયનો મોટો મહિમા દર્શાવેલ છે. આ મહિમાનો ભિન્ન સ્થાનોમાં ભિન્ન વચનો દ્વારા પ્રગટ કરવામાં આવ્યો છે. વિસ્તાર ભયને લીધે અહીં સર્વ તો નહીં, પણ કેટલાક પ્રમાણ પાઠકોના સમાધાન માટે ઉતારીએ છીએ.

૧ "તપઃ સ્વાધ્યાયેશ્વર પ્રાણીધાનાની ક્રિયાયોગ : [યો. ૨ ૧] આ યોગ સૂત્રમાં સ્વાધ્યાયને ક્રિયાયોગનું એક અંગ કહ્યું છે.

૨ "સ્વાધ્યાયા યોગમાસિત, યોગાત્સ્વાધ્યાય મામનેત્, ।
"સ્વાધ્યાયા યોગ સંમ્પત્યા, પરમાત્મા પ્રકાશતે. ॥

સ્વાધ્યાય વડે યોગની ઉપાસના કરો અને યોગથી સ્વાધ્યાયનો અભ્યાસ કરો. યોગ અને સ્વાધ્યાયની સંપત્તિથી પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.

૩. સ્વાધ્યાયાન્મા પ્રમદઃ (તૈતિરે) [યોગ ૧ ૨૮ વ્યાસ ભાષ્ય] સ્વાધ્યાયમાં કદી પ્રમાદ ન કરવો.

આપણા પૂર્વજોએ સ્વાધ્યાય ઉપર આટલો ભાર શા માટે આપ્યો? મારી બુદ્ધિમાં તો એ જ આવે છે કે–એવાની દૃષ્ટિએ મનુષ્ય જીવનમાં સ્વાધ્યાયનું એ સ્થાન હતું. જે સ્થાન જહાજમાં સુકાન ચલાવનારનું હોય છે. કે–જે પ્રતિક્ષણ નિરખ્યા કરે છે જહાજ પોતાના ગંતવ્ય સ્થાનની માર્ગને રેખાથી સહજ પણ આમ તેમ ન થાય. એ જાણે છે કે–ગંતવ્ય સ્થાનના માર્ગને છોડીને જહાજ સહેજ પણ વાંકુચુકું થઈ જશે, તો પોતાના ગંતવ્ય સ્થાનથી હજારો માઈલ દૂર ચાલ્યો જશે અને ચિરકાલ સુધી એને ભટકવું પડશે, આથી એ પ્રતિક્ષણ ધ્રુવ દર્શક યંત્રની દ્વારા નિરખ્યા કરે છે. કે જહાજ ખરા માર્ગે ચાલી રહ્યું છે કે નહીં એજ કામ કર્તવ્ય સ્વધ્યાયનું છે.

આહાર નિંદ્રા ભય અને મૈથુનનો સમ્બંધ છે ત્યાં સુધી મનુષ્ય જીવન અને પશુજીવન એ બન્ને સમાન છે. પરંતુ મનુષ્ય જીવનમાં વિશેષતા એ છે કે–સ્વભાવત: અમરત્વને સમજવાની યોગ્યતા ધરાવે છે. અને તેને પ્રાપ્ત કરવાની ચાહના ચાહે છે. અમરત્વ એજ માનવજીવનનું લક્ષ છે. કારણ કે એમ જોવામાં આવે છે કે જે વસ્તુની આપણને ઈચ્છા થાય એ વસ્તુ કોઈક સ્થળે વિદ્યમાન હોય છે.

સેંકડો વર્ષપૂર્વે મનુષ્યમાં પક્ષીઓની માફક ઉડવાની ઇચ્છા પ્રગટી અને આજે આપણે જોઈએ છીએ કે પક્ષીઓથી પણ અધિક ઉતાવળી ગતિથી તેઓ ઉડે છે. એટલે નક્કી થાય છે કે અમરત્વને પ્રાપ્ત કરવું એ મનુષ્ય જીવનનો મુખ્ય ઉદ્દેશ છે. આપ કહી શકો છો કે હજારો મનુષ્ય એવા છે કે જેમને સ્વપ્નમાં પણ આ લક્ષનું ભાન નથી હોતું. તેઓ જાણતા જ નથી કે–ખાવો પીવો અને મોજ કરો, એ સિવાય પણ બીજું જીવન લક્ષ છે પણ વસ્તુત તેઓ મનુષ્ય નથી કારણ કે એવામાં પાશવી ભાવની પ્રબળતા છે. યથાર્થ રીતે મનુષ્ય એ જ છે જેના

મનમાં અમરત્વ પ્રાપ્તિની ભાવના જાગૃત છે અને જાગૃતિ જ મનુષ્યત્વ છે.

'દુર્લભં ત્રયમે વૈતદ દેવાનુંગ્રહ હેતુકમ્,.
મનુષ્યત્વં મુમુક્ષુતાં મહાપુરૂષ સંશ્રય ॥

આ ત્રણ વસ્તુઓ ઘણા કઠિનતાથી પ્રાપ્ત થાય છે. મનુષ્યત્વ મુમુક્ષુત્વ, અને મહાપુરુષોનો સંગ એટલે મનુષ્ય જીવન ઉદ્દેશ વિનાનું નથી. એનું એક લક્ષ છે. જેને પ્રાપ્ત કરવું એ જીવનનું ફળ છે. પરંતુ મનુષ્ય જીવન રૂપી જહાજને ખેડવું એ સહેલું નથી એના માર્ગમાં પદે પદે કઠિણતાઓ ઉપસ્થિત થાય છે. કદિ આપણે શારિરીક રોગથી પીડાતા હોઈએ છીએ, તો કદી માનસિક ચિંતાથી ગ્રસ્ત હોઇએ છીએ, આજે ઠંડી સતાવે છે, આવતી કાલે ગરમી, કદી પુત્ર જન્મોત્સવનો આનંદ હોય છે, તો કદી કોઈ પ્રિયજનના મૃત્યુનું દુઃસહ દુઃખ, આજે વ્યવસાય વૃદ્ધિના આનંદ છે તો, આવતી કાલે કાલે કાગડા ઉડે છે, આજે કોઇ પાડોશી સાથે સ્નેહ છે, તો આવતી કાલે એના જ સાથે દ્વેષ કદી બાળકોનો મોહ થાય છે તો કદી તેમની જ ધૃણા કદી, ગરીબીનું દુઃખ હોય છે તો કદી અમીરીની માલેતુજારી, આજે યૌવનનો હર્ષજનક ઉલ્લાસ છે તો આવતી કાલે બુઢાપાનો ભિષણ ત્રાસ સારાંશ એ છે કે–જીવનમાં પદે પદે અડચણો અને કષ્ટો છે. કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, અહંકાર, પુત્રૈષ્ણા. લોકૈષ્ણાદિ અનેક મનોવૃત્તિઓ જીવનના જહાજને નિરંતર ડામાડોળ કરતી રહે છે, અને વર્તમાન વ્યવસ્થાતો વળી વધારે બગડતી જાય છે. આપણું જીવન એવું વિકૃત થઈ ગયું છે કે સાધારણ આવશ્કતાઓને પૂર્ણ કરવી પણ કઠિન છે. આજકાલ મનુષ્યનું જે અડધું જીવન સ્કુલ અને કોલેજમાં વ્યતિત થાય છે, તે આવશ્યકતાઓને વધારવામાં વપરાય છે, અને બાકીનું

અડધુ છે, તે નોકરી વ્યવસાય આદિમાં વ્યય થાય છે તે આવશ્યકતાઓને પૂર્ણ કરવામાં ખર્ચાઈ જાય છે.

જીવનનું લક્ષ્ય છે એના વિચાર માટે–અમારી દિનચર્યાના કાર્યક્રમમાં સ્થાન જ નથી.

બાલસ્તાવત કીડાસકત, સ્તરૂણસ્તવત તરુનિરકત ।
વૃદ્ધિસ્તાવ, ચિન્તામગ્ન, પરમેશ્વબ્રહ્મણિકો, અપિલગ્ન ।।

એ પ્રકારે જેનું જીવનું અંધાધૂધિમાં વીતી રહ્યું છે, એને કદી ન કદી પસ્તાતા અને શિર ધુણાવતા ધુણાવતા કહેવું પડે છે કે:—

ભોગા ન ભોકતા, વયમેવ ભુકતા,
સ્તપા ન તપ્ત, વયમેવતપ્તા ।
કાલો ન યાતો, વયમેવયાતા,
સ્તૃષ્ણા ન જીર્ણા, વયમેવ જીર્ણા ।।

ચૌરાશી લાખ યોની ભોગવીને પ્રાપ્ત થયેલ આ મનુષ્ય જીવનમાં જો અમે નહીં ચેતીએ તો એથી વિશેષ–હાનિ કાંઇ ? એટલે સ્વાધ્યાય જ અમને જાગૃત કરનાર અને અમારા જીવન-પંથને–દર્શાવનાર તથા અમને સાચા માર્ગ ઉપર ચલાવનાર છે. હવે એ વિચાર કરવાનો છે કે "સ્વાધ્યાય" શબ્દના બે અર્થ થાય છે કે—'સ્વાધ્યાયત્મનોઽધ્યયનમ્' આપણી જાતનું અધ્યયન કરવું અને જોતા રહેવું કે–આપણું જીવન ઉન્મત થઈ રહ્યું છે કે નહિ, એ બિજો અર્થ છે, પ્રથમ અર્થ એ છે કે 'સ્વયમધ્યયનમ્" એટલેઅન્યોન્યની સહાય વિના સ્વયં અધ્યયન કરવું અથવા કરેલા અધ્યયનનું મનન અને નિદીધ્યાસન કરવું

પ્રત્યહં પ્રત્યવેક્ષેત, જનશ્ચરિતમાત્મનઃ ।
કિન્તુ મે પશુભી સ્તુત્યૈ, કિન્તું સત્પુરુષૈરિવ. ।।

પ્રતિક્ષણ અમારે એ જોતા રહેવું કે—અમારું જીવન પશુઓ સમાન છે કે સત્પુરુષના સમાન, આ ક્રિયાનું નામ અંત:પ્રેક્ષણ (ઇન્ટ્રાસ્પેકશન) છે,

આ અભ્યાસથી "આત્મોન્નતિ" કરીને અનેક પુરુષ મહાત્મા મહાપુરુષ બની ગયા છે, સાધારણ રીતે લોક "સ્વાધ્યાય" નો અર્થ એમ સમજે છે કે–કોઈ ધર્મપુસ્તકનો "નિત્યપાઠ" કરી લેવો બસ એજ.

પરંતુ એટલાથી જ કામ ન બને, ઉચ્ચારણ માત્રથી પણ થોડો લાભ અવશ્ય થાય છે. અને એનો પ્રભાવ જીવન ઉપર પડે છે. પરંતુ આપણે સંપૂર્ણ લાભ ત્યારે જ ઉઠાવી શકીશું કે–સ્વાધ્યાય–નિયમ–આ પ્રમાણે છે.

(૧) એકાગ્રતા–જ્યારે આપણે સ્વાધ્યાય (પાઠ) કરી રહ્યા હોઈએ ત્યારે આપણું ધ્યાન ચારેબાજુથી હટાવીને પુસ્તકના શબ્દો અને અર્થ તરફ જ રાખવું જોઈએ. એ માટે આવશ્યક છે કે જે કંઈ મુખથી આપણે પાઠ કરીએ તે આપણા કાનેથી પણ ધ્યાન પૂર્વક સાંભળીએ. જિહવા તથા શ્રોત બે ઇન્દ્રિયો એક સાથે કામ કરે તો મન અવશ્ય એકાગ્ર થઈ જાય છે. પાઠ કરતી વખતે દરેક પંક્તિને થોભી થોભી બે વાર બોલવામાં આવે તો બહું સારું.

(૨) નૈરિન્તર્ય—ધ્યાન સ્વાધ્યાયમાં બને ત્યાં સુધી અંતર નહીં હોવું જોઈએ. થોડા ઘણા સ્વાધ્યાય નિત્ય-નિયમ પૂર્વક કરવો જોઈએ.

(૩) સાંસારિક—પદાર્થો અને ઇન્દ્રિયજન્ય સુખોમાં ઉપરામતા આપણે થિયેટરના એકટરની માફક વ્યવહાર કરતા જવું અને સાથે સાથે એ પણ યાદ રાખવું કે—આપણો ઉદ્દેશ સંસારિક જીવનથી ઉપર જવાનો છે

(૪) પ્રકાશગ્રહણ કરવાની ઉત્કંઠા સ્વાધ્યાય (પાઠ) કરતી વખતે મનમાં વિશ્વાસ હોવો જોઈએ કે–પાઠ દ્વારા આપણો અસત્ય

આત્મા આપણને પ્રકાશ પ્રદાન કરી રહ્યો છે. યદિ આપણે આ ચાર નિયમ સાથે સ્વાધ્યાય કરતા રહીશું તો આપણને અવશ્ય પૂર્ણ લાભ થશે. ઓછામાં ઓછા અડધો કલાક સ્વાધ્યાયમાં અવશ્ય ગાળવો જોઇએ. પરંતુ અંતર પાડવાની અપેક્ષાએ પંદર-વીસ મીનીટ પણ આ માટે રાખવી સારી છે.

સ્વાંધ્યાયનું સ્થાન—પવિત્ર શુદ્ધવાયુયુક્ત તથા શુદ્ધ વાતાવરણથી સંપન્ન ધુપાદિ સુગંધિત વસ્તુઓથી તથાં રમણીય મહાત્માઓ અને દેવતાઓના ચિત્રોથી સુશોભિત હોય તો બહુ સારું. એવા વસ્તુઓથી મનની એકાગ્રતામાં સહાય મળે છે. આથી આપણી આંતર-ચિત્ત શકિતમાં એક વિશેષ પ્રકારની સ્ફૂર્તિ અથવા જાગૃત્તિ ઉત્પન્ન થાય છે.

જે સ્વાધ્યાય-સમ્બંધી વિચારોને જલ્દીથી ગ્રહણ કરી લે છે સ્વાધ્યાય દ્વારા મનમાં જે વિચાર ઉઠે એનો દિવસમાં એક બે વાર નિરંતર ચિંતન કરવું જોઈએ. અને એ પણ વિચારવું જોઈએ કે—કયા કયા વિચારોનું પ્રાબલ્ય તે દિવસે જીવનમાં રહ્યું છે કયા કયા સંકુચિત વાસનાઓએ આક્રમણ કર્યું છે અને કયા કયા પ્રલોભનો દુર્વ્યસનો અને દુઃસ્વભવાનો સામનો કરવો પડયો છે. યદિ એકવર્ષ સુધી નિરંતર આ અભ્યાસ કરવામાં આવે તો એનો પરિપાક થઇ જશે. અને પછી કદાચિત આ સાધનામાં કષ્ટના સાથે આનંદનો અનુભવ થવા માંડશે. એ યાદ રાખવું જોઇએ કે—જીવન એક મહાસંગ્રામ છે, અને એ એક બે દિવસનું કામ નથી. ઉંમરભર કમરકસીને યુદ્ધ કરવાથી કામ બની જાય તો આપણને "ધન્ય" સમજવા જોઈએ.

સ્વાધ્યાય માટે કયું પુસ્તક ઉત્તમ છે—એ પણ વિચારણીય છે. સર્વધર્મ ગ્રંથ સ્વાધ્યાય માટે સારા હોઈ શકે પરંતુ સાધકોની રૂચિ તેમની યોગ્યતા આદિ ઉપર તે નિરભર રહે છે, પરંતુ સામાન્યતઃ જે પુસ્તકો આપણા ગ્રહસ્થ જીવનનો સુધારણા, તથા

આપણી આતમિક સ્થિતિનો ઉદ્ધાર કરનારા છે અને સાધકને જેમા શ્રદ્ધા હોય તે જ પુસ્તકો સ્વાધ્યાયમાં ઉપયોગી થાય છે.

રામાયણ, મહાભારત, ભાગવત, વિષ્ણુપુરાણ, પદ્મપુરાણ, મનુસ્મૃતિ, ગીતા, દર્શન, ઉપનિષદ, વેદ, ઇ. ધર્મગ્રંથ આમાંથી સાધકને પૂર્ણરીતે સમજાય એવું કોઈપણ પુસ્તક સ્વાધ્યાય માટે પસંદ કરી લેવું જોઇએ. જો આ ગ્રંથ ન સમજાય તો આધુનિક મહાત્માઓનું લખેલું કોઈપણ પુસ્તક લઈ અધ્યયન કરવું. પરંતુ સાથે આ નિશ્ચય અને નિયમ રાખવું જોઇએ કે વાંચવામાં આવે એ વ્યવહારમાં મૂકાય વ્યવહારમાં લાવ્યા વિના સ્વાધ્યાય ભાર માત્ર થઈ જાય છે. એમ પણ બની શકે છે કે નિરંતર સર્વ ગ્રંથોનો પાઠ કરતા રહીએ અને વ્યવહાર માટે એક બે વાત ચૂંટી કાઢીએ.

જો આપ ગીતાનો પાઠ કરતા હો અને એની બધી બાબતો આચરણમાં મૂકી શકતા ન હો, તો એવું નથી કે જેટલી બાબતો વ્યવહારમાં મૂકી શકો, તેટલી જ બાબતોનો આપે સ્વાધ્યાય કરવો કિન્તુ જ્ઞાન માટે આખી ગીતાનો પાઠ કરવો પોતાની સ્થિતિને અનુકૂળ આચરણમાં લાવવા માટે બે–ચાર બાબતોને જુદી કાઢી લેવી.

હિંદુ જાતિના અધઃપતનનું કારણ અનેક અંશે સ્વાધ્યાય શીલતાનો અભાવ જ છે. આપણી શિક્ષણ પ્રણાલી ધર્મશૂન્ય છે. ઘરોમાં ધર્મના ભાવોનો અભાવ થઈ રહ્યો છે. ધર્મવિહીન જાતિનું અધઃપતન થાય એ નિશ્ચિત છે. એટલે જો આપણા મનમાં જાતિ સુધારણાની ઇચ્છા હોય તો પણ સ્વાધ્યાય શીલતા પરમ આવશ્યક છે. અમે પાઠકોને પ્રાર્થના કરીએ છીએ કે તેઓ આ લેખ વાંચ્યા પછી સ્વાધ્યાયની પ્રતિજ્ઞા લે એને જીવનનું વ્રત બનાવે પછી તો જીવન સ્વયં મધુર રસમય સુંદર અને રમણીય થઈ જશે. નહીં તો અંતમાં પસ્તાવું પડશે.

" પશ્ય દેવસ્ય કાવ્ય ન મમાર ન જિર્યતિ" અથર્વ. ૧૦/૮/૩૨

હાર્દિક અભિનંદન

પરમ માન્યવર સ્વદેશ ભારતના સર્વ ધર્મ અને સામ્પ્રદાય જીજ્ઞાસુઓને હાર્દિક અભિનંદન

પુણ્ય પાવન સ્વદેશ ભારતના સર્વધર્મ સંપ્રદાયોના મહાન પ. પુ. શ્રી સન્માનનિય માનવંત ધર્માધિકારી, ધર્માવલંબી, ધર્મજીજ્ઞાસુ, ધર્મસત્તાધિકારી અને વડાઓને વચનાધિન રહેનારા વેદ શાસ્ત્ર, શ્રુતિ, સ્મૃતિ, પુરાણુ, કુરાન, બાઇબલાદિનું ભાષા ભેદ વગર અર્થ ભાવાર્થના "હંસોયથા," જે કાંઈ તમે વર્તમાનમાં વાંચતા હશો તે લેખન "ગદ્ય, પદ્ય સરોવરના હંસ થઈ, તેમાં ગ્રંથ, પુસ્તક, પાના, ચોપાનીયા, જે કંઈ હોય તે ગદ્ય પદ્ય, રૂપી સરોવરમાં વિખરાયેલી મોતીજેવી, વાણીને વીણી લઈ એટલે, અભ્યાસ સ્વાધ્યાયાભ્યાસ, મનન, કરી અમલમાં મૂકી આપના સ્વદેશ ભારતની સમ્પૂર્ણ સેવા સુશ્રુષા થાય એવી આશા રાખવી.

ૐ શાન્તિ, શાન્તિ, શાન્તિ. ને બલવતર બનાવવા માટેની માનવતાની લડતમાં તેની લાભકારક અસર થાય તેમ કરવું. વર્તવું જોઈએ. તેમ જ સંપુર્ણ અને સાર્વત્રીક નિઃશસ્ત્રીકરણ તથા સંસ્થાનવાદની આખરી નાબુદી જેવી આપણા આજના યુગની ખુબ જ અગત્ય ધરાવતી સમસ્યાઓના નીરાકરણ માટે પણ તેની શુભ અસર થાય તેમ વર્તીને શીખામણ આપલે-કરવી જોઇએ.

આપણા સ્વદેશ ભારતના સર્વધર્મ અને સામ્પ્રદાય વસાહતના લોકો વચ્ચે તથા પડોશી દેશ વાસીઓની વચ્ચે એ બંધશાહી જુઠ, ચોરી, કપટ, લાંચરૂશ્વત વગેરે ખોટી શંકાએ વહેમો નેસ્ત નાબુદ થાય અને આપસમાં હેતભાવ ભર્યો સહકાર સહાનુભૂતિ એટલે મીત્રતા પ્રગટ કરતા, તે વધુને વધુ વિકસે

અને મજબુત બને એમ વર્તવું જોઈએ. પ્રથમતઃ આપણા સ્વદેશ ભારતની પ્રજા વચ્ચે જે અન્યોન્ય દેશો, ધર્મો સામ્પ્રદાયોની મૈત્રી સહકાર સહીષ્ણુંતાની જે સબંધો હસ્તી ધરાવે છે તે વધુ, વિશેષ, મજબુત બનો અને બનશે એમ વર્તવું જોઈએ. ભૂલવું નહીં એવો ઈદમ, સત્ય, સનાતન, આર્ય, પવિત્ર સ્વધર્મ નિધનમ શ્રયસ સતપંથ જીજ્ઞાસુમિત્રો બંધુ ભાગિનીઓ એ જ પ્રમાણે સ્વમાનની ભાવનાઓને દઢતા પૂર્વક જાળવી સાથ, સહકાર, સહાનુભૂતી, સમયોચીત સદા, સર્વદા, લેવા, દેવા, માટે જાગૃત રહેશો એજ.

–મારૂં શ્રી સતપંથોદ્યાન એટલે બગીચો, ફૂલવાડી–

સહયોગી મિત્રોઃ– સતપંથધર્મ જીજ્ઞાસુઓ, વચ્ચે દર વરસે એક કાં, બે વખત હું મારા ચીર સ્મરણીય ઈદમ, સનાતન, પવિત્ર સુશોભિત સતપંથોદ્યાન એટલે—પરમ સુહૃદઈ શ્રી સતપંથ જીજ્ઞાસુઓના દેશમાં ફરવા જાઉં છું ત્યારે મને સ્વયં પોતાને જોઈએ તેવા મારા જેવા જ અનેકા અનેક મારા આત્મવત આત્મપ્રિય, શ્રી સતપંથ જીજ્ઞાસુ બંધુ ભાગિનિયાં, ધર્મના જીજ્ઞાસુ માતા પિતાઓ વિગેરે નાનાં મોટા સર્વ મારૂં સ્મિત અભિવાદન કરે છે. અમારે એક બીજા સાથે બોલવાની વિશેષ એવી જરૂર પડતી નથી. કારણ કે દરેકના ચહેરા ઉપરનો જે આનંદ ઉલ્લાસ છે તે જ મનની ભાવનાઓને આપોઆપ વ્યક્ત કરી દે છે.

માટે–અમે અમારાં ઈદમ; સત્ય, સનાતન, આર્ય, પવિત્ર આદર્શયુક્ત એવો **"સ્વધર્મ નિધનમ શ્રેયસ"** સતપંથ જીજ્ઞાસુઓને સતપંથ હિતોપદેશ વાસીઓને સહપરિવાર સહકુટુંબ મિત્ર દોસ્ત મંડળી સહ સર્વદૈવી સુખ સમૃદ્ધિ શાલી અને સર્વ સુગુણ સાધન સંપન્ન જોવા ઈચ્છીએ છીએ એ જ યુગાત્મા શ્રી નિષ્કલંકી નારાયણ જનાર્દન ચરણે વિ. વિ. વિ. હાલ એ જ.

?

શું ? તો, તે, હું સ્વયં પોતે પ્રથમ શુભ વર્તમાન કાલે છે એક રખડી યાત, નવરા–ધુપ, ભામટા–ભુત.

ગુન્હા અને ગુન્હાઓની માફી–માંગું છું. માફી, માફ કરજો મારા ગુન્હા અને ગુન્હાઓને.

માત્ર માફ કરવા જેવા જે હોય તેજ, તેમજ માફ કરવું જ હોય તો કરજો તે માટે—આપશ્રીજી પુર્ણ તથા સ્વતંત્ર છો.

અજાણપણે અકસ્માત જેવા ગુન્હા અને ગુન્હાઓ મારાથી કદાચ થયા હશે, કાંતો થશે, કાંતો થાય છે તે બદલ મને પૂર્ણ વિશ્વાસ શ્રદ્ધા અને ભરોસો છે કે—તે પ. પુ. ગોરનર પાત્ર (લાયક) જે છે તે તો મને માફી આપશે જ આપશે તેના માટે તો આપ પ. પુ. શ્રી સહજમાત ગતગંગા ભેદભાવ વગરની અને શુદ્ધ સાત્વિક "આચારે પ્રભવો ધર્મ" એવી આચાર વિચાર વિવેક બુદ્ધિશાળી ભાગ્યાવાન જાતી જનતા-જનાર્દનજ જવાબદાર છો. એટલે જ જાણી બુઝીને કરેલા ગુન્હા તેમ જ ગુન્હાઓની માફી આપવામાં આપશ્રીજી સહજમાત જનતાજનિમીત માત્ર જનાર્દન છો. ગુન્હાહઓ એ છે કે હું સ્વયં પોતે એમ કહેવા માગુ છું કે–આ શુભ વર્તમાન સમયે કહેવાતા શ્રી સનાતન આર્ય પવિત્ર સતપંથીઓમાં મારા જેવો કોઈ અન્ય રખડીયાત, નવરા–ધુપ અથવા ભામટા–ભૂત જેવી વ્યક્તિ નથી.

અને તે આ મારા રખડીયાત પણામાં એક ગુણ અવગુણ ? સમાયલો છે અને તે ગુણ કે અવગુણ એટલે ઈદમ, સત્ય, સનાતન, આર્ય, પવિત્ર સ્વધર્મ નિધનમ શ્રેયસ સતપંથ જીજ્ઞાસુઓમાં ધંધા રોજગાર લોભ, સંસાર સ્વયં–સ્વાર્થ દુનિયાના

લોલુપતાર્થે દેશ પર્યટન કરનારા ઘણા હશે, પરંતુ કેળવણી શ્રી સનાતન આર્ય પવિત્ર સતપંથ શાસ્ત્રાભ્યાસ સંશોધન એટલે કે ફક્ત એક શાસ્ત્રગ્રંથ વાંચીને અક્ષર પરિચય કરવું એવું નથી. પરંતુ શંસોધક વૃત્તિ એટલે—

હંસો યથા ક્ષિર મિવામ્બુ મધ્યાત" એવા આ પદ્ધતીને। શુભ આશયથી દેશ પર્યટણ સાથે સ્વાધ્યાયોભ્યાસ અને અટક-મટક સતપંથ શાસ્ત્રવાણી પ્રચાર સતસંગ પરીચય કરનારા જે કોઈ હશે તો તે હુ સ્વયં પોતે પ્રથમ તઃ શુભ વર્તમાન કાળે એક રખડીઆત અથર્વવેદી માનવ ખોળીઉં શું સાચું છે ને ?

મિત્રો

જે થતૂ આવ્યુ છે તે ભાવિના માટે જ
જે થાય છે તે ભાવિના માટે જ
જે થશે તે પણ ભાવિના માટે જ
એટલે જ ભાવિ પેઢીના માટે સમજી વિચારી,

જ્ઞાન, દાન, સત્ર

જ્ઞાન એટલે ? સમજ, ટુંકામાં :– જ્ઞાન મળે સમજ આવે તો જ આપણે ભૂખ્યાને ભોજન, તરષ્યાને પાણી, નાગાને વસ્ત્ર, વગેરે આપીને મનુષ્ય અર્થ ફાયદો નફો એટલે ધર્મનિતિમતા માનવતા મેળવીએ છીએ.

એ આવુ જ્ઞાન સમજ કયાથી મેળવાય ? તો કહો કે વેદ-શાસ્ત્ર શ્રૃતિસ્મૃતિ, પુરાણ કુરાન, બાઇબલાદી યુક્ત સદ સાહિત્ય, સારા પુસ્તકોમાંથી.

સત સાહિત્ય શાસ્ત્ર ન હોત તો મનુષ્ય મનુષ્ય નહી રહે તો પછી સ્વદેશ, સ્વધર્મ આદી નિતિઓને કયાંથી પહોંચી વળાય ? માટે અન્યોન્ય સત સાહિત્યની જેમ આ વર્તમાન પુસ્તક સુદ્ધા એક સત શાસ્ત્ર યુકત સત સાહિત્ય છે અને તે રખડીયાત, નવરા—

ધુપ, ભામટો, ભૂત તરફથી "સદ ગુરૂ કૃપાહી કેવલં" થી નિમિત્ર માત્ર થઇ; આ તર્તમાન પુસ્તક એટલે ટુંકે ટુંકે ગદ્ય, પદ્ય સાર સંગ્રહ સતપંથ સનાતન આર્ય આદર્શતા સમજવા ભૂત, વર્તમાન, ભવિષ્ય, સુકત કર્તાયુગ, ત્રેતાયુગ દ્વાપરયુગ, તેમજ કલીયુગના એકં સદ્વિપ્રા બહુધા વદન્તિ, એવા એક જ પરમ પરમાત્માના અનેક સ્વરૂપો દશાવતાર સાથે.

"ૐ નમો જયશ્રી નિષ્કલંકી નારાયણ જનાર્દન નમઃ" નામે વિશેષ ગુણાનુંવાદ ગાતાં–ગવાતાં સોચતાં–સમજતાં શ્રી સનાતન આર્ય પવિત્ર સતપંથ ધર્મ જીજ્ઞાસુ જનતા જનાર્દનને યાદ કરતાં "સનાતનસ્તવં પુરૂષો મતો મેઃ" એવા પ. પુ. શ્રી સદગોર પાત્ર બ્રહ્માઅવતાર ઈન્દ્ર ઈમામશાહ જીના શુભ વરદ હસ્ત એટલે સનાતન આર્ય પવિત્ર સતપંથાચાર્ય, મહંન્ત ગાદી અધિપતિ સાહેબ કૈઃ કાકા શ્રી રામજી લક્ષ્મણજીને તથા પુન્ય પાવન ભૂમિ સ્વદેશ ભારતના પ. પુ. શ્રી. રાષ્ટપિતા મહાત્મા ગાંધીજીની જન્મ શતાબ્દિ નિમિત્ત જ્ઞાન. સાર. સાહિત્ય સંગમ બનાવી ભારત તથા ભારતના "બહુ રત્ના વંસુંધરા" જેવા સ્વદેશ ભારતના હિતોપદેશ વાસીઓ વગેરે ગતાત્માઓને યાદ કરતા ભુલ્યા ચૂક્યાની માફી માગતા વર્તમાન સતપંથ જ્ઞાન સાહિત્ય સંગમ નામે પુસ્તક જનતા જનાર્દન એટલે ભાવી પેઢી માટે વર્તમાન પ્રકાશન "સહ હૃદય સમર્પણ હાર્દિક અભિનંદન સહ" નિમિત



કહુ છુ કે

સમયની કિંમત સમજો
તડાકા મારવાનો કંઈ અર્થ નથી.
મને મારુ કામ કરવા દો
તમે તમારુ કામ પતાવીને ચાલ્યા જાવો.

શું ? બિમાર છો ? શું બિમારી છે ? વહેમ છે ? તો પછી વહેમનું ઓસડ–દવા કહુ ? સિધુ અને સહેલ છે !

ગુસ્સો તો નહી આવે ને ? ગુસ્સો, લાજ, શરમ અને એવી બાબતોને સાથે લઈને આવ્યા હોય તો પછી તેવાઓને પ્રથમ પહેલા ને વહેલા ઘેર મુકી આવો જાવો.

કારણ કે બિમાર જોતા ને બિમારીનું નિદાન (તપાસ) કરતા બિમારની નાડી પરીક્ષા કરવા જતાં ડો. હકિમોને પાસે આપણે (તમે) ગુસ્સો, લાજ, શરમ વગેરે બાબતોને સાથ લઈને જાવો, તો પછી તે તમારી બીમારીની પરીક્ષા કરે કેવી રીતે ? અને પછી દવા ઔષધ આપે પણ કઈ રીતે ? એતો પછી ડો. હકીમોને જશ મેળવવાના માર્ગમાં દખલગીરી જેવું છે, અશુભ જેવું છે, અપશુકન જેવું છે.

કારણ ડો. હકીમોની પાસે લાજ રાખી, લજવાઈ જાવો, શરમ રાખી મુઝાઈ જાઓ, એ કામ નહી આવે. તમારી બીમારીની તપાસ કરવા સારૂ ડો. હકીમોને તમારા ગમે તેવા શરમજનક હોય, જેવો જે હોય તેવો, તો પણ હકીમોને તેની પરવા જરાયે પણ ન કરતો બે પરવા થઈને તેવા સાહેબો તમારા તે લાજવાળું શરમાળુ ગમે તે શરીરનો ભાગ હોય, ગમે તે અવયવો હોય

હકીમોની નજર શું ? પણ સમય આવતાં હાથ પણ ફેરવવો પડે; તપાસ કરવી પડે; જોવું પડે કે નહી ? અને કયાંય ડો. હકીમોની સામે તમે લજવાઈ જાવો, મુઝાઈ જાઓ, અને તમારી બીમારીને આમ ખુલ્લી રીતે અને ધગશથી નહી કહેશો પરીક્ષા નહી કરવા દેશો તો, તો પછી બીમારી નહી સુધારે હો કે ?

એટલા માટે જ હું તમને કહુ છુ કે, ભલે, ભલે હી પછી તમે માનો કે ના માનો, તમે અહી આ વખતે લાજવાળા હો કે અથવા શરમવાળા હો પરન્તુ લગભગ ગુસ્સાવાળા, ક્રોધવાળા તો ન જ હોવા જોઈએ. ત્યારે જ તમારાં વહેમ જેવી બીમારીની દવા ઔષધ કહેવાને ઠીક પડશે સારું થશે કારણ કોઈ ભાગ્ય પુરુષે કહેલું છે કે વૈદ્ય ધન્વંરી મળ્યો એટલે ભગવાન મળ્યો.

આજે તો અમ્બર રંચિયા, અને ભલે મળ્યા ભગવાન.
કામે ક્રોધે લોભે જે નર ભૂલી ગયા, તેનો વ્યર્થ ગયો સંસારજી"

ચંદન પાસે એક લીમડો, તેમાં સુગંધ બહુ અપાર
તેને પાસે જ એક પોલો વાસડો, તેમાં સુગંધ નહિ લગારજી
એવા રે એવા તમે લોક છો બદા બેઈમાની ને વારો
ગોર–ગત–ગંગામાં જઇને, તારા, કિધા કર્તવ્ય ટાલોજી..."
વિગેરે વિગેરે....

એક ખુલાસો ટુંકમાં ખ્યાલમાં રાખશો કે હું કાંઈ ખાસ કરીને કોઈ એક ડો. કે હકીમ તમને જેવા જોઈતા હોય તેવા બહુમતિ વાળો ડો. કે હકીમ હું નથી. છતાંય લઘુમતિવાળાઓને જોઈતો હોય તેવો હું કદાચ હોઇશ પણ ખરો. જેમ દુનિયામાં દુનિયાની સફરે જતાં અનેકો મુસાફરો એકબીજાને મળે છે, બોલે છે, ચાલે છે. હળી મળીને રહેવા માગે છે. સમયાનુસાર–કોઈ એકાદ મારા જેવો ભુલકણો હોય તો તેને કોઇને કાંઇ એક પૂછવાંનું હોય તો તે પુછ–પરછ પણ અજાણી

અંદરો-અંદર કરી શકે છે. અને કહેનારાઓ કહે છે પણ ખરા. **'જેની જેવી મતિ....'**

એજ પ્રમાણે એટલા માટે જ મેં તમને કોઈ જગ્યાએ જોયા તો ખરા, તે તવા સમયથી આજ સુધી તમારામાં ઘણો ઘણો પરિવર્તન થયેલું જણાય છે. તમારૂં તન, તમારી વાણી અને વર્તન બધું જ કઈકઅંશે નવિન અને નવાઈ જેવું જ જણાય છે. કે-તે વહેમ શંકા-સંશય જેવો એવો કોઇક ભૂત-પ્રેત-ચૂડેલ કે ઠાકણ કાંતો હેવાન-સેતાન જેવું જ છે. એટલે....દુનિયાની બહારની હવા જે લાગે વળગે છે; તેવું જ કંઇ જણાય છે.

કારણ તમે ઇદમ સત્યસનાતન આર્ય પવિત્રોતમ આદર્શયુક્ત શ્રી સતપંથ ધર્મ બાબતમાં તે શ્રી સતપંથ ધર્મ જિજ્ઞાસુઓને નામે બહુજ મન માને તેવું, તેમજ મન ફાવે તેમ માણસાઈ વગરનું મનુષ્યોને શોભે નહીં એવું, માનવતા વગરનું ખોટું બકબક કર્યા જ કરો છો. એટલા માટે જ મેં તમને મારા પોતાના સ્વયં અંગત એકાદ વિચારને અનુસરીને કહ્યું છે કે :—

સમયની કિંમત સમજો,
તડાકા મારવાનો કંઈ અર્થ નથી,
મને મારું કામ કરવા દો,
તમે તમારું કામ પતાવીને ચાલ્યા જાઓ.

શું ? વહેમનું ઔષધ ? વહેમનું ઔષધ છે. પ્રથમ સમજો કે—વહેમ એટલે જ સંશય અને મહાપ્રભુ ધનવંતરી કૃષ્ણંવન્દે જગદગુરુએ કહેલું છે કે "સંશયી આત્મા વિનશ્યતિ." એટલે ? છેલ્લુ....

☛ **સ્મશાન !**

પડી ટેવ તે ના ટળે, ભાઈ એતો સમયાધિન છે. એમ જણાય છે સ્વયં સ્વતઃ પોતાને જણાવવા ખાતિરજ જણાવવામાં આવ્યુ છે, કે મને કેટલાંક વહાલા; પ્રથમ મહારાષ્ટ્ર મધ્ય ભારત અને ગુજરાતના ઈદિમ સત્ય સનાતન આર્ય પવિત્રોત્તમ આદર્શ યુક્ત શ્રી સતપંથ ધર્મ જિજ્ઞાસુએ તેમ જ આજુબાજુના કેટલાક ધર્મ બન્ધુઓએ આમાં સામા તેમજ કાગળ પત્ર સમાચાર માર્ફત પણ ટકોર કરી છે. દબાણુ; ધમકીઓ સુદ્ધાં આપી હતી કે તમે શું કરવા ફરો છો ? રખડ રખડ રખડયા કરો છો? તમારા જેવા ઘણાય આવે છે અને જાય છે. કાંઈ જરૂર નથી તમારે ફરવા કરવાની. તમારા જેવાના ફરવાથી જ આ બધો અગાડ થયા કરે છે; થાય છે. તમારા જેવાના ફરવાથીજ આવા અન્યાયો થયા કરે છે. તમે ભલા રહો છો અને બીજાઓને બદનામ કરો છો. વગેરે આવી આવી વાતો કહીને ગણુકારી કાઢયો છે.


એમ છાંતય હે મારા પવિત્રોત્તમ સ્વધર્મ નિધનમ શ્રેય સન્મિત્રો મારી ભાવનાને તો આ વર્તમાન સાહિત્યમાં એકાદ પાને કદાચ જાહેર કરેલી હશે જ; છતાંય પુનઃ એકવાર નહી પણ સમય આવતાં હજારવાર પણ કહી શકું છું કે વર્તમાન સમયે :—

મને દુનિયાનુ રાજ મળે. તોય પણ આવા કે જે શ્રી સતપંથ સનાતન પવિત્ર આદર્શવાન; શુદ્ધ; સાત્વિક શાસ્ત્રવાણી સંબોધતી વિષે જરાપણ સદ્દવિવેક કે સદવિચાર ન કરતાં અર્થ ભાવાર્થને ન જાણતાં એકના અનેક અને અનેકના વધુ અનેક કોમીવાદ ભાષાવાદ જેવું અજ્ઞાન ધર્મની વ્યાખ્યા સમજાવી માનવીઓમાં વિખવાદ પેદા કરાવા, વિષે, ભાગલા પડાવવા, તારી ને મારી વગેરે વિખવાદો પેદા કરવા કરાવવા અનેકો પ્રયત્નો કરનારાઓ મથ્યાજ કરે છે. આવા ધર્મને નામે માનવીઓમાં અન્તરાયો ઊભા કરવાના પ્રયત્ન કરનારાઓ વિશ્વાસ ઘાતકી

અથવા તો આત્મઘાતકી (ઓ)ના સાથે તેવા (ઓ)ને છાંયડે હું ઉભો રહેવા માગતો નથી. એમ છતાય તે પરમપિતા પરમેશ્વર પરમાત્માએ બીજી દુનિયા મારા માટે કયાં બનાવી છે? છતાય પડી ટેવ તે ના ટળે. "જેવું કર્મ, તેવું ફળ."

આ મારાં વચનો નથી. આ તો મોટામોટા મહાત્માઓનો પ્રસાદ છે. સ્વાનુભવજન્ય બોધપાઠ પણ છે કે જેના ઉપર હું સ્વયં પોતે દૃઢનિશ્ચયી રહ્યો અને કુદરતે એટલે મારું પૂર્વ જન્મનું સંચિત કર્મ અને આ વર્તમાન જન્મના વર્તમાન કાળનુ પ્રારબ્ધ કર્મ એવું એક અવ્યક્ત; સ્વરૂપે છેવટે મને જય મેળવી દીધો. . . . .

વાત સાંભળતો હતો કે ગમે તે કાર્ય કરવા કરતા સફળતા કે નિષ્ફળતા એ આપણા હાથની વાત નથી. આપણે તો આપણું કર્તવ્ય ફરજ તરીકે બજાવતા રહેવું એ જ પૂરતુ છે; આપણું કામ તો પુરૂષાર્થ કરવાનું છે. પરિણામ તો એના હાથમાં છે. યાને કુદરતની ઈચ્છાને આધિન છે. અને તે આપે પણ ખરું "જેવું કર્મ, તેવું ફળ."



મનન કરવા યોગ્ય

સૌની સાથે હળીમળીને રહેવું; સહુને વહાલા લાગીએ તેમ કરવું.

૨ બોલવું વિચાર કરીને કે જેથી કરીને પસ્તાવું પડે નહિ.

૩ આપ ભલા તો જગભલા, નમ્યા તે પ્રભુને ગમ્યાં.

૪ કોઈની નિંદા કરવી નહિ, અવગુણ કોઈના જોવા નહિ.

૫ સાચને આંચ નથી; માટે કસોટીએ ચડયા પછી ભવ તરાશે.

૬ આ વખત પણ વહી જશે, એ ધ્યાનમાં રાખવું ભુલવું નહિ.

૭ સંતોષી નર સદા સુખી અસંતોષી સ્વપ્ને પણ દુઃખી.

૮ મુર્ખમાં ન ગણાઈએ. એ ધ્યાનમાં રાખવું વિવેકી મૂર્ખ નથી હોતા.

૯ બેસીએ જોઈ તે ઉઠાડે ન કોઈ, પોતાને આવડત પ્રમાણે સ્થાન લેવું

૧૦ જક્કી બનવું નહિ પોતાનું સારૂ પણ માર્યો જાય છે, ગમ ખાઈ વિવેકથી વાત કરવી.

૧૧ લાખ જતાં શાખ ન જવા દેવી, શાખ રહે લાખ મળે છે.

૧૨ દરેકનો વિશ્વાસ મેળવવા પ્રયત્ન કરવો, તિરસ્કાર ભરી દૃષ્ટિએ સામા જવું તેના કરતાં મરવું સારૂ.



નૂતન ભારતનુ ઘડતર

આજના નૂતન ભારતના વિદ્યાર્થીઓને માટે એટલું જ કહેવાનું કે તેવો દિલ અને દિમાગ ખુલ્લા રાખી નૂતન ભારતના ઘડતરમાં રસ લે.

આજે અણુ વિજ્ઞાન અને કૃત્રિમ ચન્દ્રો વચ્ચે માનવ જાત હોડમાં મુકાઈ ગઈ છે. એવી કટોકટીમાં વિદ્યાર્થીઓ વિચારતા નહી થાય તો કયારે થશે?

—પંડિત નહેરુ

તેમજ દરેકે પોતાને જ પ્રશ્ન પુછવો

દરેક વ્યક્તિએ પોતાની જાતને એક પ્રશ્ન પુછવાનો છે કે હું આ દેશ ભારતને શું બનાવવા માગું છુ? એક દેશ, એક રાષ્ટ્ર કે પછી ભિન્ન ભિન્ન યાને સહિષ્ણુતા (તાકાત) વગરના દસ વીસ કે એનાથીય વધુ રાષ્ટ્રોમાં તેને (સ્વદેશ ભારતને) વહેંચી નાખવા માગું છું?

મુરબ્બી: વિઠ્ઠલ રાઘો ચૌધરી વિરવે
ભાગ ૩ જો

શ્રી વર્તમાન ચતુર્થ કલીયુગના અદ્‌ભુત ભવિષ્યવેત્તા કોણ ?

તે સમજવા પ્રથમ પ્રખર પંડિત દેવાયત પાસેથી ચાલુ :— ભગવાને નિર્માણ કરેલા ચતુર્યુગમાં કલીયુગની આગમ વાણી શાસ્ત્ર પુરાણોમાં ઠેર ઠેર સૂક્ષ્મ સ્વરૂપે જોવામાં આવે છે. પ્રાય: કલી. કાલની ભયંકર કરાલતાના અશુભ સમાચાર આજે જગત ભરમાં જોવામાં આવે છે. ખરેખર આપણા રૂષિ મુનિ લોક મંત્ર દૃષ્ટા અવશ્ય હતા. તેમાં તો જરાય સંશય જેવું નથી. પુરાણોમાં શ્રીમદ્દભાગવત, મહાભારત, વિષ્ણુ પુરાણ, ગરુડ પુરાણ અને ભવિષ્ય પુરાણ વગેરેમાં ભવિષ્ય કાળનું વર્ણન ખૂબ પ્રમાણમાં મળે છે. યત્કિંચિત તો દરેક પુરાણમાં ભાવિકાળનું સ્વરૂપ સાંભળવામાં આવે છે.

પ્રાચીન સંત મહાત્માઓએ કલીયુગ માટે ઘણું ઘણું લખ્યું છે. કેટલાક તો પોતાની કાવ્ય મય વાણીમાં કલીયુગના કરતૂતોનું આલેખન રુવાડા ઉભા થાય એવું કર્યું છે.

તેમજ આજના સાહિત્ય જગતમાં ઉંચા આદરથી સુરદાસ, તુલસીદાસ વગેરે સંતકવીઓએ કલીયુગનું ભિષણ સ્વરૂપ રોમાંચક વાણીમાં ચિતર્યું છે. તથા દેશ પરદેશના કેટલાક મહાનુભાવોએ ભવિષ્યકાળની ચેતવણી આપી છે. એટલે અત્રે હું કોઈ અલૌકિક ઘટના રજુ કરું છું એમ સમજવાનું નથી.

સંત લોકોના સ્વભાવ હંમેશાં સરળ હોય છે. તેમનો આશય ભવિષ્ય રજુ કરીને યશ કમાવવાનો હોતો નથી. પણ કરાલ કાળનું દિગદર્શન કરીને સૌને બચાવવાનો હોય છે. વા ચેતવવાનો હોય છે. અશુભ પ્રસંગના સમાચાર આપી મનુષ્યને સાવધાન કરવા એ પણ એક પ્રકારનું કલ્યાણકારી કર્તવ્ય છે.

ભવિષ્યવાણી સંભળાવનાર ભવિષ્યવેત્તાઓમાં ઉંચા દરજ્જાના પંડિત નામે દેવાયત થઇ ગયા. તેઓ વિશેષ કરીને સૌરાષ્ટ્રમાં નિવાસ કરી રહ્યા હતા. જેમની અદભૂત જીવન તથા મુખની વાણી સાંભળવા જેવી છે.

આધુનિક કાળના ઇતિહાસકારોમાંથી કોઇએ આ વિભૂતિ પર પ્રકાશ ફેંકેલો જોવામાં આવતો નથી. પરન્તુ ભજનિક લોકો તેમનાં ભજનો લલકારી યાદ કરે છે; અને આપણને ઓળખાવે છે.

પંડિત દેવાયતની પત્નિનું નામ દેવળદે હતું. દેવળદેવી અત્યંત કઠણ સ્વભાવની બાઈ હતી. પ્રત્યેક બાબતમાં હઠ કરવાની તેની આદત હતી. સંસારમાં રાજહટ, યોગીહઠ, બાળહઠ છે. તેમ સ્રીહઠ પણ વિદ્યમાન છે.

પરન્તુ આશ્ચર્યની વાત તો એ છે કે, પંડિત આવી અર્ધાંગના પ્રાપ્ત થયેલ છતાંય તેને તેઓશ્રી પોતાનો ગુરૂ માનતા. આજકાલના નવ યુવાનો પોતાની પત્નીના શાસન તળે રહે છે. અને વિવેક મર્યાદાનો ત્યાગ કરે છે, એવું સ્વરૂપ પંડિતજીનું હતું નહિ. કારણકે દેવળદેવી મહાન તપસ્વીની પણ હતી. જીવનમાં અનેક વખત દેવીશ્રી રીસાઈ જતી ત્યારે પંડિતજી તેને મનાવવા ખૂબજ પ્રયત્નો કરતા. પોતે ત્યારે ચમત્કારી પુરુષ હતા અને ઘણાય શિષ્યો સેવામાં હાજર રહેતા.

કહેવાય છે કે એક દિવસ કોઇક બાબતમાં પત્નિ દેવળદેવી રીસાઇને કચ્છ પ્રદેશના કોઈ પર્વત ઊપર જઈ બેઠાં પંડિતજીએ તેની પાસે જવાનો વિચાર કર્યો પરંતુ તેણે તો પોતાની વિદ્યાના બળે માર્ગમાં અંગારા બીછાવી દીધા. તેથી શી રીતે જઈ શકે ? પોતે બહુ જ મુઝવણમાં પડવાથી શિષ્યોને બોલાવી કહ્યું કે, પ્રિયવત્સો જો તમે સાચા ગુરુભક્તો હો તો, આ અંગારા ઉપર સૂઈ જાવ. એટલે હું તમારા શરીર ઉપર ચાલીને પ્રિયતમા દેવળદેવી પાસે પહોંચી જાઉં. આ સાંભળતાં દરેક શિષ્યો આ મા

થઈ બહાનાં કાઢી ત્યાંથી વિદાય થયા. અને દરેક શિષ્ય વિચારવા લાગ્યા કે મૃત્યુના મુખમાં જવાની આજ્ઞા કોણ સ્વિકારે ? ભલે ગુરૂજીને ખોટું લાગે; અને આપણોત્ય ાગ કરી દેતા. આપણે બીજા કોઈ ગુરુ શોધી લેશું.

શિષ્ય સમુદાયમાંથી કોઇ પણ ન રહ્યું એટલે પંડિતજીએ એક ઉંટસ્વારને પોતાના એક આહીર શિષ્યને બોલાવવા મોકલ્યો. જે વખતે સ્વાર બોલાવવા આવ્યો તે વખતે આહીરનું લગ્ન થઈ રહ્યું હતું. ગુરૂના સમાચાર સાંભળી ભક્ત ચોરીમાં ફેરા ફરતો અટકી પડયો; અને પોતાની પત્નિને કહેવા લાગ્યો કે "આહિરાણી ! હવે હું અત્રેથી ચાલ્યો જાઉ છું. કારણ કે મારા ગુરુદેવ ઉપર કોઈ ભારે સંકટ આવી પડયું છે. તેથી ત્યાં જવું જ જોઈએ. જે શિષ્ય આફત વેળા ગુરૂને સહાય ન થાય તો તે શિષ્ય નહિ પણ પત્થર છે."

આહિરાણી બોલી, "નાથ ! આપ હવે એકલા શી રીતે જઇ શકો ? હું આપની અર્ધાંગીની બની ચૂકી છું. તેથી સુખ યા દુઃખમાં ભાગીદાર થવા તૈયાર છું. પતિના સુખમાં સુખ મેળવવા જે પત્ની હક્ક ધરાવે છે, તે તેના દુઃખમાં પણ ભાગ લેવા ન જાય ? આપશ્રીની ગુરુસેવામાં સહયોગ દેવો એ મારી પણ ફરજ છે.

"શિષ્યે ! ભલે, તારી જેવી ઈચ્છા."

આ પ્રમાણે ભક્ત દમ્પતિ અપૂર્ણ પરણેતરમાં સૌ આત્મજનો સમક્ષથી ચાલી નીકળ્યાં. રસ્તે ચાલતાં ચાલતાં બહુ સમયે ગુરુજીની પાસે જઈ પહોંચ્યાં. અને બન્ને સા. દં. પ્રણામ કરી ઉભાં; સમસ્યા માત્રથી જ શિષ્યે ગુરુની ઈચ્છા જાણી લીધી ત્યારબાદ આહીર પોતાની પત્નીને કહેવા લાગ્યો કે પ્રિયે તમે ઘરે પાછા જાવ હું જીવતો રહીશ તો ફરીને મળીશ અને સૌ આત્મજનોને મારા છેલ્લા રામરામ કહેજો.

આધુનિક જમાનાના લવમેરેજ (પ્રેમલગ્ન) થી જોડાયલી આ પતી પત્ની આહિર આહિરાણી ન હતી કે ભાગી છૂટે; તેતો આદર્શ પતિવૃતા સન્નારી હતી, તેથી એક ડગલુયે ઘર તરફ ન ભરતા પતીની સેવામાં સહયોગ આપવા મંડી. હવે પતિ અને પત્ની એક એક અંગારા ઉપર સૂઈ ને ગુરુદેવ દેવાયતને દેવળદેવીની પાસે પહોંચાડી દીધા. દેવાયત આ બન્નેના શરીર ઉપર પગ મૂકીને રસ્તો કાપતા રહ્યા. છેવટે પોતાનાં પત્નીને પ્રેમથી સમાધાન કર્યું.

આ ઘટનામાં ભક્ત દંપતિને અંગારની જલનપણ ચંદન જેવી શિતળ બની ગઈ. ઉભય પ્રેમથી હસતા જ રહ્યા. એ શું થોડી આશ્ચની વાત છે ?

ખરેખર દેવાયત અને દેવળદેવી પોતાનાં શિષ્યોની પરીક્ષા કરવા ખાતર જ માયા રચી હતી. એવું ભકત લોકોનું ધારવું છે. ભલે એમ હોય. પણ આજે આવા સમર્થ ગુરૂશિષ્યો ક્યાંક નજરે પડે છે ?

જીવનની આહુતિ આપનારા શિષ્યો અને મરેલાને બેઠા કરનારા ગુરૂઓની ખોટ હોવાથી જ આજનો જનસમાજ તથા ઘરનું વાતાવરણ દુઃખ અને ભયથી ભરપુર પ્રતિત થાય છે. જેમાં જરાય શંકા કરવા જેવું નથી.

દેવાયતે પોતાની પત્નીને કલીયુગ સંબધે ઘણુાય ભજનો સંભળાવ્યા છે. દરેક ભજન ગુજરાતીમાં હોવા છતાં બહુજ અર્થ ગંભીર છે. તેથી તેનો વિસ્તાર પૂર્વક અવતરણ ન કરવા છતાં પાઠકોના રંજન તથા સંશોધન માટે આ પરમપુરૂષની ભવિષ્ય વાણી સાથે અન્યોન્ય મહાપુરુષોની ભવિષ્યવાણી આલેખીને કલીયુગની રૂપરેખા નિવેદન કરવા ઈચ્છા થાય છે. માટે વિશેષ જાણવા સોચવા સમજવા જેવું :—

ભાઈ આજ કલીયુગમાં કલીંગો આવશે,
એનાં એ છે પહેલાં રે એંધાણ,
જે ઇમાન વિના ને અકલ હીણા,
એવા જીવ ભુલશે, ભુલશે સારી જહાન. ॥ ૧ ॥
ભાઇ તે તો સાત પેઢીના સગા દેખાડશે;
અને દેખાડશે માઈ ને બાપ,
એણી પેરે સર્વને પરમોદશે,
અને કાશી વિશ્વનાથ જપાવશે જાપ. ॥ ૨ ॥

આ વાકય કેટલે અંશે સાચું હશે ? શંકા ઉપસ્થિત થાય છે. એના માટે નિચેનું આલેખિત પ્રમાણ ઉચિત સમજીને આપીએ છીએ તેમાં કહ્યું છે કે પૂર્વજો જોવાય છે, તેમજ પૂર્વજો બોલે છે, તે કઈ રીતે ?

—: માટે એક નવિન અજબ યંત્રની શોધ :—

મોસ્કો એરિસ્ટાલ, પ્લેટો, અથવા સિકંદારા સાથે વાત કરતાં આવશે કે ? આપના દાદા અને પરદાદાની સાથે બોલી શકાશે કે ? આ સવાલનો જવાબ અલેકઝાન્ડર, વોલેગોવ, આ સોવિયેત, શાસ્ત્રજ્ઞજીએ હુંકારાર્થે જવાબ દીધો છે.

“ આર્કિઓબ્હિ દિઓ ફોન ” નામનું આ યંત્ર ટેલિવિજનના સેન્ટના આકારનું છે. આ યંત્ર ઉપર જો આપણા પૂર્વજોને જોવા ઈચ્છતો હોય; તો તેણે આપણા વંશાવળી સાથે અને સંબંધી બધી ખબર આપવી જોઈએ; આપણા સગા વહાલાના ફોટા, પત્રો સમાચાર વગેરે ભેગા કરવા જોઈ એ; આ બધી ખબરોના આધારે આ યંત્ર પૂર્વજોની પ્રતિમા તૈયાર કરે છે તેની સાથે ભાષણ કરવું પણ શકય બનશે એવો તે વૈજ્ઞાનિકનો દાવો છે. આ યંત્રની કાર્યની માહિતી આપતાં વોલેગોવે કહ્યું છે કે મનુષ્ય અને તેના પૂર્વજો છેવટે એકજ માટીસાંથી બનેલો હોય છે, દરેક ઘટનાની પાછળ કારણ હોય છે. અજ્ઞાતનો માર્ગ લેવા વર્તમાન ભૂતોનો પરસ્પર તાર્કીક સંબંધ જોડી દેવાનું કામ આ યંત્ર પ્રાપ્ત થયેલી માહિતી ઉપરથી કરી આપશે.

ઉપરની સુચનાનુસાર સત્યના શોધકોને વિશેષ આશ્ચર્ય ચકિત થવા જેવું કાંઈ નથી; કારણુ ? શાસ્ત્ર સંશોધન કરવાથી ભૂત, વર્તમાન, અને ભવિષ્યમાં શું થયું છે ? શું થાય છે ? અને શું થવાનું છે ? એવો ત્રિકાળ વર્ણનાત્મક વાણીઓનું સંશોધન સ્વાધ્યાય અભ્યાસ કરવાથી મનુષ્ય પોતેજ પોતાનું કલ્યાણુ સાધી શકે છે. છતાં પ્રથમ પાઠ ભણાવનાર ગુરૂપદ વંદન કર્યા વિના માર્ગ મળવો કઠીન છે. માટેઃ—

—: ગુરૂ પદ વંદન :—

પદ વંદન કરૂં ગુરૂદેવના, સકળ ગુણ ચતુર સુજાણ
પુરણ બ્રહ્મ નિશ્ચે કરો અચળ પુરૂષ પુરાણ...૧
પુજન કરું ગુરૂપદનું, જેથી ચૌદે લોક પુજાય
બ્રહ્મા વિષ્ણું શક્તિ મળી, ગુણ ગુરૂના ગાય...૨
કૃપા હોય જો ગુરૂદેવની, ટળે ચૌરાસીના તાપ
જન્મ મરણની આપદા, છૂટે આપો આપ...૨
અલખેલો અવનિ પતિ, દાતા બ્રહ્મ સ્વરૂપ
જુગે જુગ જે અવતર્યો, લીધાં અનેકજ રૂપ...૪
જે ચારે જુગના ગોરજી, સત્ય બળ નીધાન
તે પ્રથમ દેશ પંજાબમાં, મૂળ સ્થાન મુલતાન...૫
વૈકુંઠ વાગ્યા વધામણા, જય જયકાર જો થાય
સતી જતી સૌ મળી, દર્શન કરવા જાય...૬
ગુરૂજી આવ્યા ત્યાં થકી, ગુજરાત ગિરમથા ગામ્
પીરાઈ બતાવી પ્રેમથી, વસાવ્યો પિરાણા ધામ...૭
આનંદ ઉત્સવ ત્યાં થાય, મનમાં ધારી ધીર
સાચા સતગુરૂ આવિયા, આપ ઇન્દ્ર ઇમામશાહપીર...૮

ॐ

ॐ નમો જયશ્રી હરિ ૐ

ૐ, ૐ, ૐ, શ્રી મહાદ્ય નારાયણ વિષ્ણુ વંશાઅવતાર શ્રી દશમો સ્વરૂપ શ્રી નિષ્કલંકિ નારાયણ જનાર્દનનું આગમન સ્થાન સ્વરૂપ વિષે જે જે કહેલું છે. તેને સાકાર સ્વરૂપ (ઉપાસનાના અંગ)નુ બોધ આપતા તે સમયનું સ્પષ્ટિકરણ કરતાં દેવાયત પંડિત (જે ઘણા વરસો અગાઉ થયેલા તે પોતાની સ્ત્રી દેવળ દેવીને કહે છે કે) આવા સમયે ધર્મનો નાશ થયાનો માણી ધર્મ સ્થાપવા આ ઠેકાણે; આવા સ્વરૂપે પધારશે તે આ પ્રમાણે છે.

જ્ઞાન ૧

પહેલા પહેલા પવન ફરકશે,
નદિએ નહી હોવે નીર
ઉત્તર થકી સાયબો આવશે,
મુખી હનુમંત વીર–
દેવાયત પંડિત દાડા દાખવે,
સુણલે દેવળદે નાર.
આપણા સ્વામીજીએ સત્ય ભાખીયું,
જુઠું નથી રે લગાર.
લખિયાને ભાખીયા સોહી દીન આવશે–ટેક૦
ધરતિ ઉપર હેમર હાલશે,
સૂના નગર મોઝાર,

લક્ષ્મી લૂટાશે લોકો તણી,
નહી તેની રાવ ને ફરીયાદ–દેવાયત૦॥૧॥

પોરોરે આવ્યો સંતો પાપનો,
ધરતી માગે છે ભોગ,
કઈંક ખડગે સંહારશે,
કંઈક મરશે રોગ–દેવાયત૦॥૨॥

ખોટા પુસ્તક ખોટા પાનીયા,
ખોટા કાજીના કુરાન,
અસલ જાદી ચુડો પહેરશે,
એ છે આગમનાં એધાણ–દેવાયત૦॥૩॥

જતિ, સતિ ને સાબરમતિ,
ત્યાં હોસે શુરાનો સંગ્રામ
કાયમ કાળીંગાને મારસે,
નિષ્કલંકી ધરશે નામ–દેવાયત૦॥૪॥

કાંકરીએ તળાવે તંબુ તાણશે,
સો સો ગામોની સીમ,
ફૂડો દીશે રળીઆમણી,
ભેળા અર્જુનને ભીમ–દેવાયત૦॥૫॥

પશ્ચિમ દિશાથી સાહેબ આવશે,
આવે મારો જુગનો જીવન,
કળયુગ ઉથાપી સતજુગ થાપશે,
બોલ્યા દેવાયત જન–દેવાયત૦॥૬॥

જ્ઞાન ૨

દુલ દુલ ઘોડા ઉપર આવાજી પલાણશે,
કુડીયા કપટીને મારશે રે
તે દાડે કુડીયા મરશે, ભાઇ તે દાડે,
કુડીયા ઝુરી ઝુરી મરશે રે–ટેક૦
કૈલાસમાંથી ભોલા શંભુ પધારશે,
છોતેર કરોડી દલ જોધારે. છોતેર૦
ભગવા ઘોડાને જેની ભગવી છે ટોપીઓ
ભગવાં નિશાન ફરકશે રે–દુલદુલ–૧
પાતાલમાંથી શેષ નાગ આવશે,
બોતેર કરોડી દલ જોધા રે, બોતેર કરોડી૦
કાળા ઘોડાને જેની કાળી છે ટોપીઓ,
કાળા નિશાન ફરકશે રે–દુલદુલ–૨
દક્ષિણ દિશાથી યોધા હનુમાન આવશે,
છપન કરોડી દલ જોધારે, છપન કરોડી૦
રાતા ઘોડાને જેની રાતી છે ટોપીઓ,
રાતા નિશાન ફરકશે રે–દુલદુલ–૩
પશ્ચિમ દિશાથી નકલંકી આવશે,
અનંત કરોડી દલ જોધારે, અનંતકરોડી૦
ધોળા ઘોડાને જેની ધોળી છે ટોપીઓ,
ધોળા નિશાન ફરકશે રે–દુલદુલ–૪
ઉત્તર દિશાથી મેલાણુ આવશે પ્રભુજીના
સૈન્ય ચઢસે રે, નર નકલંકીના સૈન્ય૦
દહેરે દહેરે શંખ પોકારશે,
તે દહાડે કાળીંગો જાગશે રે–દુલદુલ–૫

પાવાગઢથી માતા કાલકા આવશે રે,
ચૌસઠ જોગણી દેવી સાથેરે, ચૌસઠ જોગ૦
ખપ્પર દંડો હાથમાં રહેશે,
તે પાવાગઢથી પ્રવેશશે રે–દુલદુલ–૬

બત્રીસ ગામનાવાસો કુંભારીયા આવશે,
સનોમણા લઇને આવશે, સનમાન૦
હિન્દુ મુસલમાન એક ભાણે જમશે,
તે દાડે ભ્રાંતો ભાંગશે રે–દુલદુલ–૭

સો સો ગામની સીમ રોકશે રે,
દૈત કાળીંગાની કચેરી ભરાશે,દૈત કાળીગા૦
કાળીંગાનું શીશ, રાણી સુરજા છેદશે,
તે દાડે દૈત કાળીંગો મરશે રે–દુલદુલ–૮

ખારા સમુદ્રમાં વાવડી ખોદાશે,
ત્રાજવે તોલી જલ વેચાશે, ત્રાજવે૦
ઘઉં ચોખા તોલીને વેચાશે,
અન્નના પડીકા બંધાશે રે–દુલદુલ–૯

સોળ કળા લઇને સુરજ તાપશે રે,
તે દાડે ધરતી તાંબા વરણી થાશે,તે દાડે૦
ઝાડ પહાડ સર્વે પરલે થાશે,
ઝાડનેનામે કોક તાડ રહી જશે રે–દુલદુલ–૧૦

હોલા હોલા જેવડી ગાયો થાશે રે,
બગલા ભેળી નાશી જાશે, બગલા૦
એક નર પાછળ નવ નવ નારીયો,
તે નર નાસી ડુંગરે જાશે રે–દુલદુલ–૧૧

ત્રણ કળાનો પુરુષ થાશે રે,
નવકળાની નારી થાશે રે, નવ કળાની૦
સાત વર્ષની નારી ગર્ભ ઉછેરશે
ત્યારે તેની વીસ વર્ષની ઉંમર થાશે રે–દુલદુલ–૧૨

હું કહું અબળાની ઈજ્જત લુટાશે રે,
દમડે વેચાશે નરને નારી, દમડે વેચાશે૦
સોનાનું બેડલું રાણી મેઘલી ઉપાડશે,
મેઘલીને આલમ રાજા પરણશે રે–દુલદુલ–૧૩

અમદાવાદમાં ગાદી સ્થપાશે,
ચંદા સૂરજ એની સાખે રે ચંદા સુરજ૦
કાંકરીએ તળાવે તંબુ તાણશે રે,
ભીમ અર્જુન ભેળા આવશે રે–દુલદુલ–૧૪

અમદાવાદની મહી સાગરમાં,
તાંબાની ઘાણીયુ ચડાશે, તાંબાની ઘાણીયુ૦
સાચા જુઠાની વહાલો હાજરી લેશે,
ત્યાં કુડીયા કપટી પીલી મારશે રે–દુલદુલ–૧૫

કુડીયા કપટીને ઘાણીએ નાખશે,
ત્યારે લોહીની નદીયો ચાલશે, લોહીની૦
એના લોહીની દિવડી જગાડશે,
તેને અજવાળે નકલંકી ચાલશે રે–દુલદુલ–૧૬

સુણોને આ કળયુગની નિશાની,
ધ્યાન ધરોને નર નારી, ધ્યાન ધરો૦
અઢાર હાથનું ખાંડુ થાશે,
સુણી લોને કલયુગની નિશાની રે–દુલદુલ–૧૭

પ્રેમે કરજો તમે વધામણી સારી,
જપો જપોને તમે નકલંકી હરી, જપો૦
ભક્તવર ભક્તોને તારશે,
કરશે તે દુરીજનની ખુવારી રે—દુલદુલ—૧૮
તે સમયે પિંપળે ફૂલડાં આવશે,
તે ફૂલડાંના ગજરા ગુંથાશે, તે ફુલડાંના૦
તે ગજરા મારા નકલંકને ચઢશે,
ને આબુગઢ ગિરનાર તોરણ બાંધશે રે—દુલદુલ—૧૯
દેવાયત પંડિત આગમ વાણી ભાખીયારે
જુગ ચોથાની છે વાત રે, જુગ ચોથાની૦
સંવત્સર વર્ષ ચિલોતરમાં,
નકલંકી જાગશે રે—દુલદુલ—૨૦

જ્ઞાન—૩ કડવા ભગતની વાણી

કળયુગ આવ્યો રે સંતો જાગજો,
ઉંઘશો નહી રે જરાય
કાચ્યા રે સુતર કેરે તાતણે,
મોટા હાથી રે બંધાય.—કળયુગ—૧
ધરા પતિ મદિરામાં મહાલશે,
ભૂલી ધણી કેરો ધર્મ.,
લાજ રે લુંટાશે અબળા જાતની,
એવાં આદર્શે કર્મ.—કળયુગ—૨
ગાયના પાલક ગોત્યા નહી જડે,
નહી હોવે દીલડે દયાય,
ક્ષત્રીય ધર્મ ભૂલે ભૂપતિ,
નહીં હોવે દેવડીએ ન્યાય.—કળયુગ—૩

ભારત ભુમી રહેશે નામની,
વાયરા પશ્ચિમના વાય,
ભડરે વીરોની છૂંટશે,
રજકણ ઓસરતા જાય.–કળયુગ–૪

ખેડુતની કોઠીથી કણ ખુટશે,
ખાવા ધાશે ખળવાડ,
કડે ડાટી કણુપતિ માંડશે,
નહી કોઈ સાંભળશે રાઢ.–કળયુગ–૫

વણીકના વેપાર જાયે વણસતા,
કુડની હાટડીઓ મંડાય,
ખેડુનાં ખેતરે ભેલે ટીટડાં,
કણુને ખપેડીઓ ખાય.–કળયુગ–૬

ઋતુ રે વિના વરશે મેહુલા,
બોલે મધરાતે મોર,
લિલુડી વાડીએ ઊગશે ભંઠીયા,
રસમાં ધરાશે ચોર.–કળયુગ–૭

બાવા મંદિર બાંધી બેસશે,
કાઢી ને ભગવાં વેશ.
રાખોથી પિંડને લેપશે,
ભગત નામ દઈ લેશ.–કળયુગ–૮

બ્રાહ્મણો વિસારી મેલે વેદને,
નહીં બ્રાહ્મણ પણું જરાય.
ગાયત્રી ગાશે ફરતાં ગામમાં,
ચપટી લોટમાં મન જાય.–કળયુગ–૯

ભગતો તંબુરા જેવું રાખશે,
વાણી પરમાણી જુઠ
રહેણી કહેણી કહેશે રાગડે,
અને ગણશે સૌ ઠુઠ.–કળયુગ–૧૦

આડમ્બર કરશે સૌને આંજવા,
કરશે ભોગ અને વિલાસ.
પોથી પાણીમાં પધરાવશે,
થાશે ધરમનો નાશ.–કળયુગ–૧૧

દેવળે પુરાશે દેવ દેવીઓ,
ફરશે કોપેલ રૂપ,
પૂજારી પુજા કરશે દ્રવ્યની,
ધરશે ગાંજાની ધુપ.–કળયુગ–૧૨

મરદો મૂછો કાઢી નાંખશે,
સ્ત્રીઓ તજે અંબોડાય,
સુહાગણો એકલી ફરશે,
એ તો સુધરેલી ગણાય.–કળયુગ–૧૩

ભેદ ભૂલાઇ જશે ધર્મના,
નહી રહે ઊંચી નીચી જાત,
મરજીથી લગ્ન કરશે માનવી,
કરશે કામીની સંગાત.–કળયુગ–૧૪

જતિ સંતાસે ભોંય રે,
વહેશે પાતકનું પૂર.
સતિ જન ગોત્યાં નહી જડે,
નહી રહેશે હિન્દુપણાનું નૂર.–કળયુગ–૧૫

વીરલા બચશે આવા કાળથી,
ઉંઘતા ચારણાએ દળાય,
ઘંટી ઘરે રાટી મારે જુગની,
ગાળે પડેલા દળાય.–કળયુગ–૧૬

વડ વેડુ પડશે જ્યાં જ્યાં ધર્મની,
હિન્દુ ધર્મ ચાલ્યો જાય,
મીઠા રે મહર સુણજો માનવી,
કડવો ભગત સાચું રે ગાય.–કળયુગ–૧૭

જ્ઞાન ૪. પીર રામદેવની વાણી

પશ્ચિમ દિશાથી પીર પધાર્યા,
અને સાનમા સમજાવિયાજી,
પાયો પ્યાલો પ્રેમનો,
અલખને ઓળખાવિયાજી –ટેક

કુવારીકામાં મંડપ રચિયો,
શ્રી નિષ્કલંકીને પરણાવશે જી.
પાંચ, સાતને નવને આગળ
મોકલાવીયા, માંડવો રોપાવવાજી ॥૧॥

નુરત, સુરતના સિપાઇ તેડાવ્યા,
જ્ઞાનના બખ્તર પહેરાવાજી,
ધીરજની તમે ઢાલુ રે બાન્ધો,
કાલીંગાને ધીરજે મારવાનેરે જી ॥૨॥

સહસ્ત્રઘોડાઓલઇસાહેબઆવશે
સાથે હનુમાન લાવશે જી,
જતિ સતિ ભેળા થઈ મેળવે,
મળવા આવીઆ રે જી ॥૩॥

કુવારીકામા જગન રચાવીયો
રંગ પાંસા ઢાલવા રે જી.
એમ બોલ્યા પીર રામદેવ,
અલખને ઓળખાવિયા જી. ॥૪॥

જ્ઞાન ૫. દાસ ધીરો કહે છે !

કલયુગ તો આવીયો રે,
દુનિયામાંથી ઘટી દયા.
મોટા મોટા મહાજનો રે,
લખપતિ લોભીયા થયા ॥૧॥
ધરતીમાંથી ધર્મ ગયો રે.
પાપનું વધ્યું પૂર
પર્જન્યતોપાંગળાથઇનેવરસે
મેદની થઈ ચકચુર ॥૨॥
કલજુગનું એવું કારણ રે,
દુનિયા લોભમાં લાગી જાય
ધરતીએ રસ ચોરીયો રે,
વાવ્યો કણ વણસિ જાય. ॥૩॥
શૂરાનું શૂરપણું ગયું,
ગયું સતીનું સત
વેદી ભેદી પંડિત પુરાણી
સહુની મટી ગઇ છે મત ॥૪॥
પુથ્વીમાં પાખંડ પુજાશે,
વિપ્ર કરે વહેવાર
સન્યાસી ધન સાચવવા લાગે
પતિવ્રતા હશે બિરલા નાર ॥૫॥

પતિ તો વાચા ન પાળે,
:ખ કોણે રે કહેવાય.
તો કુપાત્રની સુણશે,
તો ગરોડાને પુછાય, ॥૬॥

સત્ય તો ના મલે ગોત્યુ રે,
અસત્ય ના ઓથ થયાં.
દાસ ધીરો કહે છે રે,
અજ્ઞાની તો અન્ધ થયા ॥૭॥

જ્ઞાન ૬. સદ્‌ગુરૂ ઈમામશાહની વાણી

ઈ ! જ્યારે બારમી સદી આવશે
રે ધર્મ નહી રહેશે લગાર,
ધર્મ કરતાં ઓછું આવશે,
વો આવશે કળીકાળ–જ્યારે–૧

ભાઇ ! સતિયાનાં સત જ્યારે છુટશે,
સતિયા નહી રહેશે કોય.
ન્યાત છોડીને પર ન્યાત પરણશે,
એવી વેળા આવશે સોચ–જ્યારે–૨

ભાઈ! ખાના માંહે ભુતખાનાં વ્યાપશે
એવા આવશે કળી કાળ.,
ઢી રે શીળી મુનિવર પાળશે.
તો બહોતેર ખાનાં બાળ્યાનું પાપ–જ્યારે–૩

ભાઈ ! ત્રીસીબત્રીસી એ પાપી જાગશે,
તે હશે મહા ચંડાળ.,
છત્રીસે છેતર પીંડી થાશે,
એમ તમે જાણો નિરાધાર.–જ્યારે–૪

ભાઇ ! પિસ્તાલીસે બારમી સદી પુરી થાશે,
ત્યારે જાગશે અજેપાળ
પચાસે બાવન બળ જાગશે,
તે કરશે એકાકાર, —જ્યારે—૫

ભાઈ ! સાઠ બાસઠે બળ પડશે,
તે તો પેસી જાશે પૈયાળ.,
સિત્તેર બહોતેર સંઘ ફિરશે,
અને ભેળાશે સંસાર —જ્યારે—૬

ભાઇ! પંચાસીએ પીરશમશ જાગશે,
મુનીવર થાઓ રે હોંશીયાર.,
ચોરાણું પંચાણુએ પશ્ચિમ ઉગશે,
અલી મહેદી થાશે સ્વાર—જ્યારે—૭

ભાઇ! નવાણુંએ સહી સંધી આવી પહોંચી
આગમ નિષકલંકી જાણ.
જ્ઞાન બોલ્યા ગુરૂ ઇંદ્ર ઇમામશાહા,
મુનિવર સહી કરો પ્રમાણ—જ્યારે—૮

જ્ઞાન ૭

ભાઇ ! આજે કળીમાં કાળીંગો આવશે,
એના પેલા એ છે એંધાણ.,
જે ઇનામ વિના ને અકલ હીણા,
એવા જીવ ભુલશે સારી જહાન —આજે—૧

ભાઈ! તે સાત પેઢીના સગા દેખાડશે,
અને દેખાડશે મા ને બાપ,
એની પેરે સર્વને પરમોદસે,
કાશી વિશ્વનાથ જપાવે જપ —આજે—૨

ભાઈ! ખોટા ભાંગ્યા રે સહુના દેખતાં,
અને તેનાથી મુકતા ફળ નહી લેવાય,
આ હરીજન. દુરીજન ને કારણે,
તે તો કડવા ઈંદ્રિ ફળ ખાય –આજે–૪

ભાઇ ! હવે ક્ષેત્ર નથી રે પાંચમું,
તમે રેલો કરશો કયાં જાઈ.,
સર્વે સત ખોયું મૂર્ખ પાપીએ,
જેણે છોડી સદગોર પાત્રની બાંય–આજે–૫

ભાઈ! સતપંથ વોરી ગાંઠે ન બાંધીઆ,
અને મુર્ખે ન જાણ્યો મરમ.;
તેણે એક પલ સુખને કારણે,
મુર્ખે ખોયુ મુકતા ફલ ધરમ–આજે–૬

ભાઇ ! તેમણે પોતે દોજક સંભારીએ,
અને તે બેહસ્ત ન આવે કોય.,
જેણે બે પીર કીધા તે દોજક પડીયા,
તેણે પોતે હાથે અમર ફલ ખોય –આજે–૭

ભાઇ! એ મુર્ખે જ્ઞાન વિચારી ના જોયું,
અને સતપંથથી નથી કોઇ પંથસાર.
એમ ભણે ગુરૂ ઈંદ્રિ ઇમામશાહા,
બે ઇમાની ખાશે દોજક માંહે માર –આજે–૮

જ્ઞાન ૯

ભાઈ! આજે કળયુગ પુરણ પરવર્યો,
અને સતીયુનાં ચુકાવશે રે સત
તે તો સાચાને જુઠા બોલાવશે.
તેની હરી લેશે રે મત --આજે–૧

ભાઈ! મુનીવર સભ કોઇ કહાવે,
અને મુનીવરના ભેદ ન જાણે કોઈ,
જે આપ પોતે ગળે ને ગોરની વાચા પાળે,
આજે સાચા મુનીવર સોય —આજે-૨

ભાઈ! મુનીવર મુનીવરની નિંદા કરશે,
અને માંહે માંહે કરશે યુદ્ધ,
તે તો કુટુંબ માહે કલહ કરશે,
ભાઈ એવો છે કળજુગનો ફંદ —આજે-૩

ભાઈ! જે આડી રે જાયા બાંધવા,
તે સગપણ માંહે કરશે વહેવાર.
જ્યારે મા-બાપની પ્રતિજ્ઞા નહી પાળે
ત્યારે કળજુગ માંહે વર્તાશે કહેર —આજે-૪

ભાઈ! જ્યારે પાપ છલકીને પૂર વહેશે,
ત્યારે સત ધર્મની નહી કરશે સંભાળ,
બંધુ બહેન વિરોધ બોલશે,
તે તો મા-બાપને દેશે ગાળ —આજે-૫

ભાઈ! આજે વખડી વેળા વહે છે ઉતાવળી,
અને તમે મુનીવરો થાવો હોંશીયાર
તમે કાલે પુજતાં આજે પુંજો,
પછી નિષ્કલંકી થાશે સ્વાર —આજે-૬

ભાઈ! મુનીવર સામલ લીજીએ
અને દીજે તે સદગોરને હાથ
ઇમાન સાચું તે ચાંદરણું,

ભાઇ ! જેમ પુનમની રે રાત —આજે-૭

રહેણી અજવાળીપુરણુ ચાંદસુ,
સકળ કળા છે ભરપુર,
ઈમાને સાચવી એ સાચસુ,
તહાં જીકરે વરસ સે નૂર -આજે-૮
ભાઈ! નુર વરસે તહાં હેત ઉપજે,
અને મહેર મહોબત રાખો રે આપ,
જે ઈમાન સાચો રે દિવડો,
જો માંહે પ્રગટે, ના કરે પાપ -આજે-૯
!ભણે ઈન્દ્ર ઈમામશાહ સુણો મુનીવરો
કેમ નાખો જીવને જંજાળ,
ચેતી શકો તો ચેતજો,
ફૂટી જશે પુન્યની પાળ -આજે-૧૦

જ્ઞાન ૧૦

ભાઈ! મુનીવર મહાદન આવશે,
તમે હૃદય વિચારીને જોય,
વખડી વેળા રે આવશે,
ત્યારે થરનાં રહેશે કોય, -મુનીવર-૧
! ત્યારે દહાડો દહાડા લોપશે,
વેળા વેળાના જુજવા ભાવ
ાર ઈમામશાહ અમે ભાખીયા.
નીર માંહે ડુબે નાવ -મુનીવર-૨
ભાઈ! નીર વિના રે નાંવ ડુબશે,
અને વહેશે તે પાપનાં પૂર,
તહાં સત શોધ્યા નહી મળે,
ત્યારે સાચા તે જાશે દૂર -મુનીવર-૩

ભાઈ! ત્યાં હાં હેત હિતાર્થ તુટશે,
અને ઉઠસે દયા અને ધર્મ,
જ્યારે ધર્મી ધર્મની નિન્દા કરશે,
ત્યારે ઉપજશે બહુ કર્મ –મુનીવર–૪

ભાઈ! માડી જાયા બે બંધવા,
અને માંહો માંહે દેશે ગાળ,
જ્યાં મા–બાપને બેટી ગાળ બોલશે,
ત્યાં પુરણુ આવ્યો જાણો કળીકાળ –મુનીવર–૫

ભાઈ! જે સતપંથ લઈ બે ઈમાની થયા,
તે બોલે મકરની રે વાત.,
જે નિન્દા કરે ગોર નરની,
તે દોજક પડશે ઈકોતરસો સાથ –મુનીવર–૬

ભાઈ! એવી વખડી વેળા આવશે,
ત્યારે સાહબ થાશે સ્વાર,
તે તો કાફરોને જુગ માંહેથી ટાળશે,
અને કુલ દૈત્યોનો કરશે સંહાર –મુનીવર–૭

ભાઈ! ત્યારે નવી નવી કરશે પૃથ્વી,
અને કરશે તે જય જય કાર.,
જ્યારે દૈત્ય કાળીંગાને મારશે,
ત્યારે સાહબ પોતે કરશે રાજ –મુનીવર–૮

ભાઇ! ત્યારે નવખંડ સાહેબ પોતેરાજા,
ઓર દુજા નહી કોઈ.,
જ્યારે મુનીવરનેરિદ્ધિ–સિદ્ધિ આપશે,
ત્યારે મૂર્ખ હાથ ઘસતા રોય –મુનીવર–૯

ભાઈ ! દત્ત વિના ક્યાંથી પામીએ,
અને પંડિત વિચારોને વેદ.,
તહાં પસ્તાવો કરશે ગાફલો,
એમ કહે આ સદગોર ભેદ –મુનીવર–૧૦

ભાઈ ! ભણે ઇન્દ્ર ઈમામશાહ સુણો મુનીવરો,
તમે હૃદયમાં રાખો ધીર,
જે તમને નજીક દેખાડશે,
તે તો જાણો ઇંદ્ર ઈમામશાહ પીર- મુનીવર–૧૧

જ્ઞાન ૧૧ ચાંદશી મેહુવા

ભાઈ ! સરોવરની પાળ તૂટી, નીર ઉલટયા,
નહીં કોઈ બાંધણ હાર,
ગાયોને નહી કોઈ વાળશે,
નહી કોઈ ગતમાં ગોવાળ રે.
જુગમાં કળી કાળ વ્યાપીઓ,
વીરા ભાઈ કળજુગ આવીયો –ટેક

ભાઈ ! જ્ઞાન, ધ્યાન, વેદ વાયકા,
નહીં કોઈ વાચન હાર.,
પાના પુસ્તક સર્વે હારવા,
વસ્તુ ગઈ છે વિસાર –જુગમાં–૧

ભાઈ ! જીવ દયા ધર્મ જે કોઈ પાળતા,
તે નર નિશ્ચે થયા રે આરત.,
માતા એ મેલી માયા બાલકસુ,
સર્વે કોઈ થયા પેટ સ્વાર્થ –જુગમાં–૨

ભાઈ! તહાં હેત હિતાર્થ તૂટશે,
સગપણ થાશે બંધવ માહે વહેવાર,
નાનાઓ મોટાઓને માને નહી,
એવી વેલા આવે જાણો જાણણહાર -જુગમાહે-૩

ભાઇ! ગોરને જજમાન નહી કોઈ માનશે,
પ્રજા નહીં માને રાજાની આણ
સુ, કુલ નારીની લજ્જા લોપશે,
ખાપણ લાગ્યું ચારે રે ખાણ -જુગમાહે-૪

ભાઈ! રાજા રાક્ષસ રૂપે અવતરશે,
તેમ પ્રજા ચોર, ધૂતારી જાણ.,
દહાડો દહાડાને લોપશે,
વર્ષો વર્ષ પડશે દુકાળ -જુગમાહે-૫

ભાઇ! રાજા રાખણહારા લૂટશે,
ધણી દિલમાહે નહી કરે વિચાર.,
નવસો નવાણું નદીઓ ખૂટશે,
ધોરી છાંડશે પૃથ્વીનો ભાર -જુગમાહે-૬

ભાઇ! દૈત્યોએ દાવો માંડીઓ,
અને દેવતાઓ કરે છે વિચાર.,
ધર્મ માર્ગ કર્મ પંથ રૂંધીયા,
કરે ઘટ ઘટ દિલ માહે વિચાર -જુગમાહે-૭

ભાઈ! દેવતા કલીમાહેથી ઓસર્યા,
દૈત્યોએ કીધી ધરમ ક્રિયા ઉજડ.,
આણ ભાંગીને લોપીયુ,
પછી તે શું રાખે? ધરમની વાડ -જુગમાહે-૮

! ધરતી માંહે ધંધુકાર વ્યાપીઓ
થયો ને થશે હલ હલંકાર.,
વસેલા ઉજ્જડ હોસે,
શા થાશે અહંકાર –જુગમાહે–૯

ભાઇ પુન્યની પરઓ કલીમાંહે ઓસરી
અને રસ કસ ગયો ગગન પાતાળ,
રિદ્ધિ સિદ્ધિ સર્વે ખુટશે,
તદયાવંત માહે પડશે જંજાળ જુગમાહે-૧૦

! પેટ સ્વાર્થ આદર્યો જેણે,
કુળ ગૌત્ર માહે દેશે ગાળ.,
પેટના બાળકનો વધ કરશે,
પડશે વિકરાળ કાળ –જુગમાહે–૧૧

ભાઈ ! વિવાહ વાજીંત્રો નોતરામાં,
તેડાવે એકને સહુ કુટુંબ જાય.,
રંગમાં જઇ ને ભંગ કરે,
ડાઓ મળી દર દિવાને જાય –જુગમાહે–૧૨

! વાદ વધ્યા ને વેર વધ્યું,
કોઇ કેને ઘેર ન જાય.,
મુસલમાનોની નાતમાં,
આવતાં એકંકાર જે થાય –જુગમાહે–૧૩

ભાઇ ! વર વેવાઇ સાળા નોતરો,
કુળ ગોત્રમાં નહી પુછે એકવાર.,
માતા પિતા ગુરૂ આજ્ઞા લોપીયા,
ટ ઘટ દિલમાં થશે વિચાર –જુગમાહે–૧૪

ભાઈ! પુત્ર પિતાથી રે આગળો,
નરથી નારી ભલેરી કહેવાય.,
શેઠથી વણેતર વધીયા,
ગુરૂથી ચેલા વડેરા કહેવાય–જુગમાહે–૧૫

ભાઈ! અતિથી અભ્યાગતને સેવતાં,
તેની શુદ્ધ નહી રે લેવાય,
સાધુથી ચોર ઉતાવળા,
જુહો પહેલો રાજ દિવાને જાય–જુગમાહે–૧૬

ભાઈ! અઢારે ભાર વનસ્પતિ,
તે તો ડાળ સમુળી રે જાય,
સુફળ વૃક્ષ સર્વે મુકસે,
બાકી રહે તેને કોઇ ન ખાય–જુગમાહે–૧૭

ભાઈ! અકલે ઈલિમ સુરા સતવાદી,
તે તો અભિમાને ચઢયા રે ગુસાઈ,
મઠ માંહે કરે રે અભિમાન,
એવા સાધુ સંતો રે ભાઇ,–જુગમાહે–૧૮

ભાઇ ! ખરા નાણા તો સહુ કોઈ ખર્ચે,
ખોટા કોઇના હાથે ન સોહાય,
જપ અને તપ સર્વે હારવા,
નહી કળીની કળા સમજાય–જુગમાહે–૧૯

ભાઇ ! હૃદય કમલ થકી ડોલીયો,
ગર્થે નહી આવે દોહેલો સંસાર,
ઠામ ઠેકાણે નહીં કોઈ ગુરૂ સુખી,
નહી કોઇને રહેશે ઇતબાર–જુગમાહે–૨૦

ભાઈ ! સતપંથ માહે શુદ્ધ હોવે,
વિરલા કોઈ નર અને નાર,
સ્ત્રી માહે નહી રહેશે પતિવ્રતા,
નરમાં ન કોઈ નર નિરવાણ–જુગમાહે–૨૧

ભાઈ ! નહીં કોઈ છઠી રાતના,
નહી કોઈ ધરે લજ્જા ય
નહીં કોઈ નર પોતે વહિઆ,
નહી કોઇ પર દુઃખ ભંજન હાર–જુગમાહે–૨૨

ભાઇ ! ગુપ્તિ પ્રગટી નહી કોઇ જાણતા,
નહી રહે કોઈ દેવળ દેરામાં સાચ.,
નહી કોઈ સાચી કરામત દાખવે,
નહી કોઈ પાળે સાચી વાચ–જુગમાહે–૨૩

ભાઇ ! આઠ પહોર દિન રાતના,
નિદ્રામાં પડયો રે સંસાર.,
જે કોઈ ધર્મ માર્ગ નહિ જાણતાં,
તેઓને દેખીને ભૂલ્યો રે ગમાર–જુગમાહે–૨૪

ભાઇ ! જાણી બુજીને ફલ જે કોઈ હારીયા
તે શું પાવે સાહેબનો દિદાર.,
સતી લોકો તમે સતપંથને સેવજો,
મુનીવરભાઈ તમે થાઓ હોંશીયાર.જુગમાહે–૨૫

ભાઇ ! ઇંદ્ર ઈમામશાહ જ્ઞાન બોલીયા,
મુનિવર તમે સાંભળો બ્રહ્મજ્ઞાન.,
ભક્તિ ભાવ શું કરો વિનંતી,
પરખો તમે એવા કળીના એંધાણ–જુગમાહે–૨૬

જ્ઞાન ૧૧

ભાઈ! મુનીવર મહાદન આવીઓ,
અને સાહેબ લેશે હિસાબ.,
ત્યારે કીધા કરતવ પૂછાશે,
ત્યાં તોલાશે પુન્યને પાપ ટેક-૧

ભાઈ! પુન્યને પાપ ત્રાજવે તોળાશે,
અને સાહેબ લેખા પૂછશે ત્યાંય.,
જો સદગોર સાથે સીધા ચાલીએ,
તે તો પકડશે આપણી બાય -૨

ભાઈ! અહી બાય પકડતાં ન આવે લાજ
અને વૈકુંઠમાં આપે તેને વાસ,
તેના ઈકોતેરસો આગળ કરી,
તે જઈને બેસે પિયજી ને પાસ -૩

ભાઈ! વૈકુંઠ માંહે એક વૃક્ષ છે,
તેણે સઘળી અમારાપુરી છાઈ,
તેનું નામ તો કલ્પવૃક્ષ છે,
તે તમે સુણો મુનીવર ભાઈ! -૪

ભાઇ! તહાં સવામણનો અહાર કરાવશે,
તહાં નાર નહીં રે હોય.,
તે માંહે રે બેઠા સુતા કોઈ નહીં,
તહાં તો જીકર કરે સર્વે કોઈ, -૫

ભાઇ! સોનાની ઈટે ઘર ચણાવશે,
અને તે માંહે ચણે કસ્તુરી ગાર.,
એવા મહેલ તમને આપશે,
તેના રૂપ તણો રે નહીં પાર -૬

ભાઈ! ત્યાં માણેક મોતી દડે કુંવર ખેલશે,
અને સુવર્ણ ગેડી છાજે તેને હાથ,
ત્યાં પાંચસો કુંવર ખેલાવશે,
ભાઈ એવા છે વૈકુંઠ નાથ— —૭

ભાઇ! લાખ એકમાં લખપતિ હોસે,
અને સો એક માંહે સુજાણ.,
અહીં સતપંથ જે કોઇ પુરા પાળશે,
તે તો પામશે નિરવાણ —૮

ભાઈ! ગુનેગાર ને ત્યાહાં મારશે,
ત્યારે તે કરે શોર બકોર
તેના હાથ પગ માંહે બેડી હોસે,
જાણો તે ઊભા દિસે ચોર —૯

ભાઈ! ત્યાં ઝાંખા મેઘા કિન્નાર દેખાશે,
અને દેખાશે પાંચ, સાત, નવ ને બાર
ત્યાં અનંત કરોડી દેવ મલશે,
પણ કોઇના કરે તેની સાર —૧૦

ભણે ઇંદ્ર ઇમામશાહ સુણો મુનીવરો,
સાચા સદગોર કહે તે સાચી વાત.,
સતી લોકો તમે સતપંથ સેવજો,
અને જીકર કરજો દિવસ અને રાત —૧૧

જ્ઞાન ૧૨

ભણે સુરજા રાણી, સાંભળો,
કમળા કુંવર કહું એક વાત રે,
મુજને સપનાત્તર લાધીયું,
પાછલી પુનમની રાત રે, —ભણે૦

જાગો જાગો રે ભાઇ હુઈ છે વધાઈ
અને આવ્યા તે વૈકુંઠ નાથ રે.,
જાંબુદ્વિપ માંહે સ્વામી મારો પરવાર્યો
સૌ સૈન લાવ્યા સંગાથ રે, —ભણે-૨

નવાણું કરોડી ઝાંખા તારીયા,
છપન્ન કરોડી મેઘા રે.,
કિન્નર કરોડી બત્રીસ,
કરોડી તેત્રીસ સેવતા રે, —ભણે-૩

જેણે કરોડી તેત્રીસ તારીયા
અને તાર્યા પાંચ, સાત, નવ, બાર રે,
ચારે જુગના ભક્ત તારીયા,
સહુ પાંડવ સુભા સાથ રે, —ભણે-૪

ત્યાં તો રણઝણ વાગે મેઘા ડમ્બર ગાજે,
ત્યાં તે સુરા ખમે ભાર રે.,
પાશ્ચમ થકી દળ ચાલ્યા આવશે,
તે તો ઉગમતા સહી પ્રભાત રે, —ભણે-૫

તે માંહે ભીમ ગદા લઈને ચડશે,
ત્યારે ધરતી થાશે કંપાયમાન રે,
એવા તે બેલી જોધ્ધા આવશે,
મારા સાહેબને દલ માંહે રે, —ભણે-૬

ચેતો ચેતો ભાઈ હુઈ રે વધાઈ,
તેને શિર બંધ શેલા બાંધશે રે.,
એણે માંડવે સ્વામી મારો આવશે,
કમળા કુંવર તૂં કાંકણુ બાંધ રે, —ભણે-૭

તારી ચીન નગરી માંહે ભંગાણુ પડશે,
ત્યાંહાં દૈત્ય કાળીંગાને મારશે રે.,
ઋષીવરોને ઘેર હર્ષ વધામણી,
મુનીવર ઘેર ઘેર મંગળ ગાશેરે, -ભણે-૮
તમે ભેગા મળો રે ભાઇ રૂખે સરો,
હાથમાં હાથ મેળવી કરોને કમાઈ.,
આજે કંચન કસણીએ જો કસાય,
તો તમે પામો વૈકુંઠમાં વધાઈ રે -ભણે-૯
એમ ઇંદ્ર ઇમામશાહ જ્ઞાન બોલીયા,
તમે ભેળા મળો ઋષિવર ભાઈ રે,
આજ ગોર મુખે દશાંશ આપશો,
તો તમે પામો મૂક્ત દિદાર રે -ભણે-૧૦

જ્ઞાન ૧૩ Record 02

હેજી—પશ્ચિમ દેશમાંહે ખંડ એરાકી,
અને સહસ્ત્રદ્વિપ જણાવું સાર જી.,
ગઢ શહેર વરજાના રંગ દોહેલા
તહાં રાજ કરે ધણી મારો જી
નાસ નાસ રે તૂ દૈત્ય કાળીંગા,
પશ્ચિમથી સ્વામી મારો આવશેજી
ક્ષોણી નવાણુ તારા ખરીને માંહે આવસે,
ત્યારે તુજને કોણ મેલાવશેજી -૧
હેજી—પશ્ચિમ દેશથી તબલ વાગશે,
અને સાથે તે ઘણા નિશાન જી
ત્રણ ભુવનમાં હાકલ દેવરાવશે,
ત્યારે સજાગ થાશે સુજાણજી -નાસ નાસ રે-૨

હેજી ! જેના ચંચલ ચાલે પવન રૂપી ઘોડલા,
એવા એરાક પતિનો શણગારજી
છત્રીસ આયુષ લઇ ચઢશે,
ત્યારે ત્રણ ભૂવન કરશે જયજયકાર -નાસનાસ-૩

હેજી ! નવ નાથ ને ચિદ્ધ ચોરાસી,
તહાં જોગણી કરશે જય જયકારજી
અજીયા વજીયા ચમર ઢોળશે,
કમળા કુંવર ઉપર છત્ર ધરાવેજી-નાસ નાસ રે-૪

હેજી ! જે નેત્ર કટે કોટને અન્દર ચાલે,
મારે દેવતા કરે કમાઈ જી.,
બારે મેઘ જેને ઘેર પાણી ભરે,
અને સુરજ તપે રે સોયજી-નાસ નાસરે-પ

હેજી ! હું તો રાણી મુંવા જીવાડું ને પ્રત્યક્ષપુજાવું,
મારા દલમાંહે ચડે કાષ્ટના ઘોડાજી
મારા દલમાંહે ક્ષોણી નવાણું,
તારા સ્વામીજીનું દલ છે, થોડું જી-નાસ નાસ રે-૬

હેજી ! રાયજી તમે મુવા જીવાડો પ્રત્યક્ષ પુજાઓ,
તો એ તમારો દલ છે કાચોરે.,
શાકનો મેળાવો, તે બાળી ભસ્મ કરશે,
નહી કોઇ ઉભો રહેશે સાચોરે-નાસનાસરે-૭

હેજી ! રાણી ખાઓ પીવો છો ધન ધાન અમારૂ,
અને અપશુકન કેમ વિચારોજી !
સ્વામી સ્વામી એમ કરો છો પુકાર, છે કોઈ
પંડિત જે કોઈ રાણી સુરજાને સમજાવેજી-નાસ.-૮

હેજી ! રાય તો સુરજા રાણીનું કહ્યું ના માને,
તે કુડા કર્મથી કાળીંગો ભાગશેજી.,
ત્રણ જુગની તમે વાત વિચારો, આજે ચોથે
શ્રી નિષ્કલંકી પાત્ર લેખુ માગશેજી—નાસનાસરે—૯
હેજી ! સીંગી શંખ ઘંટ નાદ વાગશે,
ને નવખંડ માંહે પડશે ભંગાણુ રે
લાખ લાખ જોજન દલ સ્વામીનું ચાલશે,
સાહેબ એવા કરે પીયાણા રે —નાસ નાસ રે—૧૦
હેજી ! જાંબુદ્વિપે થાશે ગડમથલ,
અને ખબર પડશે ઉજ્જન નગરી મોઝાર.,
ઇશ્વર ઉમૈયા દેવી કરશે પારણાં,
તે તો આજ કલીમાંહે દશમો અવતારજી-નાસનાસ-૧૧
હેજી ! ત્રાજવે તોલીને તપાસી લેશે !
ત્યાં ગોરબ્રહ્મા સાખ પુરાવશેજી—
નરને પ્રસાદે પીર શમ્મસ બોલ્યા,
ફલ, સાચાને શ્રી સદગોર દેશે રે—નાસનાસરે—૧૨

જ્ઞાન ૧૪

ભાઈ ! ચેત ચેત કળજુગ આવીયો,
અને આવી તે કઠણ વેળા રે.,
કળી કાળ કળજુગમાં વ્યાપીઓ,
સતિ જીવડા તમે શું ભૂલ્યા રે? —ચેત ચેત—૧
ભાઈ ! કળજુગ સંઘે જે કોઈ ભૂલ્યા,
સો તે તો નહી પાવે આરો રે,
એક પહોર સુખને કારણે,
તમે કેમ ખોવો જનમારો રે —ચેત ચેત—૨

ભાઈ! તમે મુનીવર થઇને સતે ચાલો,
અને મતમાહે ચાલો અન રાહે.,
આગમ ચેતાવ્યા તોએ ના ચેત્યા,
તો પછી ફરશે ચોરાસીના ફેરા રે —ચેત ચેત–૩

ભાઇ! મુનીવર થઇને હક્કથી તમે ચાલો
અને મત ચાલો અન રાહે,
ચેતી શકો તો ચેતી લેજો., નહીં તો
પડશે ચોરાશીના ફેરા રે —ચેત ચેત–૪

ભાઈ! મુનીવર થઇને ગાફલ જે સુતો,
અને વાત કુડી સો કહેવાય રે,
કઠણ વેળા મહાદિનની આવી,
શાહ તલતલનો લેખો લેશે રે, —ચેત ચેત–૫

ભાઈ! મુનીવર થઇને જે કોઈ વ્યાજ ખાશે,
અને સો ભી પરલે જાશે રે,
વહુ સાસુને નહીં રે માનશે,
અને બેટા માતાનું નહીં માને રે —ચેત ચેત–૬

ભાઈ! માતા પિતાનું માન ટળશે,
અને તે જોરૂના કહેવાથી ચાલે રે.,
દસ હી માસ માતાએ ગર્ભમાં રાખ્યો
તો પણ ચિત્તમાં નહી જાગ્યો રે —ચેત ચેત–૭

ભાઈ! કળયુગ આવ્યો કેમ કરી જાણો?
અને માન મોટાઓનું જાશે રે.,
છંદે ને ફંદે સૌ કોઈ ચાલશે,
ત્યાં એમ કરી પાખંડ વધશે રે, —ચેત ચેત–૮

ભાઇ ! ત્યારે બેટા બાપની સંભાળ નહીં કરે,
અને એવા કળજુગ આવશે રે.,
પુરૂષ પોતાની મેલશે નારી,
અને બીજાની સંગાથે જાગે રે –ચેત ચેત–૯

ભાઈ ! એવા રે કળજુગ વસમો આવે,
અને માન મોટાઓનું જાવે રે,
શીળવંતને નામજ નહીં,
અને કમશીલ રાજ કરશે રે –ચેત ચેત–૧૦

ભાઈ ! ધીંગાઇ મસ્તી ખોટી જે કોઇ કરશે,
તેમનું નહીં હોશે ભલેરૂરે,
તમે જાણો છો કે અમે ઠાલવી કાઢશું
તેમનો બેલી છે સરજન હારો રે- ચેત ચેત–૧૧

ભાઈ ! મહાદન માંહે સાહેબજી ગુન્હા પૂછશે,
ત્યારે જવાબ કેમ દેશો રે ?
પોતાની ધર્મપત્તિને મેલીને તમે,
પર સ્ત્રી સાથે પ્રેમ જ્યારે કરશો રે –ચેત ચેત–૧૨

ભાઈ ! બેઉ બંધવા તે તો બહોત લડશે,
પછી કોઈ કોને ઘર નહીં જાશે રે,
તે તો માંહે માંહે અબોલા રાખશે,
એવો કળજુગ આવશે રે, –ચેત ચેત–૧૩

ભાઈ ! જ્યારે આધ લાખ વરસનો એક દિન થાશે,
એવા સાડા ત્રણ દિવસ ભોગવશેરે,
ત્યારે સહસ્ત્ર કલાસુ સુરજ તપશે,
અગનનો મેહ વરસશે રે, –ચેત ચેત–૧૪

ભાઈ! માર પડશે ત્યારે તલ ફાઈ જશો તમે,
અને ઉત્તર કેમ કરી દેશો રે.,
પૂન્ય પાપ બેઉ ત્રાજવે તોલશે,
ત્યારે જીવડા બહુ જલશે રે, –ચેત ચેત–૨૧
ભાઈ! ત્યાં મારા મુનિવર એકઠા થાશે,
જ્યારે જાંબુદ્વિપમાં શાહેજી આવશે રે,
ગાફલ થઈ તમે નિન્દા કોઇની ના કરશો,
અને નીત નીત વાંચી જુઓ પુરાણ-ચેત ચેત–૨૨
ભાઇ! ભણે ઈન્દ્ર ઈમામશાહ સુણો મુનીવરો,
અને દિલમાંહે જ્ઞાન વિચારો રે,
આવી વાણી સુણી કરી તમે ચેતી ચાલો,
તમે કેમ ગુમાવો? મનખા જનમારો રે–ચેત ચેત–૨૩

જ્ઞાન–૧૫ જોગ રે જોગ

ભાઈ! પશ્ચિમે પૂનમ ચંદ્ર ઉગિયો,
અને અનંત કળા વર દાઈ.,
તે તો સ્વર્ગ મૃત્યુ પાતાળે પ્રકાશીયા,
તે ચૌદ ભુવન માંહે સોહી, –૧
ભાઇ! પોતે અલી મુર્તુઝા આવીયા,
અને અવર દુજા નહીં કોઇ.,
ઝુલ ફુકાર ખાંડુ કમરે બાંધીયા,
તે તો પોતે અલી રે સોહી –૨
ભાઈ! સવા લાખ રાજા જેણે મારીયા,
અને ઝુલ ફુકાર ફેરવી રે જાણ.,
તહાં ગોર નરનો જપાવ્યો રે જાપ,
કોણ હિન્દુ અને મુસલમાન ?, –૩

ભાઈ! તહાં વાજાં વાગે'ને નોબત ગાજે,
અને ગરજે તે જમીન આસમાન.
વસમા કુંવારીને કોલ દીધો,
તે જાણો વિષ્ણું વરદાતા ઈમામ, –૪

ભાઈ! તહાં ઝાખાં મેઘા કિન્નર આવશે,
અને કરોડી પાંચ, સાત, નવ ને બાર.,
તહાં જય જય કારનો જગન વરતાવશે
ત્યારે નર નિષ્કલંકી થાશે સ્વાર –૫

ભાઈ! નુરાની વસ્ત્ર શાહો જી પહેરશે,
માથે મુગટ પર વાલ.,
હીરા જડંતર કેડે કંકણુ બાંધશે,
તહાં સર્વે દેવનો એક જ ઢાળ –૬

ભાઈ! ત્યારે તેજી પંખાલા પલાણુશે,
અને કોટે માણેક મોતીના જુંડા,
તેના પલાણે પાખેરે હીરા જડયા,
એવા પવન વેગી છે રે ઘોડા, –૭

ભાઈ! તહાં ચાલીસ ક્રિયાની પ્રણુ જોશે,
અને જેવા જેના રે આચાર.,
તેને તેવા ફલ શાહોજી આપશે,
સાહેબ પોતે કરશે ઉદ્ધાર –૮

ભાઇ! સાચું બોલ્યા જે સદાયે કાલ,
જે જન્મમાં ન બોલ્યો રે જુઠ.,
તે નર જઈને બેસશે બેલડી,
અને તે રહેશે સાહેબને હજુર –૯

ભાઈ! જે નર જીકરે ફીકરે જાગીયા,
અને મન માહે લરજો રે જેહ.,
તેનો અરસ કુરસ ઉપર બેસણા,
તેની સુરજ કળાની રે દેહ -૧૦

ભાઇ! તે તો સાચા રે ખજાના મહાલશે,
અને કુદરતી ઉતરશે રે થાલ.,
તેને હેતે કરીને હાથે જમાડશે,
જેમ માતા ધવરાવે રે બાલ -૧૧

ભાઈ! તહાં ધોલ મંગલ ને અતી ઉત્સવ,
અને તહાં સતીયાં મંગલ ગાય.,
એવા પૂજાનાં ફલ તમે પામશો,
તેનો સુખ કહયો નવ જાય -૧૨

ભાઈ! ભણે ઈન્દ્ર ઈમામશાહ સુણો મુનીવરો
અને સાચા ઈમાની જે આજ રે.,
તે તો એવી સફાયેત પામશે,
તે અમરાપુરીમાં કરશે રાજ રે -૧૩

જ્ઞાન—૧૬

ભાઇ! સોળ કળા લઈને ઉગીયા,
અને પુરણ પુનમ ચંદ્ર જેવા.,
તે તો ભવને ભવને પ્રકાશીયા,
તેની અનંત કળાની રે દેહા, -૧

ભાઈ! તેની અકલ ગતનો પાર ન પાઇયે,
અને જહાં જોઈએ તહાં પાસ,
જીગર ચીરીને જોગે પદાર્થ બે કર્યા,
એક દિવસ અને બીજી રાત -૨

ભાઈ! રહેણી કરી તે રંગ ભોગવા,
દિવસ કર્યો રે પ્રકાશ.,
જેણે જેવા રે આરાધીયા,
ભાઈ તેને તેવા ફલ પાસ –૩

ભાઇ! જમીન આસમાન સાહેબે હેતે રચ્યા,
અને હેતે રચ્યાં ચૌદ ભૂવન.,
ચાંદો સુરજ બેઉ હેતે કર્યા.
હેતે સરજ્યા પાણી પવન –૪

ભાઇ! એ ખાણી વાણી સાહેબે હેતે રચી,
અને હેતે ઉપાયા સર્વે રાય,
સાહેબે નવ લાખ તારા હેતે જડયા,
ભાઈ હેત વીના રે નહી કાંય –૫

ભાઈ! પોતે આરંભ હેતે કર્યો,
અને આદે ઉપન્યા રે હેત.,
આ વેદ કિતાબ હેતે રચીયા,
અને હેતે રચીયા બ્રહ્મ ખેત –૬

ભાઈ! સકળ વેદ સર્વે હેતે રચ્યા,
અને હેતે ઉપાયી સઘળી જહાન.,
એ કુદરત આપે પોતે રચી,
તે તમે જાણો શ્રીનકલંકી નાથ –૭

ભાઈ! પ્રત જુવો રે તમે પાછલી,
એણે શું શું કીધા રે કામ.,
તે વેદ વાળીને રતન તારીયાં,
તમે જાણો ગોર નર ઇમામ –૮

ભાઈ ! ટાઢો તે થંભ રાખીયો,
અને પ્રહલાદનાં કીધા રે કામ.,
દૈત્યને પાતાળે ચાપીયા,
તે તો જાણો પીર ઈમામ –૯

ભાઈ ! લંકાનો ગઢ જેણે તોડીયા,
અને સીતા વાળ્યા રે જહાં,
તે રણ માંહે રાવણ રોળીઓ,
દશ મસ્તક છેદયા રે ત્યાંય –૧૦

ભાઈ ! નન્દ ઘેર કાનજી વાલા રે જન્મ્યા,
અને માસી પુતના એ આપ્યો પાન,
તેને મુખમાંથી બોલવા ના દીધા,
તેના સોસી લીધા રે પ્રાણ –૧૧

ભાઈ ! કાનજીએ નાગ નાથી કમળ લાવીયા,
અને દેખંતા સારી રે જહાન,
મામા કંસના કપાળ જેણે ભાંગીયા,
તે તમે જાણો પીર ઈમામ, –૧૨

ભાઇ ! નવમે નારાયણ અવતર્યા
અને બૌદ્ધ છે તેમનું રે નામ,
જેણે કૌરવ મારીને પાંડવ તાર્યા
તે તમે જાણો પીર ઈમામ –૧૩

ભાઈ! પાંડવે સ્વામીજીનાં વચન શીર પર ધર્યા,
જઈને હિમાળે ગળાવ્યાં હાડ,
તુરાની કાયા તેમની કરી,
પછી વૈકુંઠ લડાવ્યા રે લાડ–૧૪

ભણે ઈંદ્ર ઇમામશાહ સુણો મુનીવંરો,
માનો સત્ય કરી પ્રમાણ.,
જયારે દૈત્ય કળીંગાને મારશે,
ત્યારે નવખંડમાં હોશે રે જાણ -૧૫

જ્ઞાન ૧૭

હિમાક્ષિમ વરસાલા

ત્રણ જુગમાહે અવતાર નવ થયા જાણ,
આજે યુગ ચોથે અલખ વખાણ -૧
જયારે દશમો અવતાર જાંબુદ્વિપમાં ધરે,
ત્યારે જુગ પાંચમાં આવી પરવરે, -૨
દશમે અવતારે સ્વામીનું નકલંકી નામ
મન કરો આરસી અને દેવો રે દાન -૩
વખડી વેળામાં ન ડોલાવશો ચિત,
સ્થિર રહેશે સ્વામી છલકશે પંથ -૪
સ્વામીરાજા ઘોડે ચડે તેના આગમ જોએ,
સતિ માંહે રહેશે કોઇ કોઇ -૫
વખડી વેળા જયારે રવ, રવ, તાપે,
ત્યારે માતા પિતાથી પુત્ર છુપે, -૬
જે કોઈ પંથે ચડીને સતી કહેલાવે,
તેનામાં સહનશીલતા બહુત મુકાવે -૭
જયારે રાજપાટ દાનવનું રે થાએ,
ત્યારે દયા ધર્મ તે દિલમાં નહીં રહે -૮
તે દહાડે પાંડવ પ્રગટ થાશે,
તે તો રાજપાટ સિંહાસને બેસશે., -૯

એકાણુંએ છમછર અને અસાડ માસ,
સ્વામીજી આપશે પશ્ચિમથી પ્રકાશ -૧૦

બાણુએ સંવત્સર અને શ્રાવણ માસ,
પાંડવ આવશે જાંબુદ્વિપ મોઝાર -૧૧

ત્રાણુએ સવંત્સર અને ભાદરવો માસ,
જગાડશે દુનિયાને સઘળો સંસાર -૧૨

ચોરાણુએ સંવત્સર અને આસો રે માસ,
ત્યારે દૈત્ય કાળીંગાની સ્વારી થાએ -૧૩

પંચાણુએ સંવત્સર અને કારતક માસ
ત્યારે સ્વામીરાજાતોરીંગપલાણેપ્રકાશ-૧૪

છન્નુએ સંવત્સર અને માગશર માસ,
અસત અને કુડ બહુ થાશે પ્રકાશ-૧૫

સતાણુએ સવંત્સર અને પોષ માસ,
આવશે હનુમાનને કરશે પ્રકાશ -૧૬

અઠ્ઠાણુએ સંવત્સર અને મહા માસ,
પ્રથમ આવે હરિશ્ચંદ્ર અને પ્રહલાદ -૧૭

નવાણુએ સંવત્સર અને ફાગણ કેરો માસ,
પાત્ર નકલંકી કરશે રાજ -૧૮

સૌકાએ સંવત્સર અને ચૈત્રનો માસ,
ત્યારે ઘેર ઘેર વરતાશે રાજ, -૧૯

તેણે દાડે પશ્ચિમે ઉગશે ભાણ,
ત્યારે નવખંડ પૃથ્વીમાં હોશે રે જાણ -૨૦

વદે દેવી સુરજા રાણી, ગોર નરની રે કથા
આપણો સ્વામિજી આવે નમાવો માથા -૨૧

ચૌદ લોક જેનું ધ્યાન જ ધરે,
તે તો કેમ મારૂ અને તારૂ કરે ? –૨૧

ઉમ્મત દુનિયાને સઘળો સંસાર,
જે સ્વામીને સેવે તે ઉતરે પેલે પાર –૨૩

ઈંદ્ર ઈમામશાહે આગમ ભણ્યા,
ત્યારે રૂખેસર રહેશે વિરલા જાણ –૨૪

જ્ઞાન ૧૮ जिवो तो जिजे कैसे हम आपके

દેશ રે દેહલમ અને શહેર છે વરજા,
ત્યાં અવતર્યા શાહ અલી મુર્તુજા જાણ –૧

મુર્તુજા અલીનું નર નિષ્કલંકી છે નામ,
તે પંચ નદી મુલસ્થાને કરશે મેલાણ–૨

વાત હમારી માનો કાલીંગા ધણી,
એમ મુખે વદે દેવી સુરજા રાણી –૩

એ સમર્થની સાથે નહી થાશે રે સંગ્રામ
મારશે કાળીંગા તને તમારો ફેડશે ઠામ–૪

સૈન્ય બહુ ચાલે નર નિકલંકી તણું,
જાંબુદ્વિપમાં સૈન્ય મળશે રે ઘણા –૫

દેશ પુર્વ ચીન નગરી હો જાણ,
ત્યાં અવતર્યો દૈત કાળીંગો નિરવાણ –૬

બહુ દળ ચાલે દૈત્ય કાળીંગા તણાં,
તે અભંગ સાથે યુદ્ધ કરશે ઘણા, –૭

કમળા કુંવર ને સુરજા દેવી રાણી,
અઢી કરોડ જીવ ચીનમાં રહેશે જાણી–૮

કૃતા, ત્રેતા જુગની સંધી ઉલ્લંઘી હો જાણ,
દવાપાર જુગમાં દૈત્ય હણ્યા નિરવાણ -૯

આજ કળજુગ માંહે સાચી સંધિ હો સાર,
તેતો દશમે છે હરી નિષ્કલંકી અવતાર -૧૦

એમનાં બહુ દલ મળશે ઘોર અંધાર,
અવર કેટલા? નહી અન્ત કે પાર -૧૧

અગલાને પાણી પાછલાને કાદવ પાવે,
એવો દલ ચાલે કળીંગા હો રાયે -૧૨

તેનો હમથી પાર નહીં રે લેવાયે,
છનું કરોડી તમારા મરશે જાએ, -૧૩

ઝીણી છે તોપ અને મારશે તીર તંમચી,
કહે સુરજા રાણી મારી વાણી સદા સાચી-૧૪

માથે મેઘા ડમ્બર અને સંગ્રામે રણ ગાડે,
તે દૈત કાળીંગો રણ સંગ્રામે ચડે-૧૫

શાહના સહસ્ત્ર ઘોડાને સહસ્ત્ર નિશાન,
ખાંડુત્રિધારૂ એવું શાહનું એંધાણ -૧૬

તે તો ઘોડે ચડશે ત્રિભોવનનો રાય,
તે તો દૈત્યોને શીર મેલશે રે ઘાય -૧૭

એમ મુખે વદે દેવી સુરજા હો રાણી
તમે મારી વાત માનોને કાળીંગા હો ધણી-૧૮

ત્યારે કોપ કરીને બોલશે કાળીંઓ હો રાય,
હું ત્રિભોવન વાળુ એક ઘાય, -૧૯

અજાણી રે તુ સુરજા વાદ શુ કરવા કરે?
નવખંડ માંહે મારી આણ ફરે -૨૦

અમારા ઝાઝેરા જોધાને જોર સોર લડે,
આ દૈત્ય કાળીંગો પોતે સંગ્રામે ચડે -૨૧
કાળીંગાને મારીને શાહ એકાંતે મળે,
ત્યારે ચારે જુગની ભ્રાંત રે ટાળે -૨૨
સદગોર બ્રહ્માનો જાંબુદ્વિપ માંહે વાસ
અનંત જીવોની પુરશે રે આસ -૨૩
સદગોર ઈંદ્ર ઈમામશાહ બોલ્યા રે જ્ઞાન,
તમે ગત ગંગા રાખો સદક ઈમાન-૨૪

જ્ઞાન—૧૯

હેજી-અપરંપાર જ્યારે આવશે,
અને વસેલા ઉજાળશે.,
ઉજ્જડ ખેડાને સાહેબ ફરી વસાવશે,
અપરંપાર જ્યારે આવશે.
હરી હરી દેવ હવે કેને શરણે રહીએ?
કહો સાહેબજી હવે કોને શરણે રહીયે -ટેક
પાપ પરગટ ધરમ ગુપ્ત, ચંદા સુરજ ગ્રહ,
ગ્રહીયા એહ સંસાર, છલીયાં-હરી હરી-૨
ધરતી સર્વે ધમ ધમશે,
ત્યારે પાતાલે નાગ કંપશે.,
જ્યારે કળજુગ પ્રવેશે,
ત્યારે પાત્ર નકલંકી પધારશે-હરીહરી-૩
ખપ્પર ખન્ના ચાલશે,
ત્યારે ચરણા ચરણ વાગશે.

ધણી દાનવને મારશે,
રાજ રૂષિઓને કરાવશે. –હરી હરી–૪

માહે તુરિંગ પલાણશે,
ત્યારે ધરતી બધા ખળભળશે,
ચંદ્ર અને સુરજ તારા
સાહેબ, ક્ષણ માંહે ઢંકાવશે–હરી હરી–૫

અપરંપાર જ્યારે આવશે,
સ્ત્રી રોતા બાળક મેલશે.,
એવી વખડી વેળા માંહે,
અઘોર પાપ વરતાવશે –હરી હરી–૬

અપરંપરા જ્યારે આવશે,
ગઢ ચિનવા નગરી ભાંગશે.,
આબુ, પાવાગઢ માંહે
સાહેબ તોરણ બંધાવશે,–હરી હરી–૭

અપરંપાર જ્યારે આવશે,
ગૌ દાંતે તૃણ નહી ધરે.,
ત્યારે ઝાડે સીકાં બાંધશે,
ત્યારે ડુંગરે દીવા બળશે –હરી હરી–૮

ત્યારે ઈમામપુર પીરાણા માંહે,
તુમા રોટ વરતાવશે.,
નદી સાબરમતી સરસ્વતી,
તે લોહીની પુર આવશે, –હરી હરી–૯

ભણે પીર ઇંદ્ર ઈમામશાહ,
તમે સુણો મુનીવરો,
પશ્ચિમથી દલ સાહેબનો,
તે માર માર કરતા આવશે, -હરી હરી-૧૦

રામ સિતારામ, આગમ જ્ઞાન ૨૦ જય-જય રામ સમરો ...

વાર શુક્રવાર જાણીયો રે,
પુનમ પ્રગટે મોરાર - પુનમ,
અશ્વિની નક્ષત્રે સ્વામી મારો આવશે-૧

ઐરાવત હાથી શણગારસે રે,
ઉપર છતર મેઘા ડમ્મર-ઉપર છત,
ચમર ઉડાવે સદગુરૂ દિના નાથના-૨

કેડે કટીઆર અને બાકડો રે,
બાંધી કમર કટી આર - બાંધી.,
નવરંગ ટોપી સાહેબ શીર પર ધરે-૩

માથાના મુગટ નુરના રે,
માંહે સોળ કળા પ્રકાશ - માંહે.,
પિતામ્બર પહેરે સાહેબ હેમના -૪

સાહેબજીને પાંચે શોભતા રે,
પહેર્યા પાંચે પોશાક, - પહેર્યા.,
જામા પહેરે સાહેબ હેમના -૫

જાન સ્વારી હેતની રે,
ઝાંખા કરોડી નવાણે સાથ. ઝાંખા.,
છપ્પન કરોડી મેઘા આવશે -૬

જાન સવારી હેતની રે,
કિન્નર કરોડી બત્રિસ સાથ- કિન્નર.,
તેત્રીસ કરોડી દેવતા આવશે -૭

પાંચસો પ્રહલાદ આવશે રે
સાત સુ હરિચંદ્રરાય-સાત સું,
નવસુ યુધિષ્ઠર આવશે -૮

બારસુ ગુરૂ સહદેવ આવશે રે,
જોઉ છું સદગુરૂની વાટ-જોઉ છું,
અનેક જોધા ત્યાં શણગારશે -૯

સાંજ પડી ને દિન આથમ્યા રે,
સદગોર નર પ્રગટ હોય-સદગોર,
સ્વામી પોતે ધરમ જગાડશે -૧૦

ગોરખ પહેરે મેખડી રે,
બરછી ભાલો છે હાથ- બરછી,
દલની આગળ સ્વારી ચાલશે -૧૧

આગમ ભાખીયા ઇન્દ્ર ઈમામ શાહજીરે,
મુનીવરો થાઓ હુશીયાર મુનિવર
સતપંથે સાચા નરને સેવીએ -૧૨

જ્ઞાન-૨૧

બાનાવળી સાચી સાહેબની,
આયા જમ્બુદ્વિપના સુલતાનજી,
તેડાઓની સાચા સાહેબની,
હોશે હલ હલંકાર જી -૧

પશ્ચિમથી દળ જયારે આવશે,
બાજે તબલ નિશાનજી —૨

સ્વામી રાજા ચડસે કટક સાથસું
પાંડવને કરશે આગેવાન જી —૩

ડેરા દિયા શાહ હુસેની તણા,
રાજા રૂખેસર ભાન જી —૪

ક્ષત્રિયોનાં ક્ષેત્ર ખુંચાવશે,
વાંચી જુઓ ને પુરાણ જી —૫

ખેડીયાં ખુરદદ જયાં વશે,
ગઢ ઉચે મુલસ્તાન જી —૬

ચીન નગરી ગઢ બાકડો,
દાનવ ઝુઝે રે ઝંઝાળ જી —૭

તલવારની ટાળી વાજશે,
ભાલા બરસે રે બરસાત જી —૮

ગોળા છુટે ખરા લોહા તણા
કાયા તજે રે પ્રાણ જી —૯

શમશેર ચમકે બીજલી,
ભાલા ઝુઝે રે ઝંઝાલ જી —૧૦

કાળીંગા દાનવ ઘાયલ કરશે,
શાહ બેઠેંગે પુરે દિવાન જી —૧૧

નવ અવતાર નવ દાનવ છેદયા,
દશમે કાળીંગાની જાન જી —૧૨

દાનવ મારી ને દલ પલટશે,
ફરે મેહંદીની ઈમામની આણજી —૧૩

રૂષિવરને રાજ દેવડાવશે,
વાચી જુઓને પુરાણજી -૧૪

એમ બોલ્યા ગુરુ સુદરદીન વિનંતી,
આવશે સોહી દિન જાન જી -૧૫

જ્ઞાન ૨૨

એજી ! શાહની સેવા એ તમે જાગજો,
આવિયો તે કવલનો કરારીયા જી ૧

એજી ! આવશે નિષ્કલંકી પાત્ર મેહેન્દી,
શાહોજી કરશે દુલ દુલ સ્વારીયા જી ૨

એજી ! અદલ કરશે શાહ કરારીઆ,
હાથે લેશે તે ખાંડુ ત્રિ ધારીયા જી ૩

એજી! ચારે દિશાએ શાહ ચકકર ફરશે,
એજી ! મારશે કુડા કુફરા નિયા જી ૪

એજી ! કુડા કાજીને શાહ કાફર કરીને મારશે,
જેનરને પાસે ગોર વજીરીયા જી ૫

એજી ! નહી ત્યાહા ખાન અને મલેક
રાજા અને રંક એક સમાનિયા જી ૬

એજી ! ગફલંત દુર કરી જાગજો
સુતા તે સર્વે સંસારીયા જી ૭

એજી ! આપણને ઉમ્મીદ છે સાહેબની
ભણે પીર શમ્મસ દાતારીયા જી ૮

જ્ઞાન ૨૩

એજી ! પાછમશી દલ આવશે
સેન શંખનું અન્ત નહિ પાર
ઘોડે ઘોડે શંખ વાગશે
એવા કંટક ચડે ખુરાશાન
એજી ! દિલ્લી નગરી ગઢ ભાંગશે
જ્યારે સાહેબ આવશે ટેક૦

એજી ! ભાંગશે ગઢ ઉંચે મુલસ્તાન
નગર ઉજાડશે અતિ ઘણા
હોશે નવખંડ વાસ
જ્યારે સાહેબ આવશે દિલ્લી-૧

એજી! મેરામણ પણીના સુકશે
વાય રે અડોડા જાય
ખડગ ખાઇ નર જીવશે
દડીયર દસમે માસજી દિલ્લી-૨

એજી! ત્યારે નાના મોટાને નહી માને
એવુ કલજુગ આવ્યો જોયજી
ન્યાત પર ન્યાતને પરણશે
જીસ ઘેર સંપત હોય દિલ્લી-૩

એજી!માગસર માસની પુનસે
પ્રહર પાછલે વાય
આગળ દિસે ભાઈ બિહામણા
નહી હોય રાખયહારજી દિલ્લી-૪

એજી ! ત્યારે જલમાહે જીવે જેમ માછલી
તેઓ એઓરે સંસાર
નઉ વેળા સ્વામી મારો અવતર્યા
દસમે તે આવણુ હારજી० દિલ્હી–૫

એજી ! પાંચસો ગાંવ માહે એની પારણુ
સહસ્ત્ર સો ગામ માહે એની સીમ
નગર દિશે રળીયામણા
પીર બોલ્યા સદગુરૂ નૂરજી० દિલ્લી–૬

જ્ઞાન ૨૪

ये तो आया है कि
आगाखानी है

ભાઈ ! પાપ ત્રાજવે તોળાશે
સતગુરૂ લઈ ચઢશે કટાર
ભાઈ પાછમથી દલ આવશે
ત્યારે કંપશે વરણ અઢાર ૧

ભાઈ ! ઘેર ઘેર કંપશે મેદની
અને ધરતી ના ઝાલે ભાર
નાના બાળક જાપ બોલશે
તેનો કોઈ ન સમજે સાર ૨

આગમ એવું કલજુગ આવશે
અને દિલમાં કરોને વિચાર
સતીની પાલખીએ સ્વામીજી બેશશે
ત્યારે ધરમ ત્રાજવે તોળશે ૩

ભાઈ ! ન્યાત પર ન્યાત ઇકઠ્ઠાં થાશે
ત્યાહાં નહી વર્ણ વિચાર

ત્રણ કલ્પ આગળ થઈ ગયાં
અને ચોથે સર્જનહાર ૪

ભાઇ ! ખરી એંધાણી સ્વામીજી માગશે,
અને કોઈ કોઈ પ્રગટ થાય
ભાઈ ! આવી રમત સ્વામીજી માંડશે,
અને ખેલશે ચૌક મેદાન ૫

ભાઈ ! દુનિયા જ્યારે ધુળ ઉડાડશે,
ત્યારે વર્ષશે નૂર અપાર
કાળીગા દાનવને સ્વામીજી મારશે,
ત્યારે નવ ખંડમાં હોશે જયજયકાર ૬

ભાઈ ! ધરતીએ ધુમજાળ ઉડશે,
અને પાપી તે પરલે જાય રે
જુગ પાંચમે સ્વામી રાજા પર વરે,
અને ખાપણ જુગ ચાર ૭


ભાઈ ! બોલ્યા સદગુરૂ શાહદેવ વિનંતિ,
અને નર ચઢશે નિરવાણ
ભાઈ ત્યારે સરવે દેવ ઋષિવર ચઢશે,
તેણે ક્ષણુ ના લાગે વાર ૮

જ્ઞાન ૨૫

કે, એક પુરુષ પશ્ચિમ થકી આવેશે,
કે. શાહ જામ્બુદ્વિપે આવશે હો જી ૧

કે, ઐરાવત હાથી સ્વાર,
કે, દુલદુલ તુરીંગ પલાણશે હો જી ૨

કે, હનુમાન વાન્દરાનું સૈન,
કે, સાથે ચલાવશે હો જી ૩
કે, પહાડને પર્વત એણે
કે, ફુંકે ઉડાડશે હો જી ૪
કે, નદિયોના નિર્મલ નીર,
કે, અધર ચલાવશે હો જી –૫
કે, ચીન નગરી, કરશે પલાન,
કે, પાછું ધરાવશે નામ હોજી –૬
કે, ચીન નગરી, મહા ચીન
કે, તહાં શીશ મુંડાવશે હો જી, –૭
કે, કમલા કુંવરને શીર ભરાવશે
કે, પીતા નહી જાણશે હોજી –૮
કે, સુરજા રાણીના હાથમાં દડુલો,
કે, દૈત્ય કાળીંગાને મારશે હોજી., –૯
કે, આજ કલીકાલે દશમો અવતાર,
સતીનો સણગાર અવતારશે હો જી –૧૦
કે, એમ ભણે પીર ઈમામશાહ,
કે, એવા દિન આવશે હો જી, –૧૧



ક્રિયામે હૈ મારો મદદ
૧૧૧ ગોપાળ

ૐ શ્રી ઈન્દ્ર ઈમામશાહ બાવાની વાણી

જ્ઞાન ૨૬

અહેસાન તેરા તોરા મુઝપર.

વિરાભાઇ સાંભળો રુખેસરો ! ગુરૂ કહે,
નર ને નારાયણ દેવે, એમ કહ્યું !

વીરા મારા ભાઈ ! સંસાર સપનું કરી જાણજો
અને રહેજો આપણા સત ગુરૂજીને પાસ
જેવા રે થકી દિદાર પામીયા,
હોશે લીલા કે વલાસી -વિ૦ સાં૦-૧
,, આવા સતગુરૂનું કહ્યું નહીં કીજીએ,
તો સત ધરમ નહી આવે સાથ,
તલ એક સુખને કારણે,
આગળ હોસે રે હલાખ, -વિ૦ સાં૦-૨
,, આ દુનિયાની ગફલતે ના પડશો,
એવી ગફલતે ખોસો આપ,
ફરી ફરીને પસ્તાવશો હોજી,
જઈ પડશો લાખ ચોર્યાસી માહે વિ૦સાં૦-૩
,, અંતકાળનું સગુ તારૂ કોઈ નથી,
નહી તારા માઈ ને બાપ,
નહી તારાં છોરૂને વાછરૂ
નહી તારા કુટુંબ પરિવાર વિ૦ સાં૦-૪
,, શ્રી સત ગુરુ ઈંદ્ર ઈમામશાહજીએ
એમ ભાખીયું રાખજો આપનું આપ,
એ હી સતગુરૂ આપણા આગળ હોશે,
તે તો આપશે અમરાપુરમાં ઠામ વિ૦સાં૦-૫

શ્રી હાજરબેગ મહારાજની વાણી

જ્ઞાન ૨૭

સખી! સોમે તે સર્જન હાર, સનમુખ રહેજો રે,
નર મહમદશાહ દાતાર, દર્શન દેજો રે -૧

સખી! મંગળે મહાસુખ ધામ, પીરાણા જેવું રે
નવખંડ પૃથ્વીની માંહે, ના દિઠું એવું રે, -૨


સખી! બુધે તે સદબુધ, ગઈ, હું તો ભુલી રે,
લાગ્યો ઈમામશાહ સાથે રંગ, ખીલી મારી કલીયારે ૩

સખી! ગુરુને ગોવીન્દ જાણો. અમને મળીયા રે
લાખ ચોર્યાસીના ફેરા. અમારા ટળીયા રે, -૪

સખી! શુકરવારી બીજ, જે કોઈ કરશે રે,
તેમના કોડીક જન્મના પાપ, પલમાં પરલે થાશેરે-૫

સખી! શનીના સત્ય વચન, તમે પાળ્યા રે,,
કાળના કાંટા હતા મનમાંય કાઢી નાખ્યા રે, -૬

સખી! આદીત વારે આદ, નીરંજન આવ્યા રે,
સત ગુરૂ પ્રતાપે હજાર બેગ ગાય, દર્શન પાયા રે-૭



શ્રી સત આભાર, આત્મોદ્‌ગાર

પ. પૂ. શ્રી. ઈન્દ્ર ઈમામ પધારી,
સતગુરુજીએ કીધા અમને આભારી॥
એમણે હળીમળી નીત દર્શને આવો,
રંગ રંગની ખુબીઓ જમાવો,
થાય છે આનંદ ભારી–સતગુરૂજીએ કીધા–૧
"તત્વમસી"નો કીધો ઉપદેશ,
અજ્ઞાન અંધારુ રહ્યું નથી લેસ
તે મહીમા છે અંતી ભારી–સતગુરુજીએ કીધા–૨
સંઘ સર્વેમાં દર્શન દીધા,
અમીરસ પાન પીયાલો પીધા,
એવા સતમહંતની બલીહારી–સતગુરુજીએ કીધા–૩
દરસાવ્યો નીજ રુપ તમારુ
કામ, ક્રોધ, લોભ મોહને વાર્યું.
ભકતી દીધી છે બહુ સારી–સત ગુરુજીએ કીધા–૪
અતી ધન્ય ભાગ છે હમારા,
કહે સતપંથી સેવક તમારા.,
વારે વારે જાઉં બલીહારી–સતગુરુજીએ કીધા–૫

જ્ઞાન–૨૮

ત્રણ જુગના–જીવડા સ્વામી, ઘર જઈ પોતા,
તમે વેદ ઓળખીને ચાલોજી–૧
ચોથા જુગને કળજુગ કહીએ,
પ્રભૂ માણસ રુપ લઈ આવીયાજી–૨

ભાવ ધરો, મન ભક્તિ કરો,
ગુરુ બ્રહ્માજીનું નામ પિછાનો જી -૩

નામ પિછાનો તેની જીકર કરો,
તો જીકરીત જીવડા છુટશે જી -૪

તરના હોય તો તુમ્બા રાખો.
ભવ સાગર પાર ઉતરના જી -૫

રાત દિન તમે ગત-માંહે મળો,
આજે કલજુગ વેળા તેનો વારોજી -૬

ચેતન હારા તમે ચેતી સકો વીરા,
તારા વળતા જીવ પસ્તાશેજી -૭

દુનિયા રે કુનિયા ઉડકર જાશે,
દેખત દિન તારા આવશે જી. -૮

અનન્ત કરોડીનો ભરણો ભરાવશે,
તમે સર્વે મળીસાથે ચાલો જી. -૯

એમ બોલ્યા શ્રી સતગુરૂ બ્રહ્મા
તમે સાંભળો રુકેસર વીરાજી. -૧૦

તમે સહુ મળી જીકરે ફીકરે,
પીર-શાહ પીર-શાહ પુકારો જી. -૧૧

જ્ઞાન ૨૯

પ્રથમ પહેલા નામજી અપના, સાહેબજીનૂ લીજિએ
લોભ અને સ્વારથ, વિરા ભાઈ નવ કિજિએ-૧
આવેંગે સ્વામિ રાજા, વાગેંગે તુરચ્યાજી
વાગેંગે તબલ, ધમામ, ઉડેંગે નિશાણજી -૨

રોવેગા બ્રાહ્મણ-જોશી વરત્યા વાચે વેદજી
રોવેગા કાજી મુલ્લા,, પઢે નહિ કુરાનજી -૩
રોવેગા સન્યાસિ સેવડા, પુજન્તા પાષાણજી
રોવેગા ભરડા ભોપા, જે ઠાલા ધુણાવે શીશજી -૪
રોવેગી આલ્લમ દુનિયા, રોવેગા સકલ સંસારજી
એક ના રોવે મારા મુનિવર,
જેઓએ ગોર-નરને જાણ્યાજી -૫
શ્રી ગુરુ શહાદેવ ગિન્યાન બોલિયા,
સુનો આરા મુનિવર વીરજી
આગળ કથીને સંભળાવિયા, ચેતે તે ચેતનહારજી-૬

જ્ઞાન ૩૦

—હોળી હૈયાની—

જે મનુષ્યને બીજા અન્યોન્ય ઉપસ્થિત ધર્મ, સાંપ્રદાય-પંથ તરફ જોઇને બાહ્યાભ્યંતર ઘૃણા નિર્માણ થતી હોય તે મનુષ્યને—

કોઇ કરશો ન ક્રોધ જરાય, હોળી હૈયાની,
તેથી તન-મન તપી જાય, હોળી હૈયાની-કોઇ-૧
ક્રોધ અગ્નિ ભયંકર ભારી ભારી
સુખ શાંતિને નાખે બાળી બાળી,
લાય અંતરમાં લાગી જાય, હોળી હૈયાની-કોઈ-૨
કાળો કાળો એ ક્રોધ મહા જહરી જહરી
એ તો જીવ તણો મહા વેરી વેરી
એથી સાવધ રહેજો સદાય, હોળી હૈયાની કોઈ-૩

ક્રોધ આવેશમાં આવી ડોલે ડોલે
ભાન ભુલીને જેમ તેમ બોલે બોલે
મહાહાની એનાથી થાય, હોળી હૈયાની–કોઈ –૩

દુષ્ટ દાનવે દાટ નાખ્યો વાળી વાળી
ગાય ગિતા માંહી ગીરીવર ધારી ધારી
નવ ક્રોધિને કોઈ ચહાય, હોળી હૈયાની–કોઈ –૪

જો પ્રગટે અંતરમાં આવી હોળી
ભક્તિગંગામાં નાખો બોળી બોળી
દાસ....પ્રેમથી ગાય, હોળી હૈયાની–કોઈ –૫

જ્ઞાન ૩૧

કુદરત

મયુરના પીંછની અંદર, વિવિધ રંગો પુર્યા કોણે?
મકાઈની મહી દાણા, વ્યવસ્થિત ગોઠવ્યા કોણે?
કુસુમની કાચી કલિયોમાં,
સુગંધી એ સિંચી કોણે? મયુર–૧

નથી ચક, નથી ચાવી, પ્રતિક્ષણ બોલતી ટક ટક
જાણે જનના ઉરસ્થલમાં,
જડી ઘડીયાળ આ કોણે? મયુર–૨

મનોહર રંગની પ્યાલી, મહી બોળી સજવી પીછી.
પલકમાં વ્યોમ પટ ઉપર,
ધનુષ્ય એ ચિંતર્યુ કોણે? મયુર–૩

હજારો ગાઉ છેટેથી, પરસ્પર ભેટવા તલસે
પ્રબલ ખેંચાણ એસીના,
હૃદયમાં એ મુક્યું કોણે? મયુર–૪

અહર્નિશ તેજ દેનારા, લીધા વિણ એક પણ પાઈ,
શશીને સૂર્ય બે દિવા,
ગગનમાં ચેતવ્યા કોણે? મયુર–૫

વિશ્વ વિધાતાની સ્તુતિ–૧

જય ગુરૂદેવ વિશ્વ વિધાતા,
અખિલ જગતમાં આપ પૂજાતા (૧)

આદ્ય પુરૂષ મમ–જીવન સ્વામિ
દીનબંધુ તું અંતરયામી,
નહીં કોઈ તારામાં ખામી,
ઓહો સુખ દાતા, જયગુરૂદેવ (૨)

સૃષ્ટિ સર્જી સર્વને પાળ્યા,
પરીબ્રહ્મ પરમેશ કહેવાયા,
જાંબુ દ્વિપે આવીને વસિયા,
હે જગત્રાતા.........જયગુરૂદેવ (૩)

પ્રથમ ગુરૂ બ્રહ્માજી આવ્યા,
તે સદ્‌ગોર ઇમામ કહેવાયા.
પીરશાહ નામના જાપ જપાવ્યા,
નિત્ય ગુણ ગાતા...જયગુરુદેવ (૪)

ઓહો સ્વામી તું વ્યાપક જગમાં,
ભકત જનોના રહે છે તનમાં,
રાખો અમને તુજ ચરણમાં
નિજ સુખ પાતા...જયગુરુદેવ (૫)

નાયા કાકા દીનને તાર્યા,
ભાભારામ મહારાજને મળ્યા,
કીકીબાઈને દર્શન આપ્યા,
નામ અમ્મર થાતા....જયગુરુદેવ (૬)
એવી રીતે રાખો અમને,
લક્ષ ચોર્યાસી તાળો ભયને,
પાયે લાગી કહું છું તમને,
સતપંથ દીખાતા...જયગુરૂદેવ (૭)
મમ મંદિરે આવો વહાલા
સેવક કરે કાલાવાલા,
એવા તમે છો દીનદયાળા,
ઓહો જુગદાતા, જયગુરુદેવ (૮)
જે ગાશે તમારા ગુણ,
તેનામાં તે સત્વ ગુણ,
બુદ્ધિ તેની છે નીરગુણ,
તુજને પરખતા,..........જયગુરુદેવ (૯)
દાસ કરે વિનંતી કરજોડ,
તું અવિનાશી અજોડ
નર નારાયણની છે જોડ,
તે તેજે જીવીતા...............(૧૦)
જયગુરુદેવ વિશ્વ વિધાતા,
અખિલ જગતમાં આપ પૂજાતા....

અખંડ આનંદની સ્તુતિ—૨

જે જે જે જે અખંડાનંદ,
બેઉં કરજોડી કરુ હું વંદન—૧
જેનો મહિમા છે અગમ્ય અપાર,
ત્રણે લોગનું એ તત્વ જ સાધન—૨
જેને વંદ ગાયા ને તે ને તે કરી,
બતાવ્યું સત્ય ગુરુએ અહી—૩
લાગું તેને વારંવાર પાય,
જેનું નામ લેતામાં કર્મ કપાય—૪
અનામીના નામ પડયારે અપાર
અરુપીના રૂપ સીરો મનસાર—૫
નિર્ગુણીના ગુણ ગણયામાં ન આવે,
એવું તારું સામર્થ દેવ કહવે—૬
છાના છુપી રહ્યા છોરે—બેપાઈ,
તારી ગતિ ગુપ્ત નારે લેખાઈ—૭
અછેદ અભેદ અનુપમરુપ,
અગમ્ય અપાર અનંત સ્વરુપ—૮
નિરંજન નિરાકાર નિર્મળ
એ નિર્ગુણ નાથ જાવું બળ બળ—૯
સચ્ચિદાનંદ સ્વરુપ અપાર.
સૂર્ય કોટી કલા રવિસાર—૧૦
નમું નમું તોયે કરું પ્રણામ,
શૂન્ય શિખરમાં છે જેનું ધામ—૧૧

એક તું એક તું વ્યાપક રામ,
તારા અંગે લોપે નહીં કાંઈ કામ-૧૨

અસંગ અમર અલક્ષ અજીત,
અવિનાશી અજન્મા હો નિત્ય-૧૩

પુરણ બ્રહ્મ પુરી રહ્યા છો પર,
જોતાં કાંઈ એ ન આવે ન કર-૧૪

અદૃશ્ય એવા એ ચૈતન્યવર્ધન,
જોતાં કાંઈ પહોંચે ના બુદ્ધિ મન-૧૫

જેણે જોયું તે તો ત્રિગુણી માયા,
તે તો તેટલા માંહે બંધાયા-૧૬

દીઠું ઉપજેલું જે વનસાય,
તેનો અધિષ્ઠાતા તું ત્રિકમ રાય-૧૭

તને જોવા જાતા તે જોવાય,
જોનારો પોતે માંહે સમાય-૧૮

એવી અટપટી છે તમારી કલા,
સમજણ વિના ભૂલા પડયા ભલભલા-૧૯

તારી કૃપા હોય તો ભવ ટળી જાય,
આવ્યા શરણે રાખજે હો પ્રભૂ રાય-૨૦

મારા અવગુણ અનંત અપાર
તમે રખે જોતા ઓ સરજનહાર-૨૧

આવ્યા શરણે તેને ઉગારી લીજે,
તમો ખુદ પાળી પોતાનો કીજે-૨૨

આપો નિજ નામને ભકિત તમારી,
કહું છું કૃપાનીધી રે પોકારી-૨૩

ભુલવણીમાં ભુલે નહીં મમ ચીત્ત.
કહે જન ઘેલા આનંદ નિત્ય-૨૪
જે જે જે જે અખંડાનંદ, બેઉ કર જોડી કરું હું વંદન

પરમાત્માની સ્તુતિ-૩

વાણી અને મન વિચાર કર્યો ન પામે,
જ્યાં નેતિ નેતિ કરતાં શ્રુતિઓ વિરામે.
જેના વડે વિવિધ શાસ્ત્ર પવિત્ર ધામ.
તે પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ -૧

કાલ સ્વભાવ મય સૌથી સ્વતંત્ર.
જેણે રચ્યું જગત વિચિત્ર યંત્ર.
જે શુદ્ધ બુદ્ધ સુખ કારણ પૂર્ણકામ,
તે પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ -૨

જે બુદ્ધિ આદિ શુભ સાધન આપનાર,
જેની કલા કુશળતા પ્રગટી અપાર
જેને ન દોષ ગુણ રુપ ન નામ,
તે પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ -૩

જેના ભયે પૃથ્વી ધારણ ધર્મ પાળે
જેના ભયે નહિ હુતાશન સંવ બાળે.
જેના ભયે પવન વાય ન થાય ધામ
તે પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ -૪

જે જીવ શીવ અને જગત સ્વરૂપ,
જે અચરાચર તણો અતિઉગ્રરૂપ
જે સૌનું અતી અતિ અલૌકિક એક ઠામ
તે પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ -૫

પાસે છતાં અદ્દશ્ય વસી રહે છે.
છેટે છતાં હૃદયમાં રમ્યા કરે છે
જેને જરાય અડે ન જડ હાડ ચામ
તે પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ –૬

સિમા તજે ન સમુદ્ર સમર્થ તોય,
જેનો કદાપિ વિનાશ ન કરે કોય.
આકાશથી ન અવકાશ તજાય આમ
તે પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ –૭

સત્તાવડે પૂર્ણ પોષણ કરે છે.
સત્તા વિધિ વડે વિવિધ અવતાર લે છે.
જેના વિષય પરાક્રમમાં સૌને વિરામ,
તે પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ –૮

જેને વિરંચિ હરીને હર નામ આપી.
ભાવે કરે ભજન પુણ્ય વડે પ્રતાપી.
જીભે જપાય શ્રી નિષ્કલંકી નારાયણ,
તે પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ ૯

સંતોની સ્તુતિ–૪

આજનો દિન તે આનંદકારી,
દર્શન દિધાં તે સન્ત પધારી – ધ્રુવ

સંત સન્મુખ પ્રેમથી જાય ચાલી,
જેણે પ્રેમ ભકિત હૃદયે વહાલી.
તેને દર્શન દે છે સુખકારી
દર્શન દિધાં તે સન્ત પધારી ૧

સન્ત હરિજનનાં જો દર્શન થાયે.
તિર્થ અડસઠનો મહિમા પાયે.
એવા સંતોને બહુ આભારી.
દર્શન દિધાં તેં સન્ત પધારી –૨

સન્તને સેવો તો બ્રહ્મ લોકને પામે.
અમરા પુરીમાં મળશે ઠામો
તેં તો અચળ નામના વધારી.
દર્શન દીધાં તે સન્ત પધારી –૩

ઇયળ ભમરીનો જો ચટકો સહે.
તેતો આપ સમાન થઈ જાયે.
સતગુરૂની કૃપા થાય જરી,
દર્શન દિધાં તે સન્ત પધારી –૪

રતનની પરીક્ષા ઝવેરીને હોયે
મુર્ખ જોય ન જાણે કોય
તેં તો અંધારે અજવાળો પૂર્ણ કરી,
દર્શન દીધાં તે સન્ત પધારી –૫

મુનિવર શ્રદ્ધાથી પરખાયે
જેના દિલમાં સદા આનંદ હોયે
તે તો સુખ દુઃખમાં સમાન ધારી,
દર્શન દિધાં તેં સન્ત પધારી –૬

સતગોર ઈન્દ્ર ઈમામશાહની થઇ છે મહેર
તો દિલમાં આવી ગઇ છે લહેર
હમને સતગોરની ભકિત બહુ પ્યારી,
દર્શન દીધાં તે સન્ત પધારી –૭

૫–સતગોરની સ્તુતિ

પામર પર કૃપા કરી, પધારો શ્રી ગુરૂરાજ
શંકર જેવા દીનના, ઉઘાડો કિસ્મત આજ
અમારા સતગુરુ દેવા, વહેલા પધારજો રે
લેજો દાસલડાની, રોજ ઉઠી સંભાળ,
દાવાનળમાં બળતાં, આવીને ઉગારજો રે ટેક-૧

ભાગ્યોદય થતાં મળજો, શ્રી સતગુરૂ મહારાજ
પામર જનની ઝુંપડી, પાવન કરવા કાજ
અમારા પુર્વજન્મના, પુણ્ય પ્રભુજી જગાવજો રે
ઝાંઝવાના જળ જેવી લાગે, આ જગજંજાળ–દાવા-૨

બ્રહ્મા, વિષ્ણુ આપ છો, દેવ તણા પણ દેવ.
મોક્ષ પદારથ પામવા, કરીએ નિશિ–દિન સેવ
એવા અલખ નિરંજન, આત્માના આધારછોરે
અમને અંતર માંહી, પુર્ણ પ્રભુ વિશ્વાસ–દાવા–૩

તિરથ ધામો સર્વ છે, આપણાં ચરણ મોઝાર
કલ્પતરૂ રૂપ આપ છે, સાચા સર્જન હાર.
અન્તઃપુરના પડદા, આપ પધારી ખોલજો રે.
નહિતર એ વિણ કહીયે, થાય ન જ્ઞાન પ્રકાશ–દા–૪

અમૃતથી પણ મીઠડા, લાગે આપણા વેણ.
ગાંડા ઘેલા થઈ ગયા, જોઈ નિર્મળ નેણ.
મંગલ મૂર્તિ પ્રભુની, મનમાંહી મ્હાલી રહી રે.
ઘડિયે વિસરે નહિ, વ્હાલા ગુરૂજીનો વ્હાલ–દાવા–૫

આપ અમારે એક છો, આપના લાખો કરોડ.
જોડ મળે નહી આપની, કોણ પુરે અમ કોડ.
માટે કરુણા કરીને, કોઈ દિવસ સંભાળજો રે.
અમે તો આપની આગળ, છઇએ નાના બાળ–દાવા–૬
આપ જતાં અમ આતમા, આવે આપની સાથ.
ખાલી પડતાં ખોળિયું, કોઈ ગ્રહે નહી હાત.
વસમાં વ્યાધિથી વસમો, ગુરૂજીનો વિયોગ છે રે.
એના કરતાં મૃત્યુ. લાગે મીઠી દ્રાખ–દાવા–૭
સુખે સિધાવો આપશ્રી, કરવાને શુભ કાજ.
વિનય સહીત વન્દન કરે, આખો સતપંથ શિષ્યસમાજ
અમારા અંતરમાંથી, સ્થાન કદિ નવ છોડશો રે.
શંકર જેવા જોકે મળશે, આપને લાખો કરોડ–દાવ–૮

આરતિ એટલે ?

આરતી એટલે વિશેષ પ્રેમ; આરતી કરવી એટલે પ્રભુ પ્રત્યે હાર્દિક પ્રેમ વ્યક્ત કરવો. તે, આખો દિવસ પોતાના કામકાજમાં મસ્ત રહે અને કદાચ કામમાં ભગવાનને ય ભૂલી જાય, એટલે શાસ્ત્રમાં ત્રિકાળ સંધ્યા કરવાનું કહ્યું છે. પણ એના તેના બદલે શ્રી સનાતન સતપંથ ધર્મમાં શાસ્ત્રાધારે ચાર પ્રકારની સંધ્યા, રાત–દિવસ, સવાર–સાંજના પ્રાકૃતિકા સન્ધિ ટાણે જીવાત્માનું પરમાત્મા સાથે મિલન કરવું એ જ સંધ્યા, ભગવાન આપણું સર્વસ્વ છે. માતા–પિતા, બન્ધુ સખા, આદિ એવું સમજી.

–તવૈવ: વસ્તુ ગોવિન્દં, તુભ્યં મેવં સમર્પય:–

એટલે ભગવાનની વસ્તુ ભગવાનને સમર્પણ કરવાની અને તે જ આરતિ. જગત્પિતા પરમેશ્વરે મનુષ્યને કેટ–કેટલી વસ્તુઓની ભેટ આપી છે. એ બધી જ વસ્તુઓ તો તેને ભેટ કદાચ કરવી તે આપણને અઘરી અને અશક્ય છે તો પણ :—

૧—શ્રી સતગોરની આરતી

ૐ જયશ્રી સદગુરૂ સ્વામી, પ્રભુ જયશ્રી સદગુરૂ સ્વામી,
ઘટ ઘટ પુરણુ પોતે (૨) સર્વાન્તરયામિ...ૐ જય૦..ટેક૦

દયા સિંધુ સુખરૂપ અનહદ ઉપકારી-સ્વામી અનહદ
શી ઉપમા હું અરપું (૨) જાય મતિ હારી..ૐ..જય-૧

જન્મ મરણુ જલ પુરણુ, સુખેદુઃખે મચ્છ રહ્યા-ગુરૂ સુખે
એવાં ભવથી તાર્યા (૨) ગુણુનવ જાય કહ્યા..ૐ...જય-૨

હવે થયો કૃતકૃત્ય, નિમગ્ન આત્મ પદે-ગુરૂ નિમગ્ન.
સ્વપ્ન તુલ્ય જગ જાણું (૨) બ્રહ્માનંદ પદે..ૐ..જય-૩

વેદ ગુરૂ ઇશ્વરને, પુનઃ પુનઃ પ્રણમું-ગુરૂ પુનઃ
આયુ લગી અનુચર થઇ(૨)હવે તવ ચરણે વિરમુ.ૐજય-૪

એ કરવું છે શકય. અન્ય અશકય ખરું-ગુરૂ અન્ય.
આત્મજ્ઞાન તુલ્યે શું ? (૨) પ્રત્યુપકાર કરુ..ૐ..જય-૫

સમજી રહું છું શાન્ત, આપ કૃપા બળથી-ગુરૂ આપ.
અધિકારીને ઉગાર્યા (૨) તાર્યા ભવજળથી..ૐ..જય-૬

૨—શ્રી જગદીશ્વરની આરતી

ૐ જય જગદીશ હરે, પ્રભુ જય જગદીશ હરે,
ભકત જનોકા સંકટ, ક્ષણમેં દુર કરે...ૐ...ટેક૦

જો ધ્યાવે ફલ પાવે, દુઃખ વિનસે મનકા...પ્રભુ દુઃખ
સુખ સંપત્તિ ઘર આવે (૨) કષ્ટ મિટે તનકા..ૐ જય-૧

માતપિતા તુમ મેરે, શરણ ગહું કિસકી...પ્રભુ શરણ
તુમ બિન ઔર ન દુજા, આશ કરું જીસકી..ૐ જય-૨

તુમ પુરણ પરમાત્મા, તુમ અંતર્યામિ..પ્રભુ તુમ૦
પરિબ્રહ્મ પરમેશ્વર (૨) તુમ સબકે સ્વામી.ૐ..જય-૩

તુમ કરુણા કે સાગર, તુમ પાલન કર્તા..પ્રભુ તુમ૦
મૈં મૂરખ ખલ કામી (૨) કૃપા કરો ભર્તા..ૐ..જય-૪

આપ હો એક અગોચર, સબકે પ્રાણ પતિ..પ્રભુ તુમ સબ૦
કિસ વિધ મિલુ ગુસાઈ (૨) તુમકો મૈં કુમતિ.ૐ.જય-૫

દિન બંધુ દુઃખ હર્તા ઠાકુર તુમ મેરે..પ્રભુ તુમ૦
અપને હાત ઉઠાઓ (૨) દ્વાર પડા હું તેરે..ૐ..જય-૬

વિષય વિકાર મિટાવો, પાપ હરો દેવા..પ્રભુ પાપ૦
શ્રદ્ધા ભકિત બઢાઓ (૨) સન્તનકી સેવા..ૐ..જય-૭

૩-જાહેરદેવની આરતી

જાહેરદેવ જમ્બુ દ્વિપમાં બેઠા,
ભાગ્ય જેહુના જેણે નજરે દીઠા
ખટ દર્શન સાહે સુન પુજાએ,
સતપંથ ધરમકા કોઇ મર્મ નહિ પાયે
હરે હરે આરતિ કીજીએ નિષ્કલંકી તમારી-૧
અનહદ વાજા વાજંત્રી વાજે,
અકળ સ્વરુપ દેખી દુનિયા લાજે
લાજ મત ધરો કોઈ હરીજન,
ભકિત કરો તમે સાચે તન-મન
હરે હરે આરતી કીજીએ નિષ્કલંકી તમારી-૨

સતપંથ ધરમકી રાહ બતાઈ,
તેહત્રીસ કરોડી દેવની હુઇ છે વધાઇ
અથર્વ-વેદનો વારા જો વહે,
દસમે દીન દયાલ પ્રભુ બેઠા જાયે
હરે હરે આરતિ કીજીએ નિષ્કલંકી તમારી-૩

જુગ પરમાણે જાપ શોધીને લઇએ,
તન-મન-ધન ગુરૂ ચરણે દઈએ
કૃતા, ત્રેતા, દ્વાપર, કલજુગ જોયા,
અજપા જાપ બિના મુગતિ ન પાયા,
હરે હરે આરતિ કીજીએ નિષ્કલંકી તમારી-૪

સતગુરૂ શાહા દેવે રાહ બતાઈ,
સતપંથ ધર્મકી હુઇ રે વધાઈ
સાંજ સવેરે તમે જપો મુનિવરભાઈ,
આરતિ નૂરે સતગુરુ એ ગાઇ
હરે હરે આરતિ કીજીએ નિષ્કલંકી તમારી-૫

૪-દશ અવતારની આરતી

જય જયદેવ જય સદગુરુ સ્વામી
મમ ગુરૂ જય સદગુરૂ સ્વામી
આરતી કીજે નકલંક દેવની,
અક્ષય પદ ધામી-જય ટેક
પ્રથમ મચ્છા અવતાર,
માર્યો શંખાસુર પાપી પ્રભુ માર્યો૦
ચાર વેદ લાવીને, (૨) બ્રહ્માને આપી..જય-૧

આઠમે મથુરામાં અવતાર,
ગોવીંદ ગોકુલ ગૌચારી, પ્રભુ ગોવિંદ
ગોપ ગોવાલણુ ટોળે મળીને, (૨)
ગોવરધન ધારી....જય--૮

નવમે બુદ્ધા અવતાર,
ભાર પૃથ્વીભર વાધ્યો, પ્રભુ ભાર
ધ્યાન ધરી ધરણી ધર બેઠા, (૨)
યોગ યુગત સાધ્યો--જય--(૯)

દશમે શ્રી નિકલંકી અવતાર,
પૃથ્વી નકલંકી કરશે, પ્રભુ પૃથ્વી
મલેચ્છને મારીને હરી, (૨)
સુધ સેવકની લેશે--જય--૧૦

દશ અવતારની આરતી
જે કોઇ ગાશે, પ્રભુ જે કોઈ ગાશે.
આરતી બોલ્યા સતગુરૂ બ્રહ્મા, (૨)
મોક્ષ ગતિ થાશે...જય--૧૧

૫—આનંદમંગલની આરતી

આનંદ મંગળ કરુ છું આરતી,
હરી ગુરુ સંતની સેવા.
પ્રેમધરીને મંદીરે પધારજો.
સુંદીર સુખડા લેવા..આનંદ-૧
જેણે આંગણે તુલસીનો કયારો.
અભ્યાગતની સેવા...આનંદ-૨
અડસઠ તીરથ સંતોને ચરણે.
ગંગા જમના રેવા..આનંદ-૩

અધમ ઓધારણુ ભજવલ તારણુ.
કરીએ તમારી સેવા..આનંદ.-૪
સંત મળે તો બહુ સુખ પામું
ગુરૂ મળે તો મીઠા મેવા.આનંદ-૫
કહે પ્રિતમ એવા પ્રભુના પ્રેમી.
હરીના જન હરી જેવા..આનંદ-૬

૬—અન્નદેવની આરતી

જળ થકી ઉપન્યાંતે સંચરાચારી
રસોઇ બનાવે ત્યાં નરનેનારી.
આરતી કીજે અન્નદેવ તમારી-ટેક
જે થકી દેહ બની રે તમારી
તે થકી કાયા ખડી રે અમારી
આરતી કીજે અન્નદેવ તમારી-(૧)
બ્રહ્મા ને વિષ્ણુ મહેશ્વર દેવા.
ઉનકી કરત હૈ સબ કોઈ સેવા
આરતી કીજે અન્નદેવ તમારી-(૨)
સોનાની થાળીને રૂપાની ઝારી
માહે પધારો અન્નદેવ મોરારી
આરતી કીજે અન્નદેવ તમારી-(૩)
નવ નાથને સીદ્ધ ચોર્યાસી.
સુરીનર મુનીવર અન્ન કે આહારી
આરતી કીજે અન્નદેવ તમારી-(૪)

દત્ત ગોરખને નારદમુની.
સુકદેવ જનકદેવ અન્ન કે આહારી
આરતી કીજે અન્નદેવ તમારી-(૫)
પીર પેગંબર બડા મઠધારી.
તેત્રીસ કરોડી દેવ અન્ન કે આહારી
આરતી કીજે અન્નદેવ તમારી-(૬)
જાંબુદ્વિપમાં ઈમામપુર ધામ,
અનંત કરોડી જીવોનાં કરશે કામ
આરતી કીજે અન્નદેવ તમારી-(૭)
આદે ઉનાદથી હુઈ રે વધાઈ
આરે આરતીનૂર સતગોરે ગાઈ
આરતી કીજે અન્નદેવ તમારી-(૮)

૭-ગોર નરની આરતિ

ગોરનરની આરતિ, ને ચમર ઢોળાવ
સ્વામીજીને ચમર ઢોળાય
ચંદનને કેશર કસ્તુરીનો, ચન્દન કેશર૦
ગોર નરને છાટણા છંટાવ, ગોરનર -॥ધ્રુવ૦॥
પહેલા તે ક્રતા યુગ માંહે, સોનાનો છે પાટ.
સ્વામીજીનો સોનાનો છે ઘટ.
સોનાના સિંહાસન ઉપર બેઠા, સોનાના
શ્રી નરસિંહ ભગવાન ગોરનર૦ -૧
ગોર વેદ બ્રહ્માજીની આરતીને. ચમર ઢોળાય
સ્વામીજીને ચમર ઢોળાવ
ચન્દન કેશર કસ્તુરીના, ચંદન કેશર૦

બીજા તે તેત્રા યુગમાંહે સોનાનો છે પાટ.
સ્વામીજીનો રુપાનો છે ઘટ.
રુપાનું સિંહાસન ઉપર બેઠા, રુપાનું૦
શ્રી રામ ચંદ્ર ભગવાન —ગોરનર—૩

ગોરવેદ વચિષ્ઠજીની આરતીને, ચમર ઢોળાય.
સ્વામીજીને ચમર ઢોળાય.
ચન્દન કેશર—કસ્તુરીના, ચન્દન કેશર૦
ગોર નરને છાંટણ છંટાવ —ગોર નર—૪

ચોથા તે દવાપર યુગમાંહે તાંબાનો છે પાટ.
સ્વામીજીનો તાંબાનો છે ઘટ
તાંબાનું સિંહાસન ઉપર બેઠાં, તાંબાનુ૦
શ્રી કૃષ્ણ ચંદ્ર ભગવાન —ગોર નર—૫

ગોર વેદ વ્યાસજીની આરતીને, ચમરઢોળાય.
સ્વામીજીને ચમર ઢોળાય.
ચન્દન—કેશર—કસ્તુરીના, ચન્દન કેશર૦
ગોર નરને છાંટણા છંટાવ —ગોર નર—૬

ચોથા કલીયુગ માંહે. માટીનો છે પાટ
સ્વામીજીનો મટીનો છે ઘટ
માટીનો સિંહાસન ઉપર બેસશે, માટીનુ૦
શ્રી નિષ્કલંકી ભગવાન, ગોર નર—૭

ગોર વેદ હાજરપાત્ર અવતારની આરતીને
ચમર ઢોળાય. સ્વામીજીને ચમર ઢોળાવ
ચન્દન—કેશર—કસ્તુરીનો, ચન્દન કેશર૦
ગોર નરને છાંટણા છંટાવ —ગોરનર—૮

એમ આરતી નુર સતગોર ગાય, નુર સતગોરગાય
સાચા સતપંથ મુનીવરનો, સંતપંથી મુનિવરનો
અમરાપુરમાં વાસો રે થાય —ગોર નર—૯

૮—નિષ્કલંકરૂપની આરતિ

ૐ શ્રી જયદેવ જયદેવ નિષ્કલંકરૂપા નિષ્કલંકરૂપા
મનોભાવે આરતિ ભાવાર્થે આરતિ,
તુજ વિશ્વરૂપા, જયદેવ૦ — ધ્રુવ૦
મચ્છ, કચ્છ, વારાહ, નરસિંહ,
અવતારા, નરસિંહ અવતારા,
દૈત્ય હરણ્યાકશ્યપ દૈત્ય હરણ્યાકશ્યપ,
નખજીને મારા —જયદેવ (૧)
વામન પરશુરામ શ્રી રામ હરી, શ્રી રામ હરી
દૈત્ય દશાશીર, દૈત્ય દશાશીર,
રાવણુલા મારી —જયદેવ (૨)
શ્રી કૃષ્ણ, બૌદ્ધ, ગોવર્ધન ધારી, ગોવર્ધન ધારી
દૈત્ય કંસાસુર, દૈત્ય કંસાસુર,
દુર્યોધનાલા મારી —જયદેવ (૩)
દશમે અવતારી શ્રી નિષ્કલંકી હરી,
શ્રી નિષ્કલંકી હરી
દૈત્ય કાલિંગા વર, દૈત્ય કાલિંગા વર,
કરતીલ સ્વારી — જયદેવ (૪)
સાધુ જન ચેતી, ભક્ત જન ચેતી,
સાધુજન ચેતી, ભકતજન ચેતી,
ઓવાળી વસંભા, ઓવાળી વસંભા
દેવ નિષ્કલંકી હરી — જયદેવ (૫)

૯—મંગલ મૂર્તિની આરતિ

જય મંગલ મૂર્તિ, પ્રભુ જય મંગલ મૂર્તિ
દર્શન માત્ર મન, સ્મરણ માત્ર મન
કામના પુર્તિ, જયદેવ જયદેવ–ધ્રુવ૦ (૧)
સુખ કર્તા, દુઃખહરતા, વાર્તા વિઘનાચી, પ્રભૂ વારતા
નુરવી પુરવી પ્રેમ, નુરવી પુરવી પ્રેમ,
કૃપા જયાચી – જયદેવ (૨)
સર્વાંગે સીન્દુર, ઉટી સિન્દુ રાચી, પ્રભુ ઉટી૦
કંઠે શોભે હાર, કંઠે શોભે હાર,
મુકતા ફળાચા – જયદેવ (૩)
ગજાનન્દાચી આરતિ જો કોણી બોલે, પ્રભુ જો૦
મ્હણે... સ્વામી. મ્હણે સ્વામી
સુખસંપત્ત ભેટે જય (૪)

—:૧૦—થાળ—પ્રસાદી—આમંત્રણા:—

આવો આવોને દીન દયાળ, દુખડા હરવાને.
મેં પ્રેમે પીરસ્યો થાળ, ભોજન કરવાને...(૧)
તમે જગત જીવાડવા નાથ, હેત ધરી આવો.
હું દુર્બળ જોડું હાથ, મુજ મન એ લ્હાયો...(૨)
તમે ભકત તણી સંભાળ, લ્યો છો હું જાણું રે.
છો રંકતણા પ્રતિપાળ, હું શું વખાણું રે...(૩)
તમે ભિલ્લેણ કેરાં બોર, ફરી હેતે લીધાં રે.
ઋષિ કેરાં ઉત્તમ અન્ન, અસીકૃત નહિ કિધાં...(૪)

ામા તણા તન્દુલ, અમૃત સમ ગણીયા.
 રિદ્ધી સિદ્ધિ દીધા અનેક, કંચનઘર ચણીયા(૫)

ુ વિદુરજીને ઘેર, જમી આવ્યા ભાજી.
ધિન કેરા મિષ્ટાન, હરિ કીધાં ત્યાગી....(૬)

ી કરમા બાઇનો ખીચ, જાણું તમે જમીયાં.
મળ ઉપર નહિ ચીત્ત, નિજ જન-મન ગમિયાં.(૭)

ેવા જોઈ એ દૃષ્ટાંત, મુજ મન રાચું છું.
 દુર્બળ કેરુ અન્ન, લે એ યાચું છું....(૮)

ા તો સૂક્ષ્મ છે રે પ્રસાદ, નહિ પડશે ભારી.
ેરો નિજજન કેરી આસ, સુણીલો વિનંતી મારી(૯)

ળ પાત્ર ધર્યો છે પાસ, પાન કરો પ્રિતે.
ળી તાંબૂલનો મુખવાસ, મેલ્યો જગરિતે....(૧૦)

ભુ પ્રિતે કરુ સાષ્ટાંગ, મન માની લેજો.
ભુ જાણી નિજ અંશ, દાન દયાનું દેજો....(૧૧)

શ્રી સતપંથ ધર્મ જિજ્ઞાસુઓ !

સંત તે તમે જાણજો, જે રહિત અભિમાન
હર્ષ, શોક ન સંભવે, દૃષ્ટિ સર્વથી સમાન ॥૧॥
કૃપા કરે તે સર્વ ભૂતને, દ્રોહ ન કરે લગાર ।
ક્ષમા કરે મનને વિશે, ઉચ્ચરે સત્ય સાર ॥૨॥
કામ, ક્રોધ, ન, પર ભવે, તુષ્ણા મદનો ત્યાગ ।
જ્ઞાન-વિજ્ઞાન હૃદે ધરે; ભક્તિયોગ ને વૈરાગ ॥૩॥
બ્રહ્મ સુધારસ અનુભવે, ત્યજે વાદ-વિવાદ ।
સહજ માંહે રમે, સુણે શબ્દ અનાદ ॥૪॥

ॐ નમો જય શ્રી તત્સત્ હરિ ૐ
ધર્મસ્ય તત્વ નિહિત્તમ ગૃહાયામ્
મહાજનો યેન ગતઃ સપંથઃ ।
ઇદિમ્ સત્ય સનાતન આર્ય, પવિત્રોત્તમ્ આદર્શયુક્ત
શ્રી સતપંથ ધર્મ કી જય

આપ શ્રી સંતપંથ ધર્મ જીજ્ઞાસુ બંધુ તથા ભગીનીઓ-એ અથવા ગમે તે માનવ મિત્રોએ આ વર્તમાન શ્રી સંતપંથ સાહિત્ય સંગમ રૂબરૂમાં લેવો હોય અથવા તો વી. પી. થી મંગાવવું હોયતો, મંગાવનારાઓએ અથવા રૂબરુ લેનારાઓએ સાહિત્યની કિંમત તરીકે નહિ, પરંતુ સહકાર સદ્ભાવના સાથે સહાય મદદ તરીકે આપવા નિચેના સરનામા ઉપર લખવું અથવા મળવું ભૂલચુક લેવું દેવું.

આ વર્તમાન સતપંથ સાહિત્ય સંગમ મળવાનું ઠેકાણું

સંતપંથ ધર્મ જીજ્ઞાસુ માન્યવર,
મુખી શ્રી સાહેબ અરજણભાઈ કાનજીભાઈ
મુ. પો. ઓડ, પિરાના રોડ
તા. દસક્રોઈ, વાયા. અસ્લાલી,
ડી. અમદાવાદ. (ગુજરાત)

ગુજરાતી વિભાગ

પાન.	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨	૨૨	કલૈ માસ્મગમઃ	કલૈબ્યં માસ્મગમઃ
૨૫	૨૨	શ્રતિ	શ્રુતિ
૩૩	૨૩	કાઈ કારણ છે	કાંઈ કારણ નથી
૩૩	૨૩	ચંચલ નથી	ચંચલ છે
૩૬	૧૨	મૈયુનનો	મૈથુનનો
૪૬	૨	તર્તમાન	વર્તમાન
૭૩	૧૫	સાતિયાં	સતિયાં
૧૧૩	૨	ઈન્દ્ર ઈમામ૦	ઈન્દ્ર ઈમામ શાહ